અકલંક ગ્રંથમાળા પુષ્પ-૧૮૩

# ઉત્તરાધ્યયન સૂત્રાર્થ ભા-૩



સં. વર્ધમાન તપોનિધિ શ્રુતજ્ઞાનોપાસક પૂ. મુનિ

**શ્રી અકલંક વિજયજી મ. સા.**

અકલંક ગ્રંથમાળા

ઉજમફઈની ધર્મશાળા, વાઘણ પોળ, ઝવેરીવાડ, અમદાવાદ-૧

## છપાયેલ પુસ્તકોની યાદી

### કથાનુયોગ

તીર્થંકરાદિ ચરિત્રો ૨ થી ૬
૨૭ થી ૩૧/૧૩૨/૧૫૭/૧૭૯
૭/૩૨/૭૦ જૈન રામાયણ
૬૭ જૈન મહાભારત
૬૮/૧૭૮ જૈન ઈતિહાસ
૯/૧૭૬ શુકરાજાની કથા
૧૧ અકલંક વિજયજીનુ જીવનચરિત્ર
૭૬ અકલંક આત્મકથા
૧૨ કુમારપાળ ચરિત્ર
૧૫/૧૩૫ નળ દમયંતિ ચરિત્ર
૨૨/૧૬૨ કુલવયમાળા કથા
૨૪ તિલકમંજરી
૨૬ વૈરાગ્યનુ અમૃત સમરાદિત્ય ચરિત્ર
૩૫ શાંબ પ્રદ્યુમ્ન ચરિત્ર
૩૬ વીશસ્થાનકની કથાઓ
૩૮ મયણા શ્રીપાળ
૫૫ જૈનકથાઓ અને સુબોધ કથાઓ
૫૬ સુબોધ કથાઓ અને જૈન દર્શન
૫૯/૬૦ ઉપરિતિ ભવ પ્રપંચા કથા
ભાગ ૧-૨
૭૧/૧૬૫ વસુદેવહિંડ ચરિત્ર
૭૨ સમક્તિ મૂળ બાર વ્રતની કથાઓ
૨૩ સમાયિક પ્રતિક્રમણને અષ્ટ-
કર્મ ઉપરની કથાઓ.
૪૦ મહાબળ મલયાસુંદરી.
૯૬/૧૫૪ જૈન ધર્મનો પરિચય

૧૦૬ બુદ્ધિસાગર સૂરિ જીવન ઝરમર
૧૦૯ ચંદરાજાનું ચરિત્ર
૧૧૯ ઉપાસક દશાંગ
૧૨૧ ઉપદેશ તરંગીણી
૧૨૨ પેથડશા ચરિત્ર
૧૨૪ સાત ભવનો સ્નેહ
૧૨૫ ભીમસેન નૃપચરિત્ર
૧૨૬/૧૫૩ સુર સુંદરી ચરિત્ર
૧૩૧ પ્રભુ શ્રી રાજેન્દ્ર સૂરિ
૧૩૩ અંબડ ચરિત્ર
૧૩૪ રાજકુમારી સુદર્શના ચરિત્ર.
૧૩૭ શ્રીચંદ કેવળી ચરિત્ર
૧૩૮ હેમચન્દ્રાચાર્ય
૧૪૧ આરામ શોભા
જૈનકથાઓ ભા. ૧ થી ૪૦ ૧૭/૧૯
૨૫/૩૭/૪૧ થી ૪૭/૫૨ ૬૪ થી
૬૬/૭૯/૮૦/૮૮ થી ૯૦/૬૯/
૧૦૪/૧૦૭/૧૦૮/૧૧૩/૧૨૩/
૧૨૭ થી ૧૩૦, ૧૪૪ થી ૧૪૭
૧૫૦ થી ૧૫૨ ૧૫૮ થી ૧૬૦
૧૪૨ જ્યોતિષ રત્નાંકર
૧૨૦ જૈન જાગૃતિ
૧૬૧/૧૬૮ ભક્તામરપૂજન વિધિ
૧૭૨ અઠ્ઠાઈ વ્યાખ્યાન
૧૧૨ મેઘમાળા આદિ સંગ્રહ
૧૫૫ સંસ્કૃતસરળ વ્યાકરણ
૧૬૯ ધર્મ મિમાંસા

અકલંક ગ્રંથમાળા પુષ્પ ૧૮૩

# ઉત્તરાધ્યયન સૂત્રાર્થ

## ભાગ ૩

### અધ્યયન ૧૯ થી ૨૮

卐

પ્રકાશક

મુનિમહારાજ શ્રી અકલંક વિ[redacted].,

ઠે. જૈન ઉપાશ્રય, શ્રીમાળી વાગા

મુ. ડભોઈ (જી. વડોદરા)

અકલંક ગ્રન્થમાળા : પુષ્પ ૧૮૩

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્રઃ ભાગ ત્રીજો

# પ્રસ્તાવના

"જિનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે."

卐 卐 卐

'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' ભાગ ૧ તથા ભાગ ૨ અગાઉ બહાર પડી ગયેલા છે: ભાગ પહેલો : પુષ્પ નં. ૧૬૬ માં, અધ્યયનો ૧ થી ૧૦, તથા, ભાગ બીજો : પુષ્પ નં. ૧૮૨ માં, અધ્યયનો ૧ થી ૧૮, અને, આ ભાગ ત્રીજામાં—પુષ્પ નં. ૧૮૩ માં, અધ્યયનો ૧૯ થી ૨૮ આવશે. બાકીના અધ્યયનો ૨૯ થી ૩૬ : ભાગ ચોથામાં છપાશે. ૧ થી ૩૬ અધ્યયનો ચાર પુસ્તકોમાં—આ 'સૂત્ર' પૂર્ણ થશે. બધાં અધ્યયનોના 'ટાઈટલ' ઉપર નજર નાખીએ.

ભાગ ૧ : (૧) વિનય-શ્રુત. (૨) પરિષહ. (૩) ચતુરંગી. (૪) પ્રમાદ-અપ્રમાદ. (૫) અ-કામ-મરણ, (૬) ક્ષુલ્લક, નિર્ગ્રન્થ (૭) ઉરભ્રી. (૮) કપીલ. (૯) નમિ-પ્રવજ્યા. (૧૦) દ્રુમપત્ર.

ભાગ ૨ : (૧૧) બહુશ્રુત પૂજા. (૧૨) હરિકેશી. (૧૩) ચિત્રસંભૂતિ. (૧૪) ઇષુકાર. (૧૫) સભિક્ષુ. (૧૬) બ્રહ્મચર્ય-સમાધિ. (૧૭) પાપ-શ્રમણ, ને (૧૮) સંયતી.

ભાગ ૩ : (૧૯) મૃગાપુત્ર. (૨૦) મહા-નિર્ગ્રંથ. (૨૧) સમુદ્ર પાલ. (૨૨) રથનેમિ. (૨૩) કેશી-ગૌતમ. (૨૪) પ્રવચન માતા. (૨૫) યજ્ઞ (૨૬) સામાચારી (૨૭) ખલુંકા, તથા (૨૮) મોક્ષ-માર્ગ-ગતિ.

ભાગ ૪ : (૨૯) સમ્યક્ત્વ પરાક્રમ. (૩૦) તપો-માર્ગ-ગતિ. (૩૧) ચરણ-વિધિ. (૩૨) પ્રમાદ સ્થાન (૩૩) કર્મ-પ્રકૃતિ. (૩૪) લેશ્યા. (૩૫) અનગાર-માર્ગ-ગતિ, અને, છેલ્લું, (૩૬) જીવ-અજીવ વિભક્તિ.

જેનો જૈન-દર્શનમાં થોડો પણ પ્રવેશ હશે, જેણે પર્વ દિવસોમાં ઉપાશ્રયમાં વ્યાખ્યાનો સાંભળ્યા હશે, તેમને આ નામો વાંચી, મનમાં જાણુપણું લાગશે.

શ્લોકોમાં આપણી શાસ્ત્રીય-લોક ભાષા-માગધી છે. શ્લોકો વાંચશો તો મજા આવશે અને ભાષાંતર વાંચશો તો અર્થ સમજાઈ જશે. સવાલ છે રસ, રુચી, ને, ટેવનો.

મૃગાપુત્ર અધ્યયન ઉપર નજર નાખીએ : આ ચરિત્ર અદ્‌ભુત ચમત્કારિક છે. રાજકુમાર મૃગાપુત્રને જૈન મુનિ (પ્રાયે દિગંબર)ના દર્શન થતાં, જાતિ-સ્મરણ-જ્ઞાન ઉત્પન્ન થાય છે અને માતા-પિતા પાસે ગયા ભવોમાં થયેલા સંસારના દુઃખો વર્ણવી, દીક્ષા લેવાની ઈચ્છા જણાવે

છે : પુત્ર અને માતા–પિતા વચ્ચે, દીક્ષા–તરફી ને દીક્ષા વિરોધી જે દલીલો થાય છે તે આપણા દરેક માટે મનનીય–ચિંતનીય છે.

આ અધ્યયનમાંથી અનેક નમુનાના શ્લોકો જોઈએ–આ લોક–ભાષા એટલી સરળ છે કે સહેજ અભ્યાસથી સમજાઈ જાય : જુઓ શ્લોક નં. ૧૫ :

(૧૫) જમ્મં દુક્ખં, જરા દુક્ખં, રોગાણિ મરણાણિ ય,
અહો દુક્ખો હુ સંસારો, જત્થ કિસંતિ જંતવો.

(૪૪) સો બિન્ત અમ્મા–પિયરો, એવમેવં જહા ફુડં,
• ઇહ લોએ નિપ્પિવાસસ્સ, નત્થિ કિંચિ વિ દુક્કરં.

(૭૩) જારિસા માણુસે લોએ, તાયા દિસંતિ વેયણા,
એ ત્તો અણંત–ગુણિયા, નરએસુ દુક્ખ–વેયણા.

(નોંધ : આ ગ્રન્થમાળાના કોઈ કોઈ પુસ્તકોમાં પ્રુફ–રીડીંગ બરાબર ન થવાથી, ભૂલો હોવાનો સંભવ છે. શુદ્ધિ–પત્રક પણ નથી, છતાં સામાન્ય ભૂલો–સામાન્ય વાચક માટે નગણ્ય છે. વિદ્વાન વાચક સુધારી વાંચશે તેવી વિનંતિ છે.)

નારકીના દુઃખોનું વર્ણન વાંચતાં રૂંવાડા ખડા થઈ જાય–મૃગાપુત્રે અનુભવેલ–કાળજુ કંપાવી નાખે તેવું છે. શાસ્ત્રીય છે. મનુષ્ય લોકની વેદના તો કાંઈ નથી. તેનાથી અનંત ગુણી વેદના નરકના જીવને થાય છે. માટે, વૈરાગ્યમાં જ અભય છે. શ્લોક ૬૬–૬૭–૬૮.

અધ્યયન ૨૦ માં 'અનાથી મુનિ'નું ચરિત્ર છે. અધ્યયન ૧૯ માફક, અહિં શ્રેણિક મહારાજા તથા 'અનાથી' મુનિની, વૈરાગ્ય-વિષયક દલિલો રોચક-મનનીય છે.

(અનાથી-મુનિનું સળંગ ચારિત્ર વાંચવું હોય તો "શ્રીમદ્ રાજચન્દ્ર' મોટા ગ્રન્થમાં, શ્રીમદ્-શૈલીમાં વાંચવું. દરેક સુ-શ્રાવકે આ ગ્રન્થ વસાવી લેવા સાગ્રહ ભલામણ છે. રૂ. ૮૦/ ઉપરાન્તની કિંમતનો ગ્રન્થ ભવ્ય-જીવોને ફક્ત નોમીનલ રૂ. ૧૫/ માં અપાય છે. અહો! ઉદારતા.)

(એક નોંધ : આપણે ત્યાં 'ક્રિયા-રુચી' જીવડા છે-જ્ઞાન-રુચી ઓછા. આ વિષે વિશેષ વર્ણન "શ્રી જૈનતત્વ-પ્રવેશિકા-પુષ્પ ૧૮૭ પ્રસ્તાવનામાં જોવું. જડ અજ્ઞાની કિરિયાથી શું લાભ થાય ? જ્ઞાન-મય ક્રિયાથી જ મોક્ષ-માર્ગ સુલભ થાય. 'પઢમં નાણં, તઓ દયા." પ્રથમ જ્ઞાન, પછી દયા-(અહિંસા). અજ્ઞાનીને જીવ શું, દયા શું, ખબર જ ન પડે, તો તે 'અહિંસા પરમો ધર્મ" કેવી રીતે આચરી શકે ?)

(આ જ્ઞાન-માળામાં જિજ્ઞાસુને પુસ્તકો ફ્રી-ભેટ મળે છે તેથી કિંમત છાપતા નથી, છતાં લાભ લેનારા બહુ ઓછા શ્રાવક-શ્રાવિકાઓ જણાય છે. અન્ય ટ્રસ્ટો ને ફાઉ-ન્ડેશનો પુસ્તક-પ્રકાશન કરે છે ને ઊંચી કિંમતે વેચે છે. મારૂ કરજો-વાણિયા ભાઈ ને વેપાર વિના ચેન પડતું નથી, પછી શ્રેષ્ઠ જૈન દર્શનનો પ્રસાર કેમ થાય ?. વિશ્વમાં ખ્રિસ્તી ધર્મની વસ્તી સૌથી વધુ છે-તેઓ કરોડોના ધર્મ-પુસ્તકો ઘેર ફ્રી મોકલે છે-વિચારવું.)

સુભાષિત જેવા થોડા શ્લોકોના નંબર જણાવીએ છીએ : જિજ્ઞાસુ માટે : નમુના જેવા.

અધ્યયન (૨૦) : શ્લોક ૩૬, ૩૭, (૨૧) શ્લોક ૧, ૧૨, ૨૪.

(૨૨) પ્રભુ નેમિનાથના ભાઈ રથનેમિ–દીક્ષિત છતાં વાસના ગ્રસ્ત – રાજીમતિને નગ્ન જોઈ–રાજીમતિનો ઉપદેશ : રથનેમિ નો પશ્ચાત્તાપ, વગેરે.

શ્લોક ૨૧, ૪૭ થી ૫૧.

(૨૩) શ્રી પાર્શ્વનાથ પ્રભુના વારાના કેશી મુનિ અને મહાવીર પ્રભુના વારાના ગૌત્તમસ્વામી વચ્ચે ધર્મ ચર્ચા થાય છે. વાંચો, કેશીમુનિના શંસયો ગૌતમસ્વામી દૂર કરે છે.

(૨૪) અષ્ટ–પ્રવચન માતા : પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ–વગેરેનું વર્ણન ખાસ સાધુ–સાધ્વી માટે ઇમ્પોર્ટન્ટ.

પ્રસ્તાવના લંબાણુના ભયે અત્રે વિરમીએ છીએ.

વીતરાગોની વાણી એવી અલૌકિક છે કે તે વાંચતા સાંભળતા જિજ્ઞાસુ જીવનો આત્મા અંદરથી તરત જ જવાબ આપે, તેને રૂચિ થાય, વીર–વાણીની યોગ્યતા જણાય, ભાવાર્થ સમજાય તો તેમાં અત્યંત રસ આવે, ઉલ્લાસ વધે, ભાવ, પ્રેમ ઉભરાય, વિચારણા જાગે અને નિત્ય પ્રત્યે વિચારબળ વધે.

'વિચાર દશા જાગૃત થાય તો જ્ઞાનીના એકે એક વાક્યમાં, એક એક શબ્દમાં અનંત આગમ, અનંત આશય સમાયેલા છે તે લક્ષ-ગત થાય, અને, અચિન્ત્ય માહાત્મ્ય સમજાતાં સિદ્ધાન્ત-જ્ઞાન કે સ્વપર વિવેકરૂપ ભેદ-વિજ્ઞાન ભાવના પ્રગટવાનું કારણ થાય; પરિણામે આત્મ-દશા પ્રગટી પરમ-શ્રેયની પ્રાપ્તિ થાય."

જિન-વાણી કેવી છે :

"સકળ-જગત-હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષ-ચારિણી પ્રમાણી છે."

આટલી લાંબી પ્રસ્તાવનાથી, પ્રભુ, જિજ્ઞાસા ઉત્પન્ન થાય તો, પહેલા બે ભાગ ન વાંચ્યા હોય તો, મુનિશ્રી પાસેથી મેળવી, ત્રણે ભાગ વાંચો અને ચોથા ભાગ માટે રાહ જુઓ, ને, સત્સંગ ને સ્વાધ્યાયનો પરમ લાભ મેળવો, ભાગ્યશાળી. એ જ,

સુજ્ઞેષુ કિં બહુના.

લુહારની પોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
૨૦૪૯, અષાઢ સુદિ-૬,
મહાવીર ચ્યવન કલ્યાણક,
તા. ૨૪-૬-૧૯૯૩.

લિ.
સંત સેવક,
પ્રો. કુમુદચંદ્ર ગોકળદાસ શાહ
(જન-નયન)
જય જિનેન્દ્ર.

**અકલંક ગ્રંથમાળાની યોજના નીચે મુજબ છે:**

૧. જ્ઞાનખાતામાંથી ઓછામાં ઓછા પાંચ હજારની રકમ મોકલવાથી એક પુસ્તકની હજાર નકલ આપના સંઘ તરફથી છાપવાનો લાભ મળશે અને જોઈતા પુસ્તકો ભેટ મળશે.

૨. ચતુર્વિધ સંઘમાંથી કોઈપણ વ્યક્તિ રૂ. (૨૦૦૧) આપી પેટ્રન બની શકશે. પેટ્રન બનારનો ફોટો તથા જીવન ઝરમર, છપાતા કોઈ પણ એક પુસ્તકમાં મુકાશે.

૩. રૂ. ૧૦૦૧) આજીવન સભ્યના છે. તેમને દર સાલ છપાતા પુસ્તકો ભેટ મળતા રહેશે, તેમજ હાજર પુસ્તકો ભેટ મળશે.

૪. રૂ. ૫૫૧) પાંચ વર્ષના સભ્યના છે. હાજર પુસ્તકો ભેટ મળશે.

૫. રૂ. ૨૫૧) બે વર્ષના સભ્યના છે. હાજર પુસ્તકો ભેટ મળશે.

૬. રૂ. ૧૫૧) એક વર્ષના સભ્યના છે. હાજર પુસ્તકો ભેટ મળશે.

લિ:-અકલંક ગ્રંથમાળાના ટ્રસ્ટીઓ

# ઓગણીશમું મૃગાપુત્રનું અધ્યયન

સુગ્ગીવે નયરે રમ્મે, કાણુણુજ્જાણુસોહિએ ।
રાયા બલભદ્દિ ત્તિ, મિયા તસ્સગ્ગમાહિસી ॥૧॥

સુગ્રીવનામાનગરને વિષે બળભદ્ર રાજા રાજ્ય કરતો હતો તે નગર રમણીય, મોટા વૃક્ષવાળું વન અને પુષ્પવાળા ઉદ્યાનથી શોભીત હતું. તે રાજાને મૃગા નામની પટ્ટરાણી હતી.

તેસિં પુત્ત બલસિરિ, મિયાપુત્તે ત્તિ વિસ્સુએ ।
અમ્માપિઊણ દઇએ, જુવરાયા દમીસરે ॥૨॥

તેને બલશ્રી નામે પુત્ર હતો. પણ લોકમાં મૃગાપુત્ર નામથી પ્રખ્યાત હતો. તે જીતેન્દ્રિય હોઈ યુવરાજ થએલો હતો.

નંદણે સો ઉ પાસાએ, કીલએ સહ ઇત્થિહિં ।
દેવે દોગુંદગે ચેવ, નિચ્ચં મુઇયમાણસો ॥૩॥
મણિરયણકોટ્ટિમતલે, પાસાયાલોયણટ્ઠિઓ ।
આલોએઇ નગરસ્સ, ચઉક્કત્તિયચચ્ચરે ॥૪॥

તે કુમાર પોતાના નંદન નામના પ્રાસાદમાં સ્ત્રીઓ સહિત નિત્ય મુદિત મનવાળો દોગુંદક દેવની જેમ ક્રીડા કરે છે. એ મણિ તથા રત્નો વડે જડિત ભૂમિતળવાળા પ્રાસાદમાં બેસીને નગરમાં ચકલા તરભેટા અને ચોતરાઓને અવલોકતો હતો.

અહ તત્થ અઇચ્છંતં, પાસઈ સમણસંજયં ।
તવનિયમસંજમધરં, સીલડ્ઢં ગુણઆગરં ॥૫॥

તેવામાં ત્યાં માર્ગમાં થાકયા આવતા તપ નિયમ તથા સંયમને ધારણ કરતા શીલસંપન્ન અને ગુણોની ખાણરૂપ એવા શ્રમણ સંયતને જોયા.

તં દેહઈ મિયાપુત્તે, દિટ્ઠિએ અણિમિસાએ ઉ ।
કહિં મન્નેરિસં રુવં, દિટ્ઠપુવ્વં મએ પુરા ॥૬॥

મૃગાપુત્ર અનિમેષદૃષ્ટિથી તે મુનિને જોઈ રહ્યો. મનમાં વિચાર કર્યો આવું રૂપ મેં કયાંઇ પ્રથમ જોએલું છે એમ તેણે જાણ્યું.

સાહુસ્સ દરિસણે તસ્સ, અજ્ઝવસાણમ્મિ સોહણે ।
મોહંગયસ્સ સંતસ્સ, જાઈસરણં સમુપ્પન્નં ॥૭॥

તે સાધુનાં દર્શન થતાં શુભ અધ્યવસાયમાં મૂર્છાને પામેલા તે મૃગાપુત્રને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું.

જાઈસરણે સમુપ્પન્ને, મિયાપુત્તે મહિડ્ઢિએ ।
સરઈ પોરાણિયં જાઈં, સામણ્ણં ચ પુરા કયં ॥૮॥

જાતિસ્મરણ થયું ત્યારે મોટા ઋદ્ધિવાળા મૃગાપુત્ર પૂર્વભવમાં પાળેલા ચારિત્રનું સ્મરણ કરવા લાગ્યા.

વિસએહિ અરજ્જંતો, રજ્જંતો સંજમમ્મિ ય ।
અમ્માપિયર મુવાગમ્મ, ઇમં વયણમબ્બવી ॥૯॥

મૃગાપુત્ર માતા પિતાની સમીપ આવીને, વિષયોમાં પ્રીતિ વિનાનો માત્ર સંયમમાં જ રંજિત રહેલો આ પ્રમાણે વચન બોલ્યો.

**સુયાણિ મે પંચ મહવ્વયાણિ, નરએસુ દુક્ખં ચ તિરિક્ખજોણિસુ, નિવ્વિણ્ણકામો મિ મહણ્ણવાઓ । અણુજાણહ પવ્વઇસ્સામિ અમ્મો ॥૧૦॥**

મેં પાંચ મહાવ્રત સાંભળ્યા છે, તેમ નરકોને વિષે જે દુઃખ તથા તિર્યંચયોનિમાં જે દુઃખ તે પણ મેં સાંભળેલ છે, આ સંસાર સાગરથી હું નિવૃત્તાભિલાષ થયો છું, હે માતા, મને રજા આપો હું દીક્ષા લઈશ.

**અમ્મ તાય મએ ભોગા ભુત્તા વિસફલોવમા । પચ્છા કડુયવિવાગા, અણુબંધદુહાવહા ॥૧૧॥**

હે માતાપિતા ! વિષફળની જેને ઉપમા અપાય તેવા ભોગો ભોગવ્યા છે જે પાછળથી કડવા વિપાકવાળા હોય છે અને ઉત્તરોત્તર દુઃખને લઇ આવનારા છે.

**ઇમં સરીરં અણિચ્ચં, અસુઈ અસુઇસંભવં । અસાસયાવાસમિણં, દુક્ખકિલેસાણ ભાયણં ।૧૨।**

આ શરીર અનિત્ય છે અપવિત્ર છે. તેમજ અશુચિ જેમાંથી ઉત્પન્ન થાય તેવું છે. વળી અશાશ્વત ગંદા પદાર્થના આવાસરૂપ અને દુઃખ તથા કુલેશનું ભાજન છે.

**અસાસએ સરીરમ્મિ, રઈં નોવલભામહં । પચ્છા પુરા વ ચઇયવ્વે, ફેણબુબ્બુયસન્નિભે ॥૧૩॥**

ભોગ ભોગવ્યા પછી તથા પહેલાં ત્યજવાં યોગ્ય ફીણના પરપોટા સમાન અશાશ્વત એવા શરીરને વિષયે હું પ્રીતિ નથી પામતો.

**માણુસત્તે અસારમ્મિ, વાહીરોગાણ આલએ ।**
**જરામરણઘત્થમ્મિ, ખણં પિ ન રમામહં ॥૧૪॥**

હે માતા પિતા! સાર રહિત વ્યાધિઓનું ઘર જરા મરણથી ગ્રસ્ત એવા મનુષ્યત્વમાં મને એક ક્ષણ પણ ગમતું નથી.

**જમ્મં દુક્ખં જરા દુક્ખં, રોગાણિ મરણાણિ ય ।**
**અહો દુક્ખો હુ સંસારો, જત્થ કીસંતિ જંતવો ॥૧૫॥**

જન્મ, જરા, રોગો અને મરણો દુઃખરૂપ છે. અહો! આ સંસાર દુઃખમય છે, કે જેમાં જીવો ક્લેશ પામ્યા જ કરે છે.

**ખેત્તં વત્થું હિરણ્ણં ચ, પુત્તદારં ચ બંધવા ।**
**ચઇત્તાણ ઇમં દેહં, ગંતવ્વમવસસ્સ મે ॥૧૬॥**

ક્ષેત્ર વાસ્તુ હિરણ્ય પુત્ર સ્ત્રી બાંધવો અને આ દેહને પણ ત્યજીને મારે અવશ્ય જવાનું છે.

**જહા કિંપાગફલાણં, પરિણામો ન સુંદરો ।**
**એવં ભુત્તાણ ભોગાણં, પરિણામો ન સુંદરો ॥૧૭॥**

જેમ વિષફળનું પરિણામ સુંદર ન હોય તેમ ભોગવેલા ભોગોનું પરિણામ સુંદર ન હોય.

અદ્ધાણું જો મહંતં તુ, અપ્પાહેઓ પવજ્જઈ ।
ગચ્છંતો સો દુહી હોઇ, છુહાતણ્હાએ પીડિઓ ॥૧૮॥

જે પુરુષ મોટા માર્ગે ભાતું સાથે લીધા વિના જાય છે. તે માર્ગે જતાં ભુખ–તરસથી પીડાઈને બહુ દુઃખી થાય છે.

એવં ધમ્મં અકાઉણું, જો ગચ્છઇ પરં ભવં ।
ગચ્છંતો સો દુહી હોઇ, વાહીરોગેહિ પીડિઓ ॥૧૯॥

એમ જ ધર્મ કર્યા વિના જે પુરુષ પરભવે જાય છે. તે આધિ–વ્યાધિ રોગો વડે પીડિત થઈ દુઃખી થાય છે.

અદ્ધાણું જો મહંતં તુ, સપાહેઓ પવજ્જઈ ।
ગચ્છંતો સો સુહી હોઈ, છુહાતન્હાવિવજ્જિઓ ॥૨૦॥

જે મોટે માર્ગે ભાતું સાથે લઇને જાય છે તે ક્ષુધાતૃષાથી વિવર્જીત બનીને સુખી થાય છે.

એવં ધમ્મં પિ કાઉણું, જો ગચ્છઇ પરં ભવં ।
ગચ્છંતો સો સુહી હોઇ, અપ્પકમ્મે અવેયણે ॥૨૧॥

એવી જ રીતે ધર્મ પણ કરીને જે પુરૂષ પરભવે જાય છે. તે ધર્મ આરાધક પુરુષ લઘુકર્મી અને અલ્પ અશાતાવેદનીય થઇ સુખી થાય છે.

જહા ગેહે પલિત્તમ્મિ, તસ્સ ગેહસ્સ જો પહૂ ।
સારભંડાણિ નીણેઇ, અસારં અવઉજ્ઝઇ ॥૨૨॥

જે ઘરમાં પલીતો (અગ્નિ) લાગે તે ઘરનો સ્વામી કીંમતી વસ્તુને કાઢી લે છે અને અસારને છોડી દે છે.

એવં લોએ પલિત્તમ્મિ, જરાએ મરણેણ ય ।
અપ્પાણં તારઇસ્સામિ, તુબ્ભેહિં અણુમન્નિઓ ॥૨૩॥

એમ આ લોકમાં પણ જરા મરણાદિ પલીતો લાગ્યો છે, તેમાંથી તમોએ જેને અનુમતિ આપી છે એવો હું મારા આત્માને બળતામાંથી ઉગારીશ.

તં બેંતિ અમ્માપિયરો, સામણ્ણં પુત્ત દુચ્ચરં ।
ગુણાણં તુ સહસ્સાઈં, ધારેયવ્વાઈં ભિક્ખુણો ॥૨૪॥

તે મૃગાપુત્રના માતાપિતા બોલ્યાં, હે પુત્ર! સાધુપણું આચરવું કઠિન છે. ભિક્ષુને તો હજારો ગુણ ધારણ કરવા પડે છે.

સમયા સવ્વભૂએસુ, સત્તુમિત્તેસુ વા જગે ।
પાણાઇપાયવિરઈ, જાવજ્જીવાએ દુક્કરં ॥૨૫॥

સર્વ ભૂતોમાં સમતા, તેમજ જગતમાં શત્રુ અને મિત્રમાં પણ સમતા રાખવી તથા જીવીતપર્યંત હિંસાથી વિરામ પામવું દુષ્કર છે.

નિચ્ચકાલપ્પમત્તેણં, મુસાવાયવિવજ્જણં ।
ભાસિયવ્વં હિયં સચ્ચં, નિચ્ચાઉત્તેણ દુક્કરં ॥૨૬॥

નિશ્ચે સર્વકાળ અપ્રમત્તપણે મૃષાવાદ વર્જવો અને હિત કરે તેવું સત્ય ભાષણ કરવું એ વિષયમાં હમેંશાં તત્પર રહેવું આ સઘળું અતિ દુષ્કર છે.

દંતસોહણુમાઇસ્સ, અદત્તસ્સ વિવજ્જણં ।
અણવજ્જેસણિજ્જસ્સ, ગિણ્હણા અવિ દુક્કરં ॥૨૭॥

દાંત ખોતરવાની સળી જેવું પણ કોઇ આપે નહિ ત્યાં સુધી લેવું નહિ અને નિર્દોષ એષણીય આહારાદિનું ગ્રહણ કરવું એ પણ અતિ દુષ્કળ છે.

વિરઈ અબંભચેરસ્સ, કામભોગરસન્નુણા ।
ઉગ્ગં મહવ્વયં બંભં, ધારેયવ્વં સુદુક્કરં ॥૨૮॥

કામ ભોગના રસને જાણનારે વિષયભોગની વિરતી તથા ઉગ્ર બ્રહ્મચર્ય મહાવ્રતનું ધારણ કરવું દુષ્કર છે.

ધણધન્નપેસવગ્ગેસુ, પરિગ્ગહવિવજ્જણં ।
સવ્વારંભપરિચ્ચાઓ, નિમ્મમત્તં સુદુક્કરં ॥૨૯॥

ધન ધાન્ય તથા નોકરવર્ગમાં પરિગ્રહ છોડી દેવો તથા સર્વ પ્રકારના આરંભનો પરિત્યાગ કરવો અને પ્રમાદ રહિત રહેવું દુષ્કર છે.

ચઉવ્વિહે વિ આહારે, રાઈભોયણવજ્જણા ।
સન્નિહીસંચઓ ચેવ, વજ્જેયવ્વો સદુક્કરં ॥૩૦॥

ચારે પ્રકારના આહારમાં રાત્રીભોજનની વર્જના કરવી તેમ ભેગું કરી રાખવું તથા સંગ્રહ નિશ્ચે વર્જવો તે પણ અતિ દુષ્કર છે.

છુહા તણ્હા ય સીઉણ્હં દંસમસગવેયણા ।
અક્કોસા દુક્ખસેજ્જા ય, તણફાસા જલ્લમેવ ય ॥૩૧॥

ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, ડાંસ, મચ્છરની વેદના, આક્રોશ, સુવાનું કષ્ટ તથા તૃણસ્પર્શ અને મલ પરિષહ આ બધું સાધુએ સહન કરવાનું હોય છે.

તાલણા તજ્જણા ચેવ, વહબંધપરીસહા ।
દુક્ખં ભિક્ખાયરિયા, જાયણા ય અલાભયા ॥૩૨॥

કોઇ તાડના તર્જના કરે તે તથા વધને બંધના પરીષહો સહન કરવાના, વળી દુઃખરૂપ ભિક્ષાચર્યા તથા યાચના કરવી અને લાભ ન થાય એ બધું સહન કરવું દુષ્કર છે.

કાવોયા જા ઇમા વિત્તી, કેસલોઓ ય દારુણો ।
દુક્ખં બંભવ્વયં ઘોરં ધારેઉ ય મહપ્પણો ॥૩૩॥

આજે પારેવાના જેવી વૃત્તિ રાખવી પડે વળી દુઃખદ કેશનો લોચ અને કઠોર બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ એ પણ દુઃખરૂપ છે.

સુહોઇઓ તુમં પુત્તા, સુકુમાલો સુમજ્જિઓ ।
ન હુ સી પભૂ તુમં પુત્તા, સામણ્ણમણુપાલિયા ।૩૪।

હે પુત્ર ! તું સુખ ભોગવવા લાયક સુકુમાર શરીરવાળો તથા સારી રીતે સ્નાન કરનારો છે. તેથી હે પુત્ર ! તું શ્રમણધર્મ પાળવા સમર્થ થઈ શકીશ નહિ.

જાવજ્જીવમવિસ્સામો, ગુણાણં તુ મહબ્ભરો ।
ગુરુ સ લોહભારુ વ્વ, જો પુત્તા હોઇ દુવ્વહો ॥૩૫॥

હે પુત્ર ! જે ગુણોનો મોટો ભાર છે તે લોઢાના ભાર જેવો બોજારૂપ હોઇ વહન કરવો કઠિન છે. તેમાંથી જીવતા સુધીમાં વિસામો મળે તેમ નથી.

આગાસે ગંગસોઉ વ્વ, પડિસોઓ વ્વ દુત્તરો ।
બાહાહિં સાગરો ચેત્ર, તરિયવ્વો ગુણોદહી ॥૩૬॥

આકાશમાં જેવો ગંગાશ્રોત દુસ્તર છે તથા જેમ અન્ય નદીમાં સામે પુરે તરવું દુષ્કર છે. અને બાહુ વડે સાગર તરી જવો દુષ્કર છે તેવો આ ગુણોના સમુદ્રરૂપ સાધુ ધર્મ તરવો અતિ દુષ્કર છે.

વાલુયાકેવલો ચેવ, નિરસ્સાએ ઉ સંજમે ।
અસિધારાગમણં ચેવ, દુક્કરં ચરિઉં તવો ॥૩૭॥

વેળુના કોળીઆ જેવો સંયમ નિઃસ્વાદ છે. અને તલવારની ધાર પર ચાલવા જેવું તપ આચરવું પણ દુષ્કર છે.

અહી વેગંતદિટ્ઠીએ, ચરિત્તે પુત્ત દુક્કરે ।
જવા લોહમયા ચેવ, ચાવેયવ્વા સુદુક્કરં ॥૩૮॥

હે પુત્ર ! દુખે આચરી શકાય તેવા ચારિત્રમાર્ગમાં સર્પની પેઠે એકાગ્રદૃષ્ટિ રાખીને ચાલવાનું છે. આ તપ આચરવું તે લોઢાના ચણા ચાવવા હોય તેના જેવું અતિ દુષ્કર છે.

જહા અગ્ગિસિહા દિત્તા, પાઉં હોઇ સુદુક્કરા ।
તહા દુક્કરં કરેઉં જે, તારુણ્ણે સમણત્તણં ॥૩૯॥

જેવી પ્રદીપ અગ્નિ શિખા પીવી બહુ દુષ્કર હોય છે તેવી જ રીતે યુવાવસ્થામાં જે સાધુપણું પાળવું તે અતિ દુષ્કર છે.

જહા દુક્ખં ભરેઉં જે, હોઇ વાયસ્સ કોત્થલો ।
તહા દુક્ખં કરેઉં જે, કીવેણં સમણત્તણં ॥૪૦॥

જેમ વસ્ત્રના કોથળાને વાયુથી ભરવું દુષ્કર હોય છે તેમ કલીબ પુરુષે ચારિત્ર ગ્રહણ કરવું દુષ્કર છે.

જહા તુલાએ તોલેઉં, દુક્કરો મંદરો ગિરી ।
તહા નિહુયનીસંકં દુક્કરં સમણત્તણં ॥૪૧॥

જેમ મંદર પર્વત તાજવામાં તોળવો દુષ્કર હોય છે તેમ નિશ્ચલપણે તથા નિઃશંકપણે સાધુએ ચારિત્ર પાળવું દુષ્કર છે.

જહા ભુયાહિં તરિઉં દુક્કરં રયણાયરો ।
તહા અણુવસંતેણં, દુક્કરં દમસાગરો ॥૪૨॥

જેમ સમુદ્ર ભુજા વડે તરી જવો દુષ્કર છે તેમ દમરૂપી સાગર અનુપ શાંત પુરૂષે તરવો દુષ્કર છે.

ભુંજ માણુસ્સ ભોગેએ, પંચલક્ખણએ તુમ ।
ભુત્તભોગી તઓ જાયા, પચ્છા ધમ્મં ચરિસ્સસિ ।૪૩।

હે પુત્ર ! તું મનુષ્ય સંબંધી પાંચ પ્રકારના ભોગોને ભોગવ પછી ભુક્ત ભોગી થઇ ધર્મનું આરાધન કરજે.

સો બેઇ અમ્માપિયરો, એવત્તયં જહા ફુડં ।
ઇહલોએ નિપ્પિવાસસ્સ, નત્થિ કિંચિવિ દુક્કરં ॥૪૪॥

હે માતાપિતા ! તમે જેમ સાધુપણું દુષ્કર કહ્યું એમ જ છે પણ તૃષ્ણા રહિત હોય તેને કંઈપણ દુષ્કર નથી.

સારીરમાણસા ચેવ, વેયણાઓ અણંતસો ।
મએ સોઢાઓ ભીમાઓ, અસઈ દુકખભયાણિય ।૪૫।

મેં અનંતવાર શરીરની તથા મનની ભયંકર વેદનાઓ સહી છે. તથા અનેકવાર દુ:ખ, ભય પણ સહન કર્યાં છે.

જરામરણકંતારે, ચાઉરંતે ભયાગરે ।
મએ સોઢાણિ ભીમાણિ, જમ્માઈં મરણાણિ ય ।૪૬।

જરા મરણરૂપી અરણ્ય ચારગતિવાળું છે તથા ભયનું ઘરરૂપ છે જેમાં મેં ભયાનક જન્મમરણો સહન કર્યાં છે.

જહા ઈહં અગણી ઉણ્હો ઈત્તોડણંતગુણે તહિં ।
નરએસુ વેયણા ઉણ્હા, અસ્સાયા વેઇયા મએ ।૪૭।

જેવો અહીં અગ્નિ ઉષ્ણ છે. તેના કરતાં નરકમાં અનંતગણો ઉષ્ણ તથા અશાતા–વેદના મેં અનુભવી છે.

જહા ઈહિં ઈમં સીયં, ઈત્તોડણંતગુણે તહિં ।
નરએસુ વેયણા સીયા, અસ્સાયા વેઈયા મએ ।૪૮।

અહીં જેવી ટાઢ છે, તેના કરતાં નરકમાં અનંતગુણી દુ:ખમય વેદનાઓ મેં અનુભવી છે.

કંદતો કંદુકું ભીસુ, ઉડ્ઢપાઓ અહોસિરો ।
હુયાસણે જલંતમ્મિ, પક્કપુવ્વો અણંતસો ।।૪૯।।

આક્રંદ કરવો, ઉંચા પગને નીચે મસ્તક રહે એવી રીતે લોઢાની કોઠીઓમાં બળતા અગ્નિ ઉપર હું અનંતવાર પૂર્વે પકાયો છું. એ કોઠીઓમાં ઘણો વખત હું રંધાયો છું.

મહાદવગ્ગિસંકાસે, મરુમ્મિ વઇરવાલુએ ।
કલંબવાલુયાએ ય, દડ્ઢપુવ્વો અણંતસો ॥૫૦॥

મોટા દાવાનળ જેવા રેતાળપ્રદેશ કે જેમાં હીરાકણી જેવી વેળુ હોય છે. તેમાં કલંબવાલુકા નદીને કાંઠે હું અનંતવાર ભુંજાયો છું.

રસંતો કંદુકુંભીસુ, ઉડ્ઢં બદ્ધો અબંધવો ।
કરવત્તકરકયાઈહિં, છિન્નપુવ્વો અણંતસો ॥૫૧॥

એ લોઢાની કોઠીઓમાં રાડો પાડતો, બંધુ વિનાનો હું ઉંચે બંધાએલો કરવત તથા કકર વડે અનંતવાર પૂર્વે છેદાયો છું.

અઇતિક્ખકંટગાઇણ્ણે, તુંગે સિંબલિપાયવે ।
ખેવિયં પાસબદ્ધેણં, કડ્ઢોકડ્ઢાહિં દુક્કરં ॥૫૨॥

અતિ તીક્ષ્ણ કંટકોથી વ્યાપ્ત એવા શાલ્મલીના ઉંચા વૃક્ષો પાશથી બાંધીને ફેંકેલા પરમાધામી દેવોથી કરાતી ખેંચતાણ વડે મેં જે કર્મો કરેલા તે દુઃસહ-દુઃખ અનુભવેલ છે.

મહાજંતેસુ ઉચ્છૂ વા, આરસંતો સુભેરવં ।
પીડિઓ મિ સકમ્મેહિં, પાવકમ્મો અણંતસો ।૫૩

મહાજંતેસુ ઉચ્છૂવા, આરસન્તો સુભેખં ।
પીલિઓમિ સકમ્મેહિં, પાવકમ્મો અણંતસો ।૫૩।

ભયંકર ચીસો પાડતો પાપકર્મ કરનાર હું પોતે કરેલા કર્મ વડે અનંતવાર મોટા યંત્રોમાં શેરડીની માફક પીલાયો છું.

કુવંતો કોલસુણએહિં, સામેહિં સબલેહિ ય ।
પાડિઓ ફાલિઓ છિન્નો, વિપ્ફુરંતો અણેગસો ।૫૪।

હું બુમો પાડતો જ હોઉં અને વરાહ તથા કુતરાના રૂપ ધારણ કરનારા શ્યામશબલ પરમાધામી દેવોએ અનેકવાર મને ઉપર પાડયો છે, ફાડયો છે, છેદ્યો છે અને હું તરફડયો છું.

અસીહિ અયસિવણ્ણાહિં, ભલ્લીહિં, પટ્ટિસેહિ ય ।
છિન્નો ભિન્નો વિભિન્નોંય, ઓઇણ્ણો પાવકમ્મુણા ।૫૫।

અરણીના પુષ્પ જેમ શ્યામ વર્ણવાળી તરવારો વડે, ભાલાઓ અને ત્રિશૂળ વડે, હું મારા પાપકર્મો ઉદીર્ણ થવાથી છેદાયો છું, ભેદાયો છું અને ટુકડેટુકડા કરાયો છું.

અવસો લોહરહે જુત્તો, જલંતે સમિલાજુએ ।
ચોઇઓ તુત્તજુત્તેહિં, રોજ્ઝો વા જહ પાડિઓ ।૫૬।

બળતા સમોલ યુક્ત એવા લોઢાના રથમાં મને પરાધીન કરી જોતર્યો છે. જોતરીને આર તથા નાકમાં બાંધેલ રાશ એ બન્ને વડે હંકાતો હું રોઝની પેઠે પાડી નાખી લાકડીઓ તથા લાઠીવતી પછાડાયો છું.

હુયાસણે જલંતમ્મિ, ચિયાસુ મહિસો વિવ ।
દડ્ઢો પક્કો યઅ વસો, પાવકમ્મેહિ પાવિઓ ।૫૭।

પાપકર્મોથી પ્રેરાએલા તથા પરાધીન થએલા મને ચિતાઓમાં પાડાની પેઠે બળતા અગ્નિમાં પકાવ્યો પણ છે.

બલા સંડાસતુંડેહિં, લોહતુંડેહિં પક્ખિહિં ।
વિલુત્તો વિલવંતો હં, ઢંકગિદ્ધેહિ ણંતસો ।૫૮।

સાણસી સમાન મુખવાળા, લોહસદશ ચાંચોવાળા ઢંક તથા ગીધ પક્ષીઓએ વિલાપ કરતા મને બલાત્કારથી અનંતવાર ચુંથ્યા છે.

તણ્હાકિલંતો ધાવંતો, પત્તો વેયરણિં નદિં ।
જલં પાહિં તિ ચિંતંતો, ખુરધારાહિં વિવાઇઓ ।૫૯।

તરસથી અકળાઇને દોડતો વતરણી નદીએ પહોચ્યો ત્યાં જળ પીવું એમ ચિંતન કરૂં છું તેટલામાં ક્ષુર-અસ્ત્રાની ધારો વડે છેદાયો નદીના મોજાં ગળું કાપી નાખે તેવી ધારવાળા પડ્યાં.

ઉણ્હાભિતત્તો સંપત્તો, અસિપત્તં મહાવણં ।
અસિપત્તેહિં પડંતેહિં; છિન્નપુવ્વો અણેગસો ।।૬૦।।
મુગ્ગરેહિં મુસુંઢીહિં, સૂલેહિં મુસલેહિ ય ।
ગયાસં ભગ્ગપત્તેહિં, પત્તં દુક્ખં અણંતસો ।૬૧।

ઉષ્ણ તાપથી તપ્ત થએલ હું છાયાની આશાએ અસિપત્રવૃક્ષ નામના મહાવનમાં ગયો. ત્યાં મારા પર તરવારની ધાર જેવા પાંદડાં પડતાં હું અનેકવાર પૂર્વે છેદાયો.

છું. ગાત્રોને ભાંગી નાખે એવા મુદ્દગરો વડે, શૂલ, મૂશલ વડે બચવાની આશા છોડીને હું બહુ દુઃખ પામ્યો છું.

ખુરેહિં તિક્ખધારેહિં, છુરિયાહિં કપ્પણીહિ ય ।
કપ્પિઓ ફાલિઓ છિન્નો, ઉક્કિત્તો ય અણેગસો ।૬૨

તીક્ષ્ણ ધારવાળા સજાયા, છુરીઓ કાપણીઓ વડે અનેકવાર હું કપાયો છું, ફડાયો છું, છેદાયો છું તથા ચીરી નંખાયો છું.

પાસેહિં કૂડજાલેહિં, મિઓ વા અવસો અહં ।
વાહિઓ બદ્ધરુદ્ધો વા, બહુસો ચેવ વિવાઈઓ ।૬૩।

મૃગની જેમ હું પરાધીન જાળ વડે બંધાયો છું. છેતરાઈને બંધાણો–રૂંધાણો અને મારી નંખાણો છું.

ગલેહિં મગરજાલેહિં, મચ્છો વા અવસો અહં ।
ઉલ્લિઓ ફાલિઓ ગહિઓ, મારિઓ ય અણંતસો ।૬૪।

માછલાં પકડવાના પાસલા વડે મત્સની પેરે ગળે વિંધાયો છું. મગર રૂપધારી પરમાધામીઓએ મને પકડીને ચીર્યો છે, પાડયો છે, કુટયો છે, અનંતવાર માર્યો છે.

વીદંસએહિં જાલેહિં, લેપ્પાહિં સઉણો વિવ ।
ગહિઓ લગ્ગો બદ્ધો ય, મારિઓ ય અણંતસો ।૬૫।

હું પક્ષીની પેઠે સિંચાણા જેવા પક્ષીઓ વડે તેમજ પાશ વડે બલાત્કારથી હું ઝલાઇ ગયો છું. ચોંટી ગયો છું. સીરીષવૃક્ષના ગુંદની જેમ લેપ પ્રક્રિયા વડે ચોટી ગયો છું. દોરીથી પગ તથા ગળામાં બંધાઈને ગતપ્રાણ પણ કરાયો છું.

કુહાડફરસુમાઈહિં, વડ્ઢઈહિં દુમો વિવ ।
કુટ્ટિઓ ફાલિઓ છિન્નો, તચ્છિઓ ય અણંતસો ।૬૬।

ઝાડની પેઠે કુહાડા ફરસી વગેરેથી સુતારોને હાથે અનંત વાર કૂટાયો છું. ફડાયો છું. છેદાયો છું. છોતાયો છું.

ચવેડમુટ્ઠિમાઈહિં, કુમારેહિં અયં પિવ ।
તાડિઓ કુટ્ટિઓ ભિન્નો,ચુણ્ણિઓ ય અણંતસો ।૬૭।

લુહાર જેમ લોહને કૂટે તેમ થપાડ મુકી આદિથી તાડન કરાયો છું, ફૂટાઓ છું, ફેંકાયો-છેદાયો અનંતી વાર ચુર્ણીંલ કરાયો છું.

તત્તાઈં તંબલોહાઈ, તઉયાઈ સીસયાણિ ય ।
પાઇઓ કલકલંતાઇં, આરસંતો સુભેરવં ।૬૮।

તપેલાં તાંબાં. લોઢા, કથીર તથા સીસાં આદિક કકળતાં મને પાયાં છે. હું અતિ ભયાનક રાડો પાડું છતાં મને છણુ-છણુતાં પાયાં છે.

તુહં પિયાઈ મંસાઇં, ખંડાઇં, સોલ્લગાણિ ય ।
ખાવિઓ મિસમંસાઈ, અગ્ગિવણ્ણાઇંડણેગસો ।૬૯।

તને માંસ પ્રિય હતાં એમ કહીને પોતાનાંજ માંસનાં કકડા કરીને, શૂલે પરોવીને પરાણે ખવરાવ્યા છે ભુંજીને બળબળતાં ખવરાવ્યાં છે.

તુહં પિયા સુરા સીહૂ, મેરઓ ય મહૂણિ ય ।
પાઇઓમિ જલંતીઓ,વસાઓ રુહિરાણિ ય ।૭૦।

તને સુરા, મેરય, મધુ પ્રિય હતાં આમ કહી પોતાની જ ચરબી, રૂધિર ઉકાળી મને પીવડાવ્યાં છે.

નિચ્ચં ભીએણ તત્થેણ, દુહિએણ વહિએણ ય ।
પરમા દુહસંબદ્ધા, વેયણા વેઇયા મએ ।૭૧।

મેં નિત્ય બ્હીતા, ત્રાસ પામતા દુખિત તથા વ્યાધિત વેદનાઓ અનુભવી છે.

તિવ્વચંડપ્પગાઢાઓ, ઘોરાઓ અઇદુસ્સહા ।
મહબ્ભયાઓ ભીમાઓ, નરએસુ વેઇયા મએ ।૭૨।

મેં નરકને વિષે ઉગ્ર, ઉત્કટ, ઊંડી પીડા મહાભય જનક યાદ આવતાં કંપી ઉઠે એવી વેદનાઓ જાણી છે અનુભવી છે.

જારિસા માણુસે લોએ, તાયા દીસંતિ વેયણા ।
એત્તો અણંતગુણિયા, નરએસુ દુક્ખવેયણા ।૭૩।

હે તાત ! જેવી આ મનુષ્યને લોકમાં વેદના થાય છે તેનાથી અનંત ગુણી વેદના નરકના જીવને થાય છે.

સવ્વભવેસુ અસ્સાયા, વેયણા વેઇયા મએ ।
નિમિસંતરમિત્તં પિ જં સાતા નત્થિ વેયણા ।૭૪।

મેં સર્વ ભવમાં અશાતા અનુભવી છે. આંખનું મટકું મારવા જેટલી વાર પણ શાતા મળી નથી.

તં બિંતમ્માપિયરો, છંદેણં પુત્ત પવ્વયા ।
નવરં પુણ સામણ્ણે, દુક્ખં નિપ્પડિકમ્મયા ।૭૫।

હે પુત્ર ! તારી પોતાની ઈચ્છા પ્રમાણે દીક્ષા ગ્રહણ કર પણ ચારિત્ર પાલનમાં સાવદ્ય વૈદું કરાશે નહિ. રોગ સહન કરવો પડશે.

સો બિંતડઅમ્માપિયરો, એવમેયં જહા ફુડં ।
પડિકમ્મં કો કુણઇ, અરણ્ણે મિગપક્ખિણં ।૭૬।

હે માતા-પિતા ! જંગલમાં રહેલા મૃગ અને પક્ષીઓ વ્યાધિથી પીડાતાં હોય ત્યાં તેનાં ઔષધોપચાર કોણ કરે છે ?

એગબ્ભૂઓ અરણ્ણે વ, જહા ઉ ચરઈ મિગો ।।
એવં ધમ્મં ચરિસ્સામિ, સંજમેણ તવેણ ય ।૭૭।

હે માતા-પિતા ! જેમ અરણ્યમાં મૃગ એકલો રહી ચરે છે. તેમ સંયમ અને તપ વડે ધર્માચરણ કરતો હું એકલો વિચરીશ.

જયા મિગસ્સ આયંકો, મહારણ્ણમ્મિ જાયઈ ।
અચ્છંતં રુક્ખમૂલમ્મિ, કો ણં તાહે તિગિચ્છઈ ।૭૮।
કો વા સે ઓસહં દેઈ, કો વા સે પુચ્છઈ સુહં ।
કો સે ભત્તં ચ પાણં વા, આહરિત્તુ પણામઈ ।૭૯।

જ્યારે મૃગને રોગ થાય છે ત્યારે વૃક્ષના મૂળમાં પડેલા તે મૃગની કોણ ચિકિત્સા કરે છે ? કોઇ તેની સેવા કરતું નથી. તેને ઔષધ કોણ આપે ? સુખશાતા કોણ પૂછે ભાતું પાણી કોણ આપે છે.

જયા ય સે સુહી હોઇ, તયા ગચ્છઈ ગોયરં ।
ભત્તપાણસ્સ અટ્ઠાએ, વલ્લરાણિ સરાણિ ય ।૮૦।

જ્યારે તે મૃગ સુખી રોગમુક્ત હોય છે ત્યારે તો ખાવાને સ્થાને જાય છે. લીલાં સ્થળો અને સરોવરો શોધી લે છે. તેમ અમે કરશું.

ખાઇત્તા પાણિયં પાઉં, વલ્લરેહિં સરેહિ ય ।
મિગચારિયં ચરિત્તાણં, ગચ્છઈ મિગચારિયં ।૮૧।

હે માતાપિતા! તે મૃગ રોગ રહિત મૃગ ચર્ચા ચરવા, પાણી પીવાના સ્થળે ઠેકડા મારતા ખાઈ પીને ફરતા ફરે છે.

એવં સમુટ્ઠિએ ભિક્ખૂ, એવમેવ અણેગએ ।
મિગચારિયં ચરિત્તાણં, ઉડ્ઢં પક્કમઈ દિસિં ।૮૨।

એ પ્રમાણે ક્રિયાનુષ્ઠાનમાં ઉદ્યુક્ત રહેનાર ભિક્ષુ મૃગની જેમ અનિયમિત સ્થિતિવાળા રહી પછી ઉર્ધ્વ દિશાએ સ્થિત થશે.

જહામિએ એગ અણેગચારી, અણેગવાસે ધુવગોયરે ય।
એવં મુણી ગોયરિયં પવિટ્ઠે, નો હીલએ નો વિ
ય ખિંસઇજ્જા ।૮૩।

જેમ મૃગ એકલો અનેક સ્થળે ફરતો અનેક સ્થાનોમાં વાસ કરતા નિશ્ચિત ગોચરવાળો હોય છે તેવી જ રીતે મુનિ પણ ગોચરીમાં પ્રવિષ્ટ થઈ કોઇની હીલના કરે નહિ કે કોઈના તરફ રોષ ન લાવે.

મિગચારિયં ચરિસ્સામિ, એવં પુત્તા જહાસુહં ।
અમ્માપિઉહિં ણુન્નાઓ, જહાઇ ઉવહિં તઓ ।૮૪।

મૃગચર્યા આચરીશ. એમ મૃગાપુત્રે કહ્યું ત્યારે મા—બાપે કહ્યું કે હે પુત્ર! ભલે તને જેમ સુખ ઉપજે તેમ કર. એમ માબાપે રજા આપી તે પછી તેણે પરિગ્રહનો ત્યાગ કર્યો.

મિયચારિયં ચરિસ્સામિ, સવ્વદુક્ખવિમોક્ખણિં ।
તુબ્ભેહિં અબ્ભણુન્નાઓ, ગચ્છ પુત્ત જહાસુહં ।૮૫।

મૃગાપુત્રે કહ્યુ તમે રજા આપી એટલે હું સર્વ પ્રકારના વિપત્તિને મુકાવનારી મૃગચર્યા આચરીશ. માતા-પિતાએ કહ્યુ કે તને જેમ સુખ ઉપજે તેમ કર. એટલે દીક્ષા લેવા રજા આપી.

એવં સો અમ્માપિયરો, અણુમાણિત્તાણ બહુવિહં ।
મમત્તં છિંદઈ તાહે, મહાનાગો વ્વ કંચુકં ।૮૬।

તે મૃગાપુત્રે માતાપિતાની આજ્ઞા લઈ જેમ મોટો નાગ કાંચળીને છોડે તેમ બહુ પ્રકારના મમત્વને છેદ્યું ધનકણ-કંચણ સર્વે ત્યજ્યું.

ઇડ્ઢી વિત્તં ચ મિત્તે ય, પુત્તદારં ચ નાયઓ ।
રેણુયં વ પડે લગ્ગં, નિદ્ધુણિત્તાણ નિગ્ગઓ ।૮૭।

ઋદ્ધિ,વિત્ત, મિત્ર, સ્ત્રી, જ્ઞાતિ આ સર્વ રજની જેમ ખંખેરી નાંખી છોડી દઈને નિશ્ચયથી મૃગાપુત્ર ઘરની બહાર નિકળ્યા.

પંચમહવ્વયજુત્તો, પંચહિ સમિઓ તિગુત્તિગુત્તો ય ।
સબ્ભિતરબાહિરિએ, તવોવહાણંમિ ઉજ્જુત્તો ।૮૮।

પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈ બાહ્ય અભ્યંતર તપમાં તે મૃગાપુત્ર ઉદ્યુક્ત થયો.

નિમ્મમો નિરહંકારો, નિસ્સંગો ચત્તગારવો ।
સમો ય સવ્વભૂએસુ, તસેસુ થાવરેસુ ય ।૮૯।

મમતા અહંકાર રહિત સંગરહિત, ગારવરહિત, ત્રસ-સ્થાવર જીવને વિષે સમ પરિણામવાળો થયો.

લાભાલાભે સુહે દુક્ખે, જીવિએ મરણે તહા ।
સમો નિંદાપસંસાસુ, તહા માણાવમાણઓ ૧૯૦ા

તે મૃગાપુત્ર લાભ-અલાભ, સુખ-દુઃખ, જીવિત મરણ, નિંદા-પ્રશંસા, માન અને અપમાનમાં સમાન થયો.

ગારવેસું, કસાએસું દંડસલ્લભએસુ ય ।
નિયત્તો હાસસોગાઓ, અનિયાણો અબંધણો ૧૯૧ા

ગારવોથી, કષાયોથી દંડ, સલ્ય તથા ભયથી અને હાસ્ય શોકથી નિવૃત્ત થઈ નિયાણા વગરનો તેમજ કોઈ પણ બંધનથી નિવૃત્ત થયો.

અણિસ્સિઓ ઈહિં લોએ, પરલોએ અણિસ્સિતો ।
વાસીચંદણકપ્પો ય, અસણે અણસણે તહા ૧૯૨ા

આલોકમાં કોઈનો આશ્રય ન ઇચ્છનારો પર લોકમાં પણ અસહાય થયો વાંસલોને ચંદન બેમાં તુલ્ય બુદ્ધિ વાળો તથા અશન અને અનશનમાં સમભાવવાળો થયો.

અપ્પસત્થેહિં દારેહિં, સવ્વઓ પિહિયાસવે ।
અજ્ઝપ્પજ્ઝાણજોગેહિં, પસત્થદમસાસણે ૧૯૩ા

અપ્રશસ્ત હિંસાદિકથી નિવૃત્ત થયા ચારે કોરથી પાપ કર્મના વેપાર જેણે રોકયા છે. એવા અધ્યાત્મધ્યાન યોગ વડે પ્રશસ્ત છે દમ ઉપશમ તથા શાસન શ્રુત જ્ઞાન વાળા થયા, ઇન્દ્રિયનો જય કરી શાસનના અનુરાગી થયા.

એવં નાણેણ ચરણેણ, દંસણેણ તવેણ ય ।
ભાવણાહિ ય સુદ્ધાહિં, સમ્મં ભાવેત્તુ અપ્પયં ।૯૪।
બહુયાણિ ઉ વાસાણિ, સામણ્ણમણુપાલિયા ।
માસિએણ ઉ ભત્તેણ, સિદ્ધિં પત્તો અણુત્તરં ।૯૫।

એવી જ રીતે જ્ઞાન, ચારિત્રદર્શન તપ વડે કરી શુદ્ધ ભાવનાઓ વડે આત્માને શમ્યક પ્રકારે ભાવિત કરી ઘણાં વર્ષો સુધી સાધુધર્મ પાળી એકમાસના અનશન વડે સિદ્ધિને પામ્યા.

એવં કરંતિ સંબુદ્ધા, પંડિયા પવિણકૂખણા ।
વિણિઅટ્ટંતિ ભોગેસુ, મિયાપુત્તે જહામિસી ।૯૬।

આવી રીતે જ્ઞાન તત્ત્વ તથા વિવેક બુદ્ધિમાન વિચક્ષણ પુરુષો ભોગોથી વિનિવૃત્ત થાય છે જેવી રીતે મૃગાપુત્ર થયા તેમ ચારિત્રવાન થાય છે.

મહાપભાવસ્સ મહાજસસ્સ, મિયાઇ પુત્તસ્સ નિસમ્મ ભાસિયં ।
તવપ્પહાણં ચરિયં ચ ઉત્તમં, ગઇપ્પહાણં ચ તિલોગવિસ્સુતં ।૯૭।
વિયાણિયા દુકૂખવિવદ્ધણં ધણં, મમત્તબંધં ચ મહાભયાવહં ।
સુહાવહં ધમ્મધુરં અણુત્તરં, ધારેજ્જ નિવ્વાણ-ગુણાવહં મહંત્તિબેમિ ।૯૮।

મોટા પ્રભાવવાળા તથા મહાયશવાળા મૃગાપુત્રનું

ભાષિત સાંભળીને તેમજ તપ પ્રધાન ઉત્તમ ચારિત્ર અને ત્રણ લોક વિદિત્ત એવી મોક્ષ જેવી પ્રધાન ગતિ સાંભળીને વળી ધન દુઃખને વધારનારું છે તથા જગતમાં મમત્વનું બંધન મોટા ભયને લાવી આપનાર છે એમ જાણીને જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નત્રયીની પ્રાપ્તિ કરાવે એવી ધર્મરૂપી ધુરાને ધારણ કરે છે.

# શ્રી મહાનિર્ગ્રંથીયાધ્યયન-૨૦

**સિદ્ધાણ નમોકિચ્ચા, સંજયાણં ચ ભાવઓ ।**
**અત્થધમ્મગતિં તચ્ચં, અણુસિટ્ઠિં સુણેહ મે ।૧।**

તીર્થંકર સિદ્ધ આદિ સર્વસિદ્ધોને અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુ રૂપ સર્વ સંયતોને ભાવ-ભક્તિથી નમસ્કાર કરીને, અવિપરીત અર્થવાળી અને હિતાર્થીઓથી પ્રાર્થના યોગ્ય એવા ધર્મના જ્ઞાનવાળી, મારાવડે કહેવાતી શિક્ષાને સાવધાન બની સાંભળો ! ૧

**પભૂયરયણો રાયા, સેણિઓ મગહાહિવો ।**
**વિહારજત્તં નિજ્જાઓ, મણ્ડિકુચ્છિસિ ચેઇએ ।૨।**

વૈડૂર્ય વગેરે અથવા હાથી-ઘોડા આદિ રૂપ ઘણા રત્નોવાળા મગધાધિપતિ શ્રેણિક રાજા ક્રીડા માટે ઘોડા વહાવવા વગેરે રૂપ વિહારયાત્રા દ્વારા નગરમાંથી નીકળી મંડિતકુક્ષિ નામના ઉદ્યાનમાં આવ્યો. ૨

**નાણાદુમલયાઇણ્ણં, નાણાપક્ખિનિસેવિણ્ણં ।**
**નાણાકુસુમસંછન્નં, ઉજ્જાણં નંદણોવમં ।૩।**

**તત્થ સો પાસઈ સાહું, સંજયં સુસમાહિયં ।**
**નિસન્નં રુક્ખમૂલમ્મિ, સુકુમાલં સુહોઇયં ।૪।**

આ મંડિતકુક્ષિ ઉદ્યાન અનેક વૃક્ષો અને લતાઓથી અલંકૃત, અનેક પક્ષીઓથી સેવિત અને અનેક પુષ્પોથી વિભૂષિત નંદનવન સરખું છે. ત્યાં તે રાજા વૃક્ષમૂલમાં બેઠેલા સુકોમલ, સુખયોગ્ય અને સુસમાધિવાળા સાધુને દેખે છે. ૩-૪

**તસ્સ રુવં તુ પાસિત્તા, રાઇણો તમ્મિ સંજએ ।**
**અચ્ચંતપરમો આસી, અઉલો રુવવિમ્હઓ ।૫।**

તે સાધુના વિષે રૂપને જોઈ, તે રાજાને અત્યંત પ્રધાન મહાન રૂપનો વિસ્મય થયો. ૫

**અહો! વણ્ણો અહો! રુવં, અહો! અજ્જસ્સ સોમયા,**
**અહો! ખંતી અહો! મુત્તિ, અહો! ભોગે અસંગતા ૬**

અરે, આ મુનિનો ગૌર વગેરે વર્ણ કોઇ અપૂર્વ છે! અરે, આકાર-રૂપ કોઈ અલૌકિક છે! અરે, જોનારને આનંદ આપનારી ચંદ્રની જેમ સૌમ્યતા કોઈ અદ્ભુત છે! અરે, ક્ષમા કોઇ ચમત્કારી છે! અરે, સંતોષ તો કોઈ ગજબનો છે! અરે. નિઃસ્પૃહતા તો કોઇ અજોડછે! ૬

**તસ્સ પાએ ઉ વન્દિત્તા, કાઊણ ય પયાહિણં ।**
**નાઇદૂરમણાસન્ને, પંજલી પડિપુચ્છતી ।૭।**

તે મુનિરાજના ચરણારવિંદમાં વંદના કરી અને પ્રદક્ષિણા આપી, મહારાજથી બહુ નજીક કે દૂર નહિ તેવી રીતિએ બેઠક લઈ, તેમજ સવિનય બે હાથ જોડી શ્રેણિક રાજા પ્રશ્નો પૂછે છે. ૭

**તરુણોસિ અજ્જો ! પવ્વઇઓ, ભોગકાલમ્મિ સંજયા !**
**ઉવટ્ઠિઓ સિ સામણ્ણે, એઅમટ્ઠં સુણામિ તા ॥૮॥**

હે આર્ય ! આપ તરૂણ–યુવાન છો ! ભોગના કાળમાં આપ પ્રવ્રજિત થઈ સાધુ બની જે હેતુથી શ્રમણ-પણામાં ઉદ્યમશીલ બન્યા છો, તે હેતુને હું આપની પાસેથી સાંભળવા ઈચ્છું છું, તો આપ તે હેતુ દર્શાવો ! ૮

**અણાહો મિ મહારાય, નાહો મજ્ઝ ન વિજ્જઇ ।**
**અણુકમ્પયં સુહિં વાવિ, કંચી નાભિસમેમહં ॥૯॥**

મુનિશ્રી જવાબ આપે છે કે–હે રાજન્ ! હું અનાથ છું, કેમકે–યોગ-ક્ષેમકારી નાથ મને કોઈ મળ્યો નથી તથા કોઈ દયા કરનાર કે કોઇ મિત્રને હું મેળવી શક્યો નથી. આ કારણસર યુવાવસ્થામાં પણ હું સંયમી બન્યો છું. ૯

**તઓ સો પહસિઓ રાયા, સેણિઓ મગહાવિઓ ।**
**એવં તે ઇડ્ઢિમંતસ્સ, કહં નાહો ન વિજ્જઇ ॥૧૦॥**

આ પ્રમાણે ચમત્કારી વર્ણ વગેરેથી સંપત્તિશાલી એવા આપને નાથ કેમ ન હોય ? એમ વિચારી, મગધ મહારાજા શ્રેણિક અનાથતાનો હેતુ સાંભળી હસી પડ્યા. ૧૦

**હોમિ નાહો ભયંતાણં, ભોગે ભુંજાહિ સંજયા ।**
**મિત્તનાઈ પરિવુડો, માણુસ્સં ખુ સુદુલ્લહં ॥૧૧॥**

શ્રેણિક રાજા આ હેતુ સાંભળી કહે છે કે– હે આર્ય ! જો આમ જ છે, તો આપનો નાથ બનવા હું તૈયાર છું. અને જો હું નાથ બનું તો તેમને મિત્ર–જ્ઞાતિ-ભોગ આદિ સુલભ છે એમ માની, રાજા કહે છે કે–હે

સંયત! આપ મિત્ર. જ્ઞાતિ વગેરેથી પરિવરેલ ભોગોને ભોગવો! કેમ કે—મનુષ્યજન્મ અત્યંત દુર્લભ છે. ૧૧

અપ્પણાવિ અણાહોસિ, સેણિયા મગહાહિવા ।
અપ્પણા અણાહો સંતો, કહં મે નાહો ભવિસ્સસિ ।૧૨

હે મગધપતિ શ્રેણિક રાજન્! તું પોતેજ અનાથ છે. જે સ્વયં અનાથ હોય, તે મારો નાથ કેવી રીતિએ બની શકે? ૧૨

એવં વુત્તો નરિંદો સો, સુસંભંતો સુવિમ્હિઓ ।
વયણં અસ્સુયપુવ્વં, સાહુણા વિમ્હયન્નિઓ ।૧૩।

જો કે શ્રેણિક રાજા પહેલાં રૂપ વગેરે વિષયથી વિસ્મયવાળો હતો, પણ જ્યારે આ પ્રમાણે કદી નહિ સાંભળેલા મુનિના વચન સાંભળીને તે અત્યંત આશ્ચર્ય ચકિત અને અત્યંત સંભ્રમ—આવેગવાળો બની નીચેની બાબત કહે છે. ૧૩

અસ્સા હત્થી મણુસ્સા મે, પુરં અંતેઉરં ચ મે ।
ભુંજામિ માણુસે ભોએ, આણા ઇસ્સરિયં ચ મે ।૧૪।

હે આર્ય! મારી પાસે ઘોડા, હાથી, પુર અને અંતેઉર છે. હું મનુષ્ય યોગ્ય ભોગોને ભોગવું છું. મારી પાસે અસ્ખલિત શાસન રૂપ આજ્ઞા અને સમૃદ્ધિ કે પ્રભુતા રૂપ ઐશ્વર્ય છે. ૧૪

એરિસે સંપયગ્ગમ્મિ, સવ્વકામસમપ્પિએ ।
કહં અણાહો ભવઈ, મા હુ ભંતે મુસં વએ ।૧૫।

હે આર્ય! આવો મારી પાસે સંપદાનો ઉત્કર્ષ

અને સકલ કામનાઓને પૂરી કરનારો હોઈ હું અનાથ કેમ થાઉં ? કેમ કે-જેની પાસે કાંઈ ન હોય તે અનાથ કહેવાય, પરન્તુ સર્વાંગીણ સંપદાનો નાથ હું અનાથ નથી. આથી હે આર્ય ! અસત્ય ન બોલવું જોઇએ. ૧૫

ન તુમં જાણે અણાહસ્સ, અત્થ પોત્થં ચ પત્થિવા ।
જહા અણાહો ભવઈ, સણાહો વા નરાહિવા ।૧૬।

હે રાજન્ ! અનાથ શબ્દના અર્થને તેમજ કયા અભિપ્રાયથી મેં અનાથ શબ્દ વાપર્યો છે, એના મૂલની ઉત્પત્તિ રૂપ પ્રોત્થાને તમે જાણતા નથી. આથી જે પ્રકારે અનાથ કે સનાથ થાય છે, તે પ્રકાર તમે જાણતા નથી. ૧૬

સુણેહ મે મહારાય, અવ્વક્ખિત્તેણ ચેયસા ।
જહા અણાહો ભવઈ, જહા મે અ પવત્તિયં ।૧૭।

હે મહારાજ ! ચિત્તના વિક્ષેપ વગર સાવધાન થઈને, જે પ્રકારે અનાથ શબ્દથી વાચ્યપુરુષ બને છે અને 'મારું અનાથપણું મેં કહ્યું,' તે વિષયને તમે સાંભળો ! ૧૭

કોસંબી નામ નયરી, પુરાણ પુરભેયિણી ।
તત્થ આસી પિયા મજ્ઝં, પભૂયધણસંચઓ ।૧૮।

પોતાના ગુણો વડે જુના નગરોથી ચઢીયાતી જુદી ભાત પાડનારી કૌશંબી નામની નગરી છે. ત્યાં મારા પિતા ઘણા જ ધનના સંગ્રહવાળા હતા. ૧૮

પઢમે વએ મહારાય અઉલા મે અચ્છિવેયણા ।
અહોત્થા વિઉલો દાહો, સવ્વંગત્તેસુ ય પત્થિવા ।૧૯।

હે મહારાજ ! યુવાનીમાં મને નેત્રમાં અતુલ વેદના

ઉત્પન્ન થઈ અને રાજન્! સર્વ શરીરના અવયવોમાં વિપુલ દાહ પેદા થયો. ૧૯

**સત્થં જહા પરમતિક્ખં, સરીરવિવરંતરે ।**
**આવીલિજ્જ અરી કુદ્ધો, એવં મે અચ્છિવેયણા ।૨૦।**

જેમ કોપાયમાન શત્રુ કાન નાક વગેરેના અંદરના ભાગમાં પરમ તીક્ષ્ણ શસ્ત્ર ચલાવે અને જે પીડા થાય તેવી મારી નેત્રવેદના હતી. ૨૦

**તિયં મે અંતરિચ્છં ચ, ઉત્તમંગં ચ પીડઈ ।**
**ઈંદાસણિસમા ઘોરા, વેયણા પરમદારુણા ।૨૧।**

અત્યંત દાહને ઉત્પન્ન કરનાર હોઇ ઈન્દ્રના વજ્ર સમાન અને ઘોર–પરમ દુઃખજનક વેદના, કેડના બહારના અને અંદરના ભાગના મધ્યમાં, વક્ષઃસ્થલમાં અને મસ્તકમાં બાધા–દુઃખ પહોંચાડનાર હતી. ૨૧

**ઉવટ્ઠિયા મે આયરિયા, વિજ્જામંતચિગિચ્છગા ।**
**અધિયા સત્થકુસલા, મંતમૂલવિસારયા ।૨૨।**

મારી વેદનાના પ્રતિકાર માટે, મંત્ર અને મૂલમાં વિશારદ, શાસ્ત્રકુશલ અને અજોડ વિદ્યા અને મંત્રથી ચિકિત્સા કરનારા પ્રાણાચાર્યો–વૈદરાજો ઉદ્યમ કરનારા થયા. ૨૨

**તે મે તિગિચ્છં કુવ્વંતિ, ચાઉપ્પાયં જહાહિયં ।**
**ન ય દુક્ખા વિમોયંતિ, એસા મજ્ઝ અણાહયા ।૨૩।**

વૈદ્ય, ઔષધ, રોગી અને માવજત કરનાર–પ્રતિચારક, એમ ચાર વિભાગવાળી મારા રોગની ચિકિત્સાને હિત કે શાસ્ત્રકથનને અપેક્ષી વૈદ્યરાજો કરે છે. તો પણ તે

વૈદ્યરાજો મને દુઃખથી છોડાવી શકયા નહિ. આ મારી પહેલી અનાથતા છે. ૨૩

પિયા મે સવ્વસારં પિ, દિજ્જા હિ મમ કારણા ।
ન ય દુક્ખા વિમોયન્તિ, એસા મજ્ઝ અણાહયા ।૨૪।

મારા પિતાએ મારા કારણે સર્વપ્રધાન વસ્તુ રૂપ સર્વ સારને આપવાની તૈયારી કરી, તો પણ મને દુઃખથી પિતાજી પણ છોડાવી શકયા નહિ. આ મારી અનાથતા હતી. ૨૪

માયા વિ મે મહારાય, પુત્તસોગદુહટ્ટિયા ।
ન ય દુક્ખા વિમોએન્તિ, એસા મજ્ઝ અણાહયા ।૨૫।

હે મહારાજ ! પુત્રદુઃખથી શોકાર્ત બનેલી મારી માતા પણ મને દુઃખથી મૂકાવી શકી નહિ. એ જ મારી અનાથતા હતી. ૨૫

ભાયરો મે મહારાય, સગા જેટ્ઠકણિટ્ઠગા ।
ન ય દુક્ખા વિમોયંતિ, એસા મજ્ઝ અણાહયા ।૨૬।

હે મહારાજ! મારા સગા નાનામોટા ભાઇઓ પણ મને દુઃખથી છોડાવી શક્યા નહિ. એ મારી અના-થતા હતી. ૨૬

ભઇણીઓ મે મહારાય, સગા જેટ્ઠકણિટ્ઠગા ।
ન ય દુક્ખા વિમોયંતિ, એસા મજ્ઝ અણાહયા ।૨૭।

હે મહારાજ ! મારી સગી નાનીમોટી બહેનો પણ મને દુઃખથી છોડાવી શકી નહિ. એ મારી અનાથતા જાણો. ૨૭

ભારિયા મે મહારાય અણુરત્તા અણુવ્વયા ।
અંસુપુણ્ણેહિં નયણેહિં, ઉરં મે પરિસિંચઇ ।૨૮।

હે મહારાજ! અનુરાગવાળી પતિવ્રતા એવી મારી

સ્ત્રીઓ તો આંસુભીની આંખોથી મારા વક્ષઃસ્થલને સિંચનારી બની હતી. એ મારી અનાથતા હતી. ૨૮

**અન્નં પાણં ચ ણ્હાણં ચ ગંધમલ્લવિલેવણં ।**
**મએ નાયમનાયં વા, સા બાલા નોવ ભુંજઇ ।૨૯।**
**ખણં પિ મે મહારાય, પાસાઓ મે ન ફિટ્ટઈ ।**
**ન ય દુક્ખા વિમોએઈ, એસા મજ્ઝ અણાહયા ।૩૦।**

વળી અન્ન, પાણી, સ્નાન, ખુશબોદાર પુષ્પમાલા, વિલેપન વગેરે મારા દેખતાં કે નહિ દેખતાં મારી સ્ત્રીઓએ વાપર્યાં નહિ; એટલું જ નહિ પણ સ્ત્રીઓ મારી પાસેથી દૂર જતી નહિ, તો પણ તે મારી સ્ત્રીઓ મને દુઃખમાંથી છોડાવવા શક્તિશાળી બની નહિ. એ જ મારી અનાથતા હતી. ૨૯–૩૦

**તઓ હં એવમાહંસુ, દુક્ખમા હુ પુણો પુણો ।**
**વેયણા અણુભવિઉ જે, સંસારમ્મિ અણંતએ ।૩૧।**

રોગની અશક્યતા બાદ હું આગળ ઉપર કહેવાતા પ્રકારથી, મારો નિર્ણય જણાવતાં પહેલાં કહું છું કે–'આ અનંત સંસારમાં વારંવાર વેદનાઓ અનુભવવી દુઃસહ છે. ૩૧

**સઈં ચ જઈ મુચ્ચિજ્જા, વેયણા વિઉલા ઇઓ ।**
**ખંતો દંતો નિરારંભો, પવ્વએ અણગારિયં ।૩૨।**

જો આ અનુભવાતી વિપુલ વેદનાથી એક વાર પણ હું મુક્ત થાઉં, તો 'ક્ષમાવાન્, ઇન્દ્રિયમનનો વિજેતા અને નિરારંભી બની સાધુતા સ્વીકાર કરનારો

બનું; કારણ કે-જે સાધુતાથી સંસારનો ઉચ્છેદ થવાથી મૂલથી જ વેદનાનો અભાવ થાય. ૩૨

**એવં ચ ચિંતઇત્તાણં, પસુત્તો મિ નરાહિવા ।**
**પરિયત્તંતીએ રાઈએ, વેયણા મે ખયં ગયા ।૩૩।**

હે રાજન્ ! આ પ્રમાણે બોલીને જ નહિ પરન્તુ ચિંતન કરી હું નિદ્રાધીન થયો. આમ શુભ ચિંતનના પ્રભાવથી રાત્રિ પૂરી થતાની સાથે જ મારી વેદના ખતમ થઈ ગઇ. ૩૩

**તઓ કલ્લે પભાયમ્મિ, આપુચ્છિત્તાણ બંધવે ।**
**ખંતો દંતો નિરારંભો, પવ્વઇઓઽણગારિયં ।૩૪।**

વેદનાની સમાપ્તિ થયા પછી નીરોગી થયેલો હું પ્રભાતકાળમાં પિતા બંધુ વગેરેની રજા મેળવી ક્ષમાવાન્ દમનવાળો અને નિરારંભી સાધુતાનો સ્વીકારનારો હું સાધુ બન્યો. ૩૪

**તઓહં નાહો જાઓ, અપ્પણો ય પરસ્સ ય ।**
**સવ્વેસિં ચેવ ભૂયાણં, તસાણ થાવરાણ ય ।૩૫।**

હે રાજન્ ! શ્રી પારમેશ્વરી પ્રવ્રજ્યાના સ્વીકારથી હું પોતાનો અને પરનો યોગક્ષેમકારી-નાથ થયો. (પોતાને નહિ પ્રાપ્ત થયેલ વસ્તુનો લાભ તે યોગ, મળેલી વસ્તુની રક્ષા કરવી તે ક્ષેમ, બીજાઓને ધર્મનું દાન તે યોગ અને ધર્મમાં સ્થિરતા કરવી તે ક્ષેમ. આ બન્ને વડે કરી બીજા જીવોનું નાથપણું સમજવું.) ત્રસ અને સ્થાવર રૂપ સર્વ જીવોનો નાથ-રક્ષક હું બન્યો. ૩૫

**અપ્પા નઈ વેયરણી, અપ્પા મે કૂડસાલ્મલી ।**
**અપ્પા કામદુહા ધેણૂ, અપ્પા મે નંદણં વણ ।૩૬।**

આત્મા જ વૈતરણી નદી છે, કેમ કે ઉદ્ધત આત્મા તેનું કારણ છે. આત્મા જ જંતુની યાતનાના હેતુ રૂપ કૂટયંત્ર (પાશયંત્ર) વજ્રકંટકોથી યુક્ત શાલ્મલી વૃક્ષ છે. આત્મા જ કામદુધા ધેનુ જેવો છે, કેમ કે સ્વર્ગાપવર્ગ-ઇષ્ટની પ્રાપ્તિનો હેતુ છે. આત્મા જ નંદન વન જેવો છે, કેમ કે-ચિત્તના આનંદનો હેતુ છે. ૩૬

**અપ્પા કત્તા વિકત્તા ય, દુક્ખાણ ય સુહાણ ય ।**
**અપ્પા મિત્તમમિત્તં ચ દુપ્પટિઠયસુપટ્ઠિઓ ।૩૭।**

આત્મા જ સુખદુઃખનો કરનારો અને દૂર ફેંકનારો છે. આત્મા જ માનસિક, વાચિક અને કાયિક દુષ્ટ પ્રવૃત્તિ કરનારો દુશ્મન અને વિવિધ સત્-શુભ પ્રવૃત્તિ કરનારો મિત્ર છે. આથી જ સંયમનું નિરતિચાર પાલન હોવાથી મારી સ્વ-પરની નાથતા છે. ૩૭

**ઈમા હુ અન્ના વિ અણાહયા નિવા,**
**તમેગચિત્તો નિહુઓ સુણેહિ મે ।**
**નિયંઠધમ્મં લહિયાણ વી જહા,**
**સીયંતિ એગે બહુકાયરા નરા ।૩૮।**

*આ અને કહેવાતી બીજી અનાથતાના અભાવથી* હું નાથ થયો. તે બાબતને હે રાજન્ ! તમે દત્તચિત્ત બની સાંભળો ! કેટલાક ઘણા સત્ત્વ વગરના મનુષ્યો, સાધુના

આચારરૂપ નિર્ગ્રંથ ધર્મને મેળવવા છતાં તે આચાર તરફ શિથિલ બની જાય છે. તેઓ પોતાની અને પરની રક્ષા કરવામાં સમર્થ થતા નથી. આથી આ સીદાતા–શિથિલતા રૂપ બીજી અનાથતા જાણવી. ૩૮

જે પવ્વઇત્તાણ મહવ્વયાઈં,
સમ્મં ચ નો ફાસયઈ પમાયા ।
અનિગ્ગહપ્પા ય રસેસુ ગિદ્ધે,
ન મૂલઓ છિંદઈ બંધણં સે ।૩૯।

જે આત્મા શ્રીભાગવતી દીક્ષા ગ્રહણ કર્યા બાદ પ્રમાદના કારણે સારી રીતિએ મહાવ્રતોનું પાલન કરતો નથી, તે આત્માનો નિગ્રહ નહિ કરનારો, રસોમાં આસક્ત બનેલો મૂળથી રાગ–દ્વેષરૂપી બંધનને છેદી શકતો નથી. ૩૯

આઉત્તયા જસ્સ ય નત્થિ કાઇ,
ઈરિયાઈ ભાસાઈ તહેસણાએ ।
આયાણનિક્ખેવ દુગંછણાએ,
ન વીરજાયં અણુજાઇ મગ્ગં ।૪૦।

જે આત્માની ઇર્યા–ભાષા–એષણા–ઉપકરણો લેવા–મૂકવારૂપ આદાનનિક્ષેપ અને પરિષ્ઠાપનામાં સાવધાનતા (ઉપયોગ) જરા પણ હોતી નથી, તે આત્મા, વીર પુરુષો જ જયાં ગમન કરી શકે છે, એવા સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગનો અનુયાયી બની શકતો નથી. ૪૦

ચિરં પિ સે મુંડરુઇ ભવિત્તા,
　　　　અથિરવ્વએ તવનિયમેહિં ભટ્ઠે ।
ચિરં પિ અપ્પાણુ કિલેસઇત્તા,
　　　　ન પારએ હોઇ હુ સંપરાએ ।૪૧।

સકલ અનુષ્ઠાનોથી વિમુખતા કરી લાંબા કાળ સુધી મુંડનમાં જ રૂચિવાળો થઈ, ચંચલવ્રતી, તપ અને નિયમોથી ભ્રષ્ટ થયેલો અને કેશલુંચન વગેરેથી આત્માને લાંબા કાળ સુધી ક્લેશવાળો બનાવી સંસારના પારને પામનારો બનતો નથી. ૪૧

પુલ્લેવ મુટ્ઠી જહ સે અસારે,
　　　　અયંતિતે કૂડકહાવણે ય ।
રાઢામણી વેરુલિયપ્પગાસે,
　　　　અમહગ્ઘએ હોઇ હુ જાણએસુ ।૪૨।

પોલી મુટ્ઠીની માફક દ્રવ્યમુનિ અસાર છે. જેમ ખોટા રૂપિયાને કોઈ સંઘરતું નથી, તેમ આ દ્રવ્યમુનિ નિર્ગુણ હોઇ સઘળે ઠેકાણે ઉપેક્ષિત બને છે. જેમ કાચમણિ બહારથી વૈડૂર્યમણિ જેવો દેખાય છે, પણ જાણકારોમાં કીંમત વગરનો બને છે, તેમ દ્રવ્યમુનિ પરીક્ષક-જાણકારોમાં કિંમત વગરનો બને છે. આમ દ્રવ્ય મુનિ પરીક્ષક-જાણકારોમાં કિંમત વગરનો થાય છે, કેમ કે-તે ભોળાજનોને ઠગે છે. ૪૨

કુસીલલિંગં ઇહિ ધારઇતા,
ઇસિજ્ઝયં જીવિય વૂહઇત્તા ।
અસંજએ સંજયલપ્પમાણે,
વિણિગ્ઘાયમાગચ્છઇ સે ચિરં પિ ।૪૩।

આ જન્મમાં પાસત્થા વગેરેના વેશને ધારણ કરી, ઉદરભરણ માટે આ જ પ્રધાન છે—એમ જણાવવા-પૂર્વક સાધુના ચિહ્નરૂપ રજોહરણ વગેરેને પ્રશંસી, એથી જ અસંયમી હોતો, પોતાને સંયત તરીકે કહેતો, લાંબા કાળે પણ નરક આદિમાં તે દ્રવ્યમુનિ વિવિધ અભિઘાતરૂપ વિનિપાતને પામે છે. ૪૩

વિસં તુ પિયં જહ કાલકૂડં,
હણાઇ સત્થં જહ કુગ્ગહીયં ।
એસેવ ધમ્મે વિસઓવવન્નો,
હણાઇ વેયાલ ઇવાવિવન્નો ।૪૪।

જેમ પીધેલું કાલકૂટ ઝેર, ખરાબ રીતિએ પકડેલું શસ્ત્ર અને મંત્ર વગેરેથી નહિ બંધાયેલ વેતાલ—સાધકને હણે છે, તેમ આ શબ્દ—રૂપ વગેરે વિષયોની લંપટતા સહિત સાધુધર્મ, દ્રવ્યમુનિને હણે છે—દુર્ગતિમાં પાડે છે. ૪૪

જો લક્ખણં સુવિણ પઉંજમાણો,
નિમિત્તકોઊહલસંપગાઢે ।
કુહેડવિજ્જાસવદારજીવી,
ન ગચ્છઈ સરણં તમ્મિ કાલે ।૪૫।

જે લક્ષણ–સ્વપ્નનો પ્રયોગ કરે છે, જે અષ્ટાંગ જ્યોતિષરૂપ નિમિત્ત અને અપત્ય વગેરે માટે સ્નાન આદિ રૂપ કૌતુકમાં અત્યંત આસક્ત હોય છે અને જે ઈન્દ્રજાલ, જાદુ, મંત્ર, તંત્ર અને જ્ઞાનરૂપ કુહેટક વિદ્યારૂપી આશ્રવદ્વારોથી (કર્મબંધના હેતુ હોઇ) જીવે છે, તે ફલના ઉપભોગરૂપ ઉદયવાળા કાળમાં તે દ્રવ્યમુનિ શરણને પામી શકતો નથી. અર્થાત્ દ્રવ્યમુનિ અનાથતાવાળો છે. ૪૫

તમંતમેણેવ ઉ સે અસીલે,
સયા દુહી વિપ્પરિયાસુવેઇ ।
સંધાવઈ નરગતિરિક્ખજોણિં,
મોણં વિરાહિત્તુ અસાહુરુવે ।૪૬।

અતિ મિથ્યાત્વથી હણાયેલ હોઈ ઉત્કૃષ્ટ અજ્ઞાનથી જ તે દ્રવ્યમુનિ, શીલહીન બનેલો, સદા દુઃખી થઇ, તત્ત્વોમાં વિપરીતપણું પામે છે અને તેથી જ ચારિત્રની વિરાધના કરી અસાધુરૂપ હોતો સતત નરક–તિર્યંચ યોનિઓમાં જાય છે. ૪૬

ઉદ્દેસિયં કીયગડં નિયાગં,
ન મુંચઈ કિંચિ અણેસણિજ્જં ।
અગ્ગી વિવા સવ્વભક્ખી ભવિત્તા,
ઇઓ ચુઓ ગચ્છઇ કટ્ટુ પાવં ।૪૭।

ઔદ્દેશિક–ક્રીતકૃત–નિત્યપિંડ રૂપ નિયાગને તથા જે કોઈ અશુદ્ધ–દોષિત આહાર હોય તે સર્વ આહારને

કરનારો અગ્નિની માફક સર્વ દોષિત આહારભક્ષી બની, પાપ કરી, અહીંથી મરેલો તે દ્રવ્યમુનિ દુર્ગતિમાં જાય છે. ૪૭

**ન તં અરી કંઠછિત્તા કરેઇ,**
**જં સે કરે અપ્પણિયા દુરપ્પા ।**
**સે નાહિઈ મચ્ચુમુહં તુ પત્તે,**
**પચ્છાણુતાવેણ દયાવિહૂણો ।૪૮।**

ગરદનનો છેદ કરનાર દુશ્મન તે અનર્થને કરી શકતો નથી, કે જે અનર્થ તે દ્રવ્યમુનિને પોતાની દુષ્ટાચાર પ્રવૃત્તિરૂપ દુરાત્મતા કરે છે. જ્યારે મૃત્યુમુખને પામેલા પોતાને દુરાત્માનો ખ્યાલ આવશે, ત્યારે સંયમહીન બનેલો પોતે પશ્ચાત્તાપને પામેલો થશે. અર્થાત્ દુરાત્મતા એ અનર્થ અને પશ્ચાત્તાપનો હેતુ છે, માટે પહેલેથી જ દુરાત્મતાને છોડી દેવી જોઇએ. ૪૮

**નિરત્થયા નાગ્ગરૂઈ ઉ તસ્સ,**
**જે ઉત્તમટ્ઠે વિવયાસમેઇ ।**
**ઇમે વિ સે નત્થિ પરે વિ લોએ,**
**દુહઓ વિ સે ઝિજ્જઇ તત્થ લોએ ।૪૯।**

જે પ્રાંત સમયની આરાધનારૂપ ઉત્તમ અર્થમાં પણ દુરાત્મતામાં તો સુંદર આત્મતારૂપ વિપર્યાસને પામે છે તેની શ્રમણપણાની રૂચિ નિરર્થક છે, કેમ કે—જે મોહને છોડી દુરાત્મતાને દુરાત્મતારૂપે જાણે છે તેને તો સ્વનિંદા વગેરેથી કિંચિત્ ફલ પણ થાય, પણ દુરાત્મતાને સુંદર આત્મતારૂપે માને તેને કાંઇપણ ફળ મળતું નથી. વિપર્યસ્ત

દૃષ્ટિવાળાનો આ લોક કાયક્લેશના હેતુરૂપ લોચ આદિનું સેવન હોવાથી બગડે છે અને કુગતિમાં ગમન થવાથી પર-લોક બગડે છે. જેમ ઉભયલોકના અર્થ સંપત્તિવાળા જનોને જોઈ, 'ઉભય ભ્રષ્ટ એવા મને ધિક્કાર છે'—એમ ચિંતન કરી તે અહીં દુઃખી થાય છે. ૪૯

**એમેવ હા છંદકુસીલરુવે,**
**મગ્ગં વિરાહેત્તુ જિણુત્તમાણં ।**
**કુરરી વિવા ભોગરસાણુગિદ્ધા,**
**નિરટ્ઠસોયા પરિતાવમેઇ ।૫૦।**

પૂર્વોક્ત મહાવ્રતના અસ્પર્શન વગેરે પ્રકારથી યથાછંદ કુશીલ સ્વભાવવાળા દ્રવ્યમુનિઓ શ્રી જિનેશ્વરદેવના માર્ગની વિરાધના કરી, જેમ બીજા પંખીઓએ મુખમાંથી લઇ લીધેલ માંસની પેશીથી માંસમાં લુબ્ધ કુરરી નામના પંખીની માફક વિપત્તિની પ્રાપ્તિમાં શોક કરે છે અને વિપત્તિનો પ્રતિકાર ન થતાં પસ્તાવો કરે છે, તેમ વિરાધક આત્માઓ ભોગરસમાં આસક્ત બનેલા ઉભયલોક વિપત્તિની પ્રાપ્તિ થતાં પશ્ચાત્તાપ કરે છે. આવા આત્માઓની સ્વ-પર રક્ષામાં અસમર્થતા હોઈ અનાથતા સમજવી. ૫૦

**સુચ્ચાણ મેહાવિ સુભાસિયં ઇમં,**
**અણુસાસણં નાણગુણોવવેઅં ।**
**મગ્ગં કુસીલાણ જહાય સવ્વં,**
**મહાનિઅંઠાણ વએ પહેણં ।૫૧।**

હે બુદ્ધિશાલિન્ ! પૂર્વોક્ત જ્ઞાન-દર્શન-ચારિત્રથી યુક્ત સુશિક્ષણ સાંભળી, કુશીલીઓનો સર્વ માર્ગ છોડી, મહાનિર્ગ્રંથોના માર્ગે તું ચાલજે. ૫૧

**ચરિત્તમાયારગુણન્નિએ તઓ,**
**અણુત્તરં સંજમ પાલિઆણં ।**
**નિરાસવે સંખવિઆણ કમ્મં,**
**ઉવેઇ ઠાણં વિઉલુત્તમં ધુવં ।૫૨।**

ચારિત્રાચાર અને જ્ઞાનરૂપ ગુણ સંપન્ન બનેલો મુનિ, તે મહા નિર્ગ્રંથોના માર્ગે ચાલવાથી; યથાખ્યાત ચારિત્રરૂપ પ્રધાન સંયમનું પાલન કરી અને આશ્રવ વગરનો બનેલો કર્મોનો સર્વથા ક્ષય કરી, અનંતોની ત્યાં સ્થિતિ હોવાથી વિપુલ અને પ્રધાન હોવાથી ઉત્તમ ધ્રુવ-નિત્ય સ્થાનરૂપ મુક્તિને પામે છે. ૫૨

**એવુગ્ગદન્તે વિ મહાતવોધણે,**
**મહામુણી મહાપઇન્ને મહાયસે ।**
**મહાનિયંઠિજ્જમિણં મહાસુયં,**
**સે કહેઇ મહયા વિત્થરેણં ।૫૩।**

કર્મશત્રુ પ્રત્યે ઉગ્ર અને ઇન્દ્રિય-મનોવિજેતા હોવાથી દાંત અર્થાત્ ઉગ્ર દાંત, મહા તપોધન, દૃઢવ્રતી અને એથી જ મહા યશસ્વી તે અનાથીમુનિ, મહાનિર્ગ્રંથોને હિતકારી આ પૂર્વોક્ત મહાનિર્ગ્રંથીય મહાશ્રુતને મોટા વિસ્તારથી કહે છે. ૫૩

તુટ્ઠોય સેણિઓ રાયા, ઇણમુદાહુ કયંજલી ।
અણાહયં જહાભૂયં, સુટ્ઠુ મે ઉવદંસિયં ।૫૪।

ત્યાર બાદ ખુશ થયેલો શ્રેણિક રાજા હાથ જોડીને કહે છે કે-'આપે મને અનાથતાનું સત્ય સ્વરૂપ સારી રીતિએ દર્શાવ્યું છે.' ૫૪

તુજ્ઝં સુલદ્ધંખુ મણુસ્સજમ્મં,
લાભા સુલદ્ધા ય તુમે મહેસી ।
તુબ્ભે સણાહા ય સબંધવા ય,
જં ભે ઠિઆ મગ્ગિ જિણુત્તમાણં ।૫૫।

હે મહર્ષિ ! આપે મનુષ્યજન્મ મેળવ્યો તે સફલ કરી લીધો અને આપે જ વર્ણાદિ પ્રાપ્તિરૂપ લાભો મેળવ્યા તે સફળ કરી દીધા. જે કારણથી આપ જિનોત્તમના માર્ગે સ્થિર થઈ રહેલા છો તેથી સનાથ-સશરણ છો. ૫૫

તંસિ નાહો અણાહાણં, સવ્વભૂયાણ સંજયા ।
ખામેમિ તે મહાભાગ, ઇચ્છામિ અણુસાસિઉં ।૫૬।

હે આર્ય ! સંયત ! આપ જ ખરેખર અનાથ સર્વ પ્રાણીઓના નાથ છો. હે મહાભાગ ! આપને હું ખમાવું છું. આપની પાસે હું અનુશાસન-શિક્ષણની ઇચ્છા રાખું છું. ૫૬

પુચ્છિઊણ મએ તુબ્ભં, ઝાણવિગ્ઘો ઉ જો કઓ ।
નિમંતિઆ ય ભોગેહિં, તં સવ્વં મરિસેહ મે ।૫૭।

'આપે જુવાનીમાં કેમ દીક્ષા લીધી ?' વગેરે પ્રશ્ન પૂછીને, આપના ધ્યાનમાં મેં વિઘ્ન કરેલ છે તથા મેં

આપને ભોગોના માટે આમંત્રણ આપ્યું તે બદલ હું ક્ષમા માગું છું. આપ મને ક્ષમા આપો ! ૫૭

**એવં થુણિત્તાણ સ રાયસીહોડણગારસીહં,**
**પરમાઇ ભત્તિએ ।**
**સઓરોહો સપરિઅણો (સબંધવો),**
**ધમ્માણુરત્તો વિમલેણ ચેઅસા ।૫૮।**

આ પ્રમાણે શ્રેણિક મહારાજા, અનગારસિંહ અનાથી મુનિની સ્તુતિ કરીને સ્વજન, પરિજન અને અંતેઉરીઓની સાથે નિર્મલ ચિત્તથી શ્રી જિનધર્માનુરાગી થયો. ૫૮

**ઊસસિયરોમકૂવો, કાઊણ ય પયાહિણં ।**
**અભિવન્દિઊણ સિરસા, અઇજાઓ નરાહિવો ।૫૯।**

જેની રોમરાજી ખડી થઈ છે એવો શ્રેણિક રાજા મુનિરાજને પ્રદક્ષિણા દઇને અને મસ્તકથી નમસ્કાર કરીને પોતાના સ્થાને ગયો. ૫૯

**ઇયરોવિ ગુણસમિદ્ધો તિગુત્તિગુત્તો તિદંડવિરઓ ય ।**
**વિહગ ઈવ વિપ્પમુક્કો,**
**વિહરઇ વસુહં વિગયમોહો ત્તિબેમિ ।૬૦।**

ગુણોની સમૃદ્ધિવાળા, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, મન–વચન–કાયાના અશુદ્ધ વ્યાપારરૂપ ત્રણ દંડથી રહિત, તેમજ પક્ષીની માફક પ્રતિબંધ વગરના અને મોહ વગરના બની, ક્રમથી ઉત્પન્ન અનાથી મુનિરાજ વસુધાતલ ઉપર વિચરે છે. આ પ્રમાણે હે ! જંબૂ ! હું તને કહું છું. ૬૦

॥ વીસમું શ્રી મહાનિર્ગ્રંથીયાધ્યયન સંપૂર્ણ ॥

# શ્રી સમુદ્રપાલીયાધ્યયન-૨૧

**ચંપાએ પાલિએ નામ, સાવએ આસિ વાણિએ ।**
**મહાવીરસ્સ ભગવઓ, સીસે સો ઉ મહપ્પણો ।૧।**

ચંપાનગરીમાં પાલિત નામનો વણિક જાતિનો શ્રાવક હતો, કે જે ભગવાન શ્રી મહાવીરદેવથી પ્રતિબોધ પામેલો હોવાથી તેઓશ્રીના શિષ્ય તરીકે પ્રસિદ્ધ હતો. ૧

**નિગ્ગંથે પાવયણે, સાવએ સે વિ કોવિએ ।**
**પોએણ વવહરંતે, પિહુંડં નગરમાગએ ।૨।**

તે શ્રાવક, નિર્ગ્રંથપ્રવચન-જૈનશાસનમાં મહાન્ પંડિત બનેલો અને એક સમયે વહાણો દ્વારા વ્યાપાર કરતો પિહુંડ નામના નગરમાં આવ્યો. ૨

**પિહુંડે વવહરંતસ્સ, વાણિઓ દેઇધૂઅરં ।**
**તં સસત્તં પઇગિજ્ઝ, સદેસમહ પત્થિઓ ।૩।**

પિહુંડનગરમાં વ્યાપાર કરતા પાલિત શ્રાવકને, તેના ગુણથી આકર્ષાયેલા કોઈ વાણિયાએ પોતાની દીકરી પરણાવી. તે કેટલાક કાળ સુધી ત્યાં રહ્યો અને સમય જતાં ગર્ભવતી પોતાની પ્રિયાને સાથે લઇ સમુદ્રમાર્ગે સ્વદેશ તરફ રવાના થયો. ૩

**અહ પાલિઅસ્સ ઘરણી, સમુદ્દમ્મિ પસવઇ ।**
**અહ દારએ તહિં જાએ, સમુદ્દપાલિત્તિ નામએ ।૪।**

હવે સમુદ્રમાર્ગમાં પાલિતની પત્નીએ પુત્રને જન્મ આપ્યો. સમુદ્રમાં બાલક જન્મેલો હોવાથી 'સમુદ્રપાલ' એ નામથી તે પ્રસિદ્ધ થયો. ૪

**ખેમેણ આગએ ચંપં, સાવએ વાણિએ ઘરં ।**
**સંવડ્ઢએ ઘરે તસ્સ, દારએ સે સુહોઇએ ।૫।**

ક્ષેમકુશલપૂર્વક ચંપાનગરીમાં સ્ત્રી-પુત્ર સહિત, તે પાલિત શ્રાવક પોતાના ઘરે આવી પહોંચ્યો. હવે તે સમુદ્રપાલ સુખયોગ્ય લાડકોડમાં પાલિતના ઘરે મોટો થઇ રહ્યો છે. ૫

**બાવત્તરીકલાઓ અ, સિક્ખિએ નીઇકોવિએ ।**
**જુવ્વણેણ અ અપ્પુણ્ણે, સુરુવે પિયદંસણે ।૬।**

બ્હોંતેર કલાઓની શિક્ષાને પામેલ અને નીતિપંડિત બનેલો પ્રિયદર્શન-રૂપવંતસમુદ્રપાલ હવે યૌવનવંત બન્યો. ૬

**તસ્સ રુવવઇ ભજ્જં, પિઆ આણેઇ રુવિણિ**
**પાસાએ કીલએ રમ્મે, દેવો દોગુંદગો જહા ।૭।**

પાલિત પિતાએ રૂપવંતી રૂપિણી નામની કન્યા સાથે સમુદ્રપાલને પરણાવ્યો અને દોગુંદકદેવની માફક રમણીય પ્રાસાદ-મહેલમાં રૂપિણી સાથે રમે છે. ૭

**અહ અન્નયા કયાઇ, પાસાયાલોયણે ઠિઓ ।**
**વજ્ઝમણ્ડણસોભાગં, વજ્ઝં પાસઇ બજ્ઝગં ।૮।**

હવે એક સમયે ગવાક્ષમાં ઉભો રહેલ સમુદ્રપાલ, લાલ ચંદનનું વિલેપન, કરેણની ફૂલમાળા આદિ રૂપ વધ્યમંડનોથી શોભતા કોઇ એક વધયોગ્ય પુરુષને વધ્યભૂમિમાં લઇ જવાતો જુએ છે. ૮

**તં પાસિઊણ સંવિગ્ગો, સમુદ્દપાલો ઇણમબ્બવી ।**
**અહો અસુહાણ કમ્માણં, નિજ્જાણં પાવગં ઇમં ।૯।**

સંવેગના કારણરૂપ આ દશ્ય જોઈ સમુદ્રપાલ આ પ્રમાણે બોલ્યો કે-અહો! અશુભ કર્મોનો કેવો અશુભ અંત-વિપાક છે કે-જુઓ! આ દયાપાત્ર બીચારાને વધ માટે લઈ જવાય છે. ૯

**સંબુદ્ધો સો તહિં ભયવં, પરમં સંવેગમાગઓ ।**
**આપુચ્છિયામ્માપિઅરો, પવ્વએ અણગારિયં ।૧૦।**

આ પ્રમાણે વિચાર કરતાં જાગૃતિને પામેલ ઝરૂખામાં ઉભા રહેલ સમુદ્રપાલ, પરમ સંવેગમાં આવીને મા-બાપથી રજા મેળવીને સાધુતાને પામ્યો. ૧૦

**જહિત્તુ સંગં ચ મહાકિલેસં,**
**મહંતમોહં કસિણં ભયાવહં ।**
**પરિઆયધમ્મં ચડભિરોઅઇજ્જા,**
**વયાણિ સીલાણિ પરીસહે ય ।૧૧।**

કૃષ્ણલેશ્યાના કારણરૂપ કે સંપૂર્ણ અને વિવેકીઓને ભયજનક, સ્વજનો વગેરે સંબંધરૂપ સંગને અને મહા દુઃખજનક સ્ત્રી વગેરે વિષયવાળા કે અજ્ઞાનરૂપ મહામોહને છોડી, હે આત્મન્! તું મહાવ્રત વગેરેરૂપ પર્યાયધર્મને પસંદ કરજે! તેમજ મહાવ્રતોને, ઉત્તરગુણરૂપ શીલોને અને પરીષહોને પણ સહવાનું તું પસંદ કરજે! ૧૧

અહિંસ સચ્ચં ચ અતેણગં ચ,
તત્તો ય બંભં અપરિગ્ગહં ચ।
પડિવજ્જિયા પંચ મહવ્વયાણિ,
ચરિજ્જ ધમ્મં જિણદેસિયં વિઊ ।૧૨।

હે મહાત્મન્ ! અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—આ પાંચ મહાવ્રતોને સ્વીકારી તેનું યથાર્થ પાલન તારે કરવાનું છે. તેમજ વિદ્વાન એવા આપે શ્રી જિનકથિત શ્રુત–ચારિત્રરૂપ ધર્મનું પાલન કરવાનું છે. ૧૨

સવ્વેહિ ભૂએહિં દયાણુકંપી,
ખંતિક્ખમે સંજયબંભયારી ।
સાવજ્જજોગે પરિવજ્જયન્તો,
ચરિજ્જ ભિક્ખુ સુસમાહિઇન્દિએ ।૧૩।

હે સાધુ ! સઘળાં પ્રાણીઓ ઉપર હિતના ઉપદેશરૂપ અને રક્ષણરૂપ દયાથી અનુકંપન સ્વભાવવાળા ક્ષમા વડે નહિ કે અશક્તિથી દુર્વચન વગેરે સહન કરનારા, સમ્યગ્ યતનાવાળા, બ્રહ્મચારી, તેમજ ઇન્દ્રિય-મનોવિજેતા બની અને સર્વથા પાપમય પ્રવૃત્તિને છોડી તમારે સંયમમાં વિચરવું જોઈએ. ૧૩

કાલેણ કાલં વિહરિજ્જ રટ્ઠે,
બલાબલં જાણિય અપ્પણો યા
સીહો વ સદ્દેણ ન સંતસિજ્જા,
વઇજોગ સુચ્ચા ન અસબ્ભમાહુ ।૧૪।

હે સાધુ ! સમયસર અને સમયોચિત પડિલેહણ-પ્રતિક્રમણ વગેરે કાર્યો કરનાર તમારે જેમ સંયમયોગની હાનિ ન થાય, તેમ પોતાના સહિષ્ણુત્વ-અસહિષ્ણુત્વરૂપ બલાબલને જાણી દેશ-ગ્રામ વગેરે સ્થલોમાં વિહાર કરવો જોઇએ. હે આત્મન્ ! તમારે સિંહની માફક ભયંકર શબ્દ સાંભળી સત્ત્વથી ચલિત નહિ થવાનું, તેમજ કોઇનું અશુભ વચન સાંભળી અસભ્ય વચન પણ નહિ બોલવાનું. ૧૪

ઉવેહમાણો ઉ પરિવ્વઇજ્જા,
પિયમપ્પિયં સવ્વ તિતિક્ખઇજ્જા ।
ન સવ્વ સવ્વત્થ અભિરોયએજ્જા,
ન યાવિ પૂયં ગરહં ચ સંજએ ॥૧૫॥

હે ભિક્ષુક ! તમારે ખરાબ બોલનારની ઉપેક્ષા કરી ચારિત્રમાં વિચરવાનું, પ્રિય અને અપ્રિય સઘળું સહન કરવાનું, દેખ્યા પ્રમાણે સઘળી વસ્તુની અભિલાષા નહિ કરવાની તથા પરનિંદા કે સ્વપૂજા-પ્રશંસાની અભિલાષા નહિ કરવાની. ૧૫

અણેગછંદા ઇહ માણવેહિં,
જે ભાવઓ સંપકરેઇ ભિક્ખૂ ।
ભયભેરવા તત્થ ઉઇન્તિ ભીમા,
દિવ્વા મણુસ્સા અદુવા તિરિચ્છા ॥૧૬॥
પરીસહા દુવ્વિસહા અણેગે,
સીયંતિ જત્થ બહુ કાયરા નરા,

સે તત્થ પત્તે ન વહિજ્જ ભિક્ખૂ,
સંગામસીસે ઇવ નાગરાયા ૧૭।

જેમ આ જગતમાં મનુષ્યોમાં અનેક અભિપ્રાયો થાય છે, તેમ કર્મવશ બનેલો સાધુ પણ ચિત્તવૃત્તિથી અનેક અભિપ્રાયો અત્યંત કરે છે અને તેથી મુનિએ આ પ્રમાણે જ આત્માને અનુશાસન કરવું જોઈએ. વળી વ્રતના અંગીકારમાં દેવ મનુષ્ય–તિર્યંચકૃત ભયંકર–રૌદ્ર ઉપસર્ગો ઉદયમાં આવે છે. જ્યારે અનેક દુઃસહ પરિષહો ઉદયમાં આવે છે, ત્યારે અત્યંત સત્ત્વ વગરના–કાયર મનુષ્યો સંયમ પ્રત્યે શિથિલ થાય છે, પરંતુ સત્ત્વશાલી તમારે હે ભિક્ષુક ! યુદ્ધના મોખરે રહેલ ગજરાજની માફક તે ઉપસર્ગો કે પરીષહો પ્રાપ્ત થવા છતાંય સત્ત્વથી ચલિત નહિ થવું. ૧૬–૧૭

સીઓસિણા દંસમસગા ય ફાસા,
આયંકા વિવિહા ફુસન્તિ દેહં ।
અકુક્કુઓ તત્થઽહિયાસઇજ્જા,
રયાઇં ખેવિજ્જ પુરાકડાઇં ૧૮।

હે સાધુ ! જ્યારે તમારા શરીરને શીત–ઉષ્ણ–દંશમશક–તૃણસ્પર્શ–રોગ વગેરે વિવિધ પરિષહો સ્પર્શે–પીડા કરે. ત્યારે તમારે ચુંકે ચાં કર્યા સિવાય પૂર્વોક્ત પરિસહો સહન કરવાના છે અને સહિષ્ણુ બની પૂર્વકૃત કર્મોનો ક્ષય કરવાનો છે. ૧૮

પહાય રાગં ચ તહેવ દોસં,
મોહં ચ ભિક્ખૂ સયયં વિયક્ખણો ।
મેરુવ્વ વાએણ અકંપમાણો,
પરીસહે આયગુત્તે સહિજ્જા ।૧૯।

રાગ, દ્વેષ અને મોહને સતત છોડી વિચક્ષણ મુનિએ, પવનથી નહિ કંપનાર મેરૂપર્વતની માફક અડગ રહી–ગુપ્ત આત્મા બની પરિસહો જીતવાના છે. ૧૯

અણુણ્ણએ નાવણએ મહેસી,
નયાવિ પૂઅં ગરહં ચ સંજએ ।
સે ઉજ્જુભાવં પડિવજ્જ સંજયે,
નિવ્વાણમગ્ગં વિરએ ઉપેઇ ।૨૦।

મહર્ષિ, પૂજા–સત્કાર થતાં ઉન્નતિ–અભિમાનનો સંગ ન કરે ! તથા જો પરકૃત નિંદા–ગર્હા થાય તો અવનતિ–હીનતાનો સંગ ન કરે ! આ પ્રમાણે આત્માના અનુશાસનને પામેલો સરલતા–સમતા મેળવી સંયમી–વિરતિધર તે મહર્ષિ, સમ્યગ્જ્ઞાન આદિરૂપ મોક્ષમાર્ગને પામે છે. ૨૦

અરઇરઇસહે પહીણસંથવે,
વિરએ આયહિએ પહાણવં ।
પરમટ્ઠપએહિં ચિટ્ઠઈ,
છિન્નસોએ અમમે અકિંચણે ।૨૧।

સંયમના વિષે અરતિને અને અસંયમના વિષે રતિને સહન કરનારો, એ બન્નેથી બાધિત નહિ થનારો, પહેલાંના કે પછીના પરિચયથી રહિત, વિરતિધર, આત્મહિતકારી, સંયમ રૂપ પ્રધાનવાળો અને શોક-મમના-પરિગ્રહ વગરનો મુનિ, મોક્ષના સમ્યગ્દર્શન વગેરે પદોમાં સ્થિર રહે છે. ૨૧

**વિવિત્તલયણાણિ ભઇજ્જ તાઈ,**
**નિરુવલેવાઇં અસંથડાઇં ।**
**ઇસીહિં ચિણ્ણાઇં મહાયસેહિં,**
**કાયેણ ફાસિજ્જ પરીસહાઇં ।૨૨।**

બીજ આદિથી અવ્યાપ્ત, ભાવથી રાગરહિત, દ્રવ્યથી તેના માટે નહિ લેપાએલ અને મહા યશસ્વી ઋષિઓથી આચરેલ, ષડ્જીવનિકાયરક્ષક મુનિ, સ્ત્રી વગેરેથી રહિત ઉપાશ્રયોનું સેવન કરે તથા શરીરથી પરિષહોને સહન કરે. ૨૨

**સન્નાણનાણોવગએ મહેસી,**
**અણુત્તરં ચરિઉ ધમ્મસંચયં ।**
**અણુત્તરે નાણધરે જસંસી,**
**ઓભાસઈ સૂરઇવંતલિક્ખે ।૨૩।**

તે સમુદ્રપાલ મહર્ષિ, શ્રુતજ્ઞાનથી ક્રિયાકલાપના જ્ઞાન સહિત અનુત્તર ક્ષમા વગેરેનો ધર્મ સંચય કરી,

આકાશમાં સૂર્યની માફક યશસ્વી અને અનુત્તર જ્ઞાનધારી-કેવલજ્ઞાની જગતમાં પ્રકાશે છે. ૨૩

દુવિહં ખવેઊણ ય પુણ્ણપાવં,
નિરંજણે સવ્વઓ વિપ્પમુક્કે ।
તરિત્તા સમુદ્દં ચ મહાભવોહં,
સમુદ્દપાલો અપુણાગમં ગએ ત્તિબેમિ ।

ઘાતી-અઘાતી ભેદથી બે પ્રકારનું, શુભ-અશુભ પ્રકૃતિરૂપ બે પ્રકારનું અર્થાત્ કર્મ માત્રનો ક્ષય કરી, સંયમ પ્રતિ નિશ્ચલ અર્થાત્ શૈલેષી અવસ્થાને પામેલ, સર્વથી-બાહ્ય-અભ્યંતર રાગહેતુ માત્રથી રહિત, તેમજ સમુદ્ર સમાન દેવ વગેરે જન્મ પ્રવાહને તરીને, સમુદ્રપાલ મહર્ષિ, અપુનરાગમન ગતિરૂપ મુક્તિમાં ગયા. આ પ્રમાણે હે જંબૂ! હું કહું છું. ૨૪

॥ એકવીસમું શ્રી સમુદ્રપાલિયાધ્યયન સંપૂર્ણ ॥

# શ્રી રથનેમિયાધ્યયન-૨૨

સૌરિયપુરંમિ નયરે, આસિ રાયા મહડ્ઢિએ ।
વસુદેવત્તિ નામેણં, રાયલક્ખણસંજુએ ।૧।
તસ્સ ભજ્જા દુવે આસિ, રોહિણી દેવઈ તહા ।
તાસિં દોણ્હપિ દો પુત્તા, ઇટ્ઠા રામકેસવા ।૨।
સોરિયપુરંમિ નયરે, આસિ રાયા મહડ્ઢિએ ।
સમુદ્દવિજયે નામં રાયલક્ખણસંજુએ ।૩।

**તસ્સ ભજ્જા સિવા નામ, તીસે પુત્તો મહાયસો ।**
**ભયવં અરિટ્ઠનેમિત્તિ, લોગનાહે દમીસરે ।૪।**

શૌર્યપુર નામના નગરમાં ચક્ર, સ્વસ્તિક, અંકુશ આદિ કે શૌર્ય, ઔદાર્ય આદિરૂપ રાજલક્ષણવંતા, મહર્દ્ધિક વસુદેવ નામના રાજા હતા. તેમને રોહીણી અને દેવકી બે રાણીઓ હતી. તે બન્નેને ક્રમસર રામ અને કેશવ નામના બે વ્હાલા પુત્રો હતા. વળી આ જ નગરમાં રાજલક્ષણયુક્ત, મહર્દ્ધિક સમુદ્રવિજય નામના રાજા હતા. તેમને શીવા નામની રાણી હતી. તે રાણીને કૌમારવયમાં કામવિજેતા હોવાથી દમીશ્વર મહા યશસ્વી, લોકનાથ ભગવાન **શ્રી** અરિષ્ટનેમિ નામના પુત્ર હતા. ૧ થી ૪

**સો રિટ્ઠનેમિનામો ઉ, લક્ખણસ્સરસંજુઓ ।**
**અટ્ઠસહસ્સલક્ખણધરો, ગોઅમો કાલગચ્છવી ।૫।**

**વજ્જરિસહસંઘયણો, સમચઉરંસો ઝસોદરો ।**
**તસ્સ રાઈમઈ કન્નં, ભજ્જં જાયઇ કેસવો ।૬।**

**અહ સા રાયવરકન્ના, સુસીલા ચારુપેહિણી ।**
**સવ્વલક્ખણસંપન્ના, વિજ્જુસોય મણિપ્પભા ।૭।**

માધુર્ય, ગાંભીર્ય વગેરે સ્વરના લક્ષણવાળા, શુભ સૂચક રેખા રૂપ એક હજાર ને આઠ ચક્ર આદિ લક્ષણ-ધારી, ગૌતમ ગોત્રવાળા, શ્યામ ચામડીવાળા, મત્સ્યના આકારના ઉદરવાળા વજ્રઋષભનારાચ સંઘયણવાળા અને સમચતુરસ્ર સંસ્થાનવાળા અરિષ્ટ નેમિકુમારને, રાજીમતી

કન્યાને પરણાવવા માટે કેશવજીએ, રાજીમતીના પિતા ઉગ્રસેનની પાસે, સુશીલ, મનોહર દેખાવવાળી, વિજળી સમાન પ્રભા અને વર્ણવાળી, સર્વ લક્ષણવંતી રાજીમતીની અરિષ્ટનેમિ માટે યાચના કરી. ૫ થી ૭

અહાહ જણઓ તીસે, વાસુદેવં મહડ્ઢિયં ।
ઇહાગચ્છઉ કુમારો, જા સે કન્ન દલામહં ।૮।
સવ્વોસહીહિં ણ્હવિઓ, કયકોઉઅમંગલો ।
દિવ્વજુઅલપરિહિઓ, આભરણેહિં વિભૂસિઓ ।૯।
મત્તં ચ ગંધહત્થિ ચ વાસુદેવસ્સ જિટ્ઠગં ।
આરૂઢો સોહઈ અહિઅં, સિરે ચૂડામણી જહા ।૧૦।
અહ ઊસિએણ છત્તેણ, ચામરાહિ અ સોહિઓ ।
દસારચક્કેણ તઓ, સવ્વઓ પરિવારિઓ ।૧૧।
ચઉરંગિણીએ સેણાએ, રઇઆએ જહક્કમં ।
તુડિઆણં સન્નિનાએણં, દિવ્વેણં ગગણં ફુસે ।૧૨।
એયારિસીએ ઇડ્ઢીએ, જુહએ ઉત્તમાએ ય ।
નિયગાઓ ભવણાઓ નિજ્જાઓ વણ્હિપુંગવો ।૧૩।
। ષડ્ભિઃકુલકમ્ ।

હવે યાચના કર્યા બાદ તે રાજીમતીના પિતાએ, મહર્દ્ધિક વાસુદેવને કહ્યું કે–'ખુશીથી અરિષ્ટ નેમિકુમાર અહીં પધારે ! કે જેથી તેમને વિવાહ–વિધિપૂર્વક મારી રાજીમતી કન્યા પરણાવું.' આ પ્રમાણે ઉગ્રસેનના કથન બાદ બંને કુલમાં વધામણાં થયાં. કોષ્ટુકી જોષીએ આપેલ

નજીકના વિવાહના મુહૂર્ત્તે, જેમણે જયા-વિજયા ઋદ્ધિ-વૃદ્ધિ વગેરે સર્વ ઔષધિઓથી સ્નાન કર્યું છે, જેમણે લલાટમાં મુશલનો સ્પર્શ આદિ કૌતુક અને દહીં-અક્ષત વગેરે મંગલો કર્યા છે, જેમણે દિવ્ય-દેવદૂષ્યની જોડીનું પરિધાન કર્યું છે અને જેઓ બરાબર ભૂષણોની વિભૂષાવાળા છે, એવા અરિષ્ટ નેમિકુમાર, વાસુદેવના જ્યેષ્ઠ પટ્ટહાથી ઉપર આરૂઢ થયેલા મસ્તકમાં રહેલ ચૂડામણિની માફક અત્યંત શોભી રહ્યા છે. મસ્તક ઉપર ધરાયેલ છત્રથી અને બંને બાજુએ વીંજાતા ચામરોથી શોભતા, સમુદ્રવિજયાદિ વાસુદેવ પર્યંતના દશ ભાઇઓ રૂપ દશાર્હોથી યુક્ત, સઘળા પરિવારથી પરિવરેલા, ક્રમસર ગોઠવાયેલી ચતુરંગી સેના સહિત, આકાશવ્યાપી દિવ્ય વાજિંત્રોના સુંદર ધ્વનિઓથી યુક્ત, ઉત્તમ દીપ્તિસંપન્ન. પૂર્વોક્ત સાહ્યબીના દબદબાપૂર્વક અને યદુવંશરૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન અરિષ્ટ નેમિકુમાર, પોતાના રાજમહાલયમાંથી નીકળી ધામધુમથી વાજતે-ગાજતે લગ્નમંડપના નજીક પ્રદેશમાં આવી પહોંચ્યા. ૮ થી ૧૩

**અહ સો તત્થ નિજ્જંતો, દિસ્સ પાણે ભયદ્દુએ ।**
**વાડેહિં પંજરેહિં ચ, સન્નિરુદ્ધે સુદુક્ખિએ ।૧૪।**
**જીવિયંતં તુ સંપત્તે, મંસટ્ઠા ભક્ખિયવ્વએ ।**
**પાસિત્તા સે મહાપન્ને, સારહિં ઇણમબ્બવી ।૧૫।**
**કસ્સ અટ્ઠા ઇમે પાણા, એએ સવ્વે સુહેસિણો ।**
**વાડેહિં પંજરેહિં ચ, સન્નિરુદ્ધા ય અચ્છહિં ।૧૬।**

અહ સારહી તઓ ભણઇ, એએ ભદ્દા ઉ પાણિણો
તુજ્ઝં વિવાહકજ્જંમિ, ભોયાવેઉં બહુ જણં ૧૭।
સોઊણ તસ્સ વયણં, બહુપાણિવિણાસણં ।
ચિંતેઇ સે મહાપન્ને, સાણુક્કોસે જિએહિ ઉ ૧૮।
જઈ મજ્ઝ કારણા એએ હમ્મન્તિ સુબહૂ જિયા ।
ન મે એયં તુ નિસ્સેસં, પરલોગે ભવિસ્સઈ ૧૯।
સો કુણ્ડલાણ જૂયલં, સુત્તગં ચ મહાયસો ।
આહરણાણિ ય સવ્વાણિ, સારહિસ્સ પણામઈ ૨૦।
। સપ્તભિઃકુલકમ્ ।

હવે અરિષ્ટ નેમિકુમાર, મંડપ નજીકના પ્રદેશમાં આગળ જતાં, મરણના અવસરે પહોંચેલા અવિવેકીઓથી માંસ માટે ભક્ષણીય, વાડા અને પાંજરાઓમાં અત્યંત પૂરાયેલા, એથી જ ઘણા દુઃખી, ભયત્રસ્ત મૃગ આદિ પ્રાણીઓને જોઇ, મહા જ્ઞાની ભગવાન મહાવતને પૂછે છે કે–કયા હેતુથી સુખના ઇચ્છુક આ તમામ મૃગો વગેરે પ્રાણીઓ વાડા અને પાંજરાઓમાં પૂરાયેલા રહેલા છે? તેનો સારથી જવાબ આપે છે કે–' આપના ગૌરવ આદિ રૂપ વિવાહકાર્યમાં ઘણા જનને જમાડવા માટે કલ્યાણ રૂપ હરણ આદિ પ્રાણીઓને વાડા વગેરેમાં પૂરેલા છે.' સારથિના આવાં વચન સાંભળ્યા બાદ, જીવો ઉપર કરૂણાવાળા મહાજ્ઞાની ભગવાન, બહુ પ્રાણીઓનો વિનાશ જોઇ ચિંતન ચલાવે છે કે–જો મારા નિમિત્તે આ સઘળા જીવો હણાશે તો આ જીવહિંસા, ભવાન્તરોમાં પરલોક-

ભીરૂતાનો અત્યંત અભ્યાસ કરેલો હોવાથી કહે છે કે-ભવિષ્યના પરલોકમાં કલ્યાણુરૂપ નથી. પ્રભુનો આ પ્રમાણે અભિપ્રાય જાણીને, વાડા અને પાંજરાઓમાંથી મૃગ વગેરે સઘળાં પ્રાણીઓને જ્યારે સારથિ છોડાવે છે—અભયદાન અપાવે છે, ત્યારે મહા—યશસ્વી ભગવાન પરમ આનંદ-પૂર્વક તે સારથિને બે કુંડલો, કંદોરો અને સઘળાં આભ-રણોને પારિતોષિકરૂપે આપે છે. ૧૪ થી ૨૦

મણપરિણામો અ કઓ,
દેવા ય જહોઇયં સમોઇણ્ણા ।
સવ્વિડ્ઢીઇ સપરિસા નિક્ખમણં તસ્સ કાઉં જે ।૨૧।
દેવમણુસ્સપરિવુડો, સિબિયારયણં તઓ સમારૂઢો ।
નિક્ખમિય બારગાઓ, રેવયયંમિ ઠ્ઠિઓ ભયવં ।૨૨।
ઉજ્જાણં સંપત્તો, ઓઇણ્ણો ઉત્તમાઓ સીયાઓ ।
સાહસ્સીઇ પરિવુડો,
અહ નિક્ખમઈ ઉ ચિત્તાહિં ।૨૩।
અહ સો સુગંધગંધિએ, તુરિઅં મઉઅકુંચિએ ।
સયમેવ લુંચઈ કેસે, પંચમુટ્ઠીહિં સમાહિઓ ।૨૪।
વાસુદેવો અ ણં ભણઈ, લુત્તકેસં જિઇન્દિઅં ।
ઇચ્છિઅમણોરહં તુરિયં, પાવસૂ તં દમીસરા ।૨૫।
નાણેણં દંસણેણં ચ, ચરિત્તેણં તવેણ ય ।
ખન્તીએ મુત્તીએ, વડ્ઢમાણો ભવાહિં અ ।૨૬।

એવં તે રામકેસવા, દસારા ય બહુજણા ।
અરિટ્ઠનેમિં વંદિત્તા, અઇગયા બારગાઉરિં ॥૨૭॥
સોઊણ રાયવરકન્ના, પવ્વજ્જં સા જિણસ્સ ઉ ।
ણીહાસા ઊ ણિરાણંદા, સોગેણ ઉ સમુચ્છિયા ૨૮॥
રાઈમઈ વિચિંતેઇ, ધિરત્થુ મમ જીવિઅં ।
જાહં તેણ પરિચ્ચત્તા, સેઅં પવ્વઇઉં મમ ॥૨૯॥

। નવભિર્કુલકમ્ ।

સમુદ્રવિજય વગેરેના સમજાવવા છતાં પ્રભુ સર્વેને સમજાવી, પાછા ફરી અને લોકાન્તિકદેવોના આગમન બાદ વાર્ષિક દાન દઇ, જ્યારે અરિષ્ટનેમિકુમારે મનથી પ્રવ્રજ્યા સ્વીકારવાનો પરિણામ કર્યો, ત્યારે તે પ્રભુનો દીક્ષા કલ્યાણક મહોત્સવ ઉજવવા માટે, નિજ–નિજ પરિવારથી પરિવરેલા સર્વ ઋદ્ધિથી યુક્ત ચારેય નિકાયના દેવો અહીં ઉતરી આવ્યા હતા, દેવ અને મનુષ્યોથી પરિવરેલા તથા દેવોએ બનાવેલા ઉત્તરકુરૂ નામની શ્રેષ્ઠ શિબિકામાં બેઠેલા અરિષ્ટનેમિકુમાર દ્વારકામાંથી નીકળી રૈવતાચલ આગળ આવ્યા અને સહસામ્રવન નામના ઉદ્યાનમાં પધાર્યો. તેઓશ્રી ઉત્તમ શિબિકામાંથી ઉતરીને, હજાર પુરુષોની સાથે ચિત્રા નક્ષત્રમાં, સ્વભાવથી જ ખુશબોદાર, કોમલ–કુટિલ કેશોનો જલદી પોતે જ, સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગપૂર્વક અને સમાધિવાળા બની, પાંચ મુઠીઓથી લોચ કરી દીક્ષા ગ્રહણ કરે છે. બાદ તરત જ તેઓશ્રીને મનઃપર્યાયજ્ઞાનની પ્રાપ્તિ થતાં, કેશના

લોચવાળા-જિતેન્દ્રિય શ્રી નેમિનાથ પ્રભુને વાસુદેવ વગેરે કહે છે કે-હે જિતેન્દ્રિય શિરોમણિ ! આપ જલદીમાં જલદી મહોદયની પ્રાપ્તિ રૂપ ઈષ્ટ મનોરથને પામજો ! વળી જ્ઞાન-દર્શન-ચારિત્રથી તેમજ ક્ષમાથી અને પરમ સંતોષથી વધતા-વધતા થજો ! આ પ્રમાણે વાસુદેવ, દશાર્હો તેમજ ઘણા લોકો સ્તુતિ કરી, વંદના કરી, દ્વારિકા નગરીમાં આવી ગયા. હવે રાજકન્યા રાજીમતી, શ્રી નેમિનાથ ભગવાનની દીક્ષા સાંભળી, સંગમની આશાનો ભંગ થવાથી તે સમયે હાસ્ય-આનંદ વગરની, શોકથી ઘેરાયેલી વિચાર કરે છે કે-'ધિક્કાર છે મારા જીવનને !' બીજો પણ તે વિચાર કરે છે કે-' જો હું તે પ્રભુથી તજાયેલ છું તો મારે પ્રવ્રજ્યા લેવી એ જ શ્રેયસ્કર છે, કેમ કે-અન્ય જન્મમાં મને આવું દુઃખ ન થાય ! બીજી વાત એ છે કે-સતી સ્ત્રીઓ પતિને અનુસરનારી હોય છે-એવું વાક્ય પણ ચરિતાર્થ થાય !' ૨૧ થી ૨૯

અહ સા ભમરસન્નિભે, કુચ્ચફણગપસાહિએ ।
સયમેવ લુંચઈ કેસે, ધિઇમંતા વવસ્સિઆ ।૩૦।

વાસુદેવો ચણં ભણઇ, લુત્તકેસં જિઇંદિયં ।
સંસારસાયરં ઘોરં, તર કણ્ણે લહું લહું ।૩૧।

સા પવ્વઈઆ સંતી, પવ્વાવેસી તહિં બહું ।
સયણં પરિઅણં ચેવ, સીલવંતા બહુસ્સુઆ ।।૩૨।।

।।ત્રિભિર્વિશેષકમ્।।

હવે તે રાજીમતી, કાંસકી વગેરેથી સંસ્કારિત કરેલ ભ્રમર જેવા શ્યામ કેશોનો પોતે જ સ્વસ્થ ચિત્તવાળી અને ધર્મ પ્રત્યે ઉદ્યમવાળી બની લોચ કરે છે દીક્ષા સ્વીકારે છે. વળી વાસુદેવ, કેશના લોચવાળી-જિતેન્દ્રિય સાધ્વી રાજીમતીને કહે છે કે-‘ હે રાજકન્યે ! તમે જલદી જલદી સંસારસાગર તરી જાઓ !’ આર્યાવર્યા રાજીમતીએ દીક્ષા ગ્રહણ કર્યા બાદ બહુશ્રુતા-શીલવંતા બનીને ઘણા સ્વજન-પરિજન વર્ગને દીક્ષા અપાવી. ૩૦ થી ૩૨

ગિરિં ચ રેવયયં જંતી, વાસેણોલ્લા ઉ અંતરા ।
વાસંતે અંધયારમ્મિ, અંતો લયણસ્સ સા ઠિઆ ॥૩૩॥
ચીવરાઈં વિસારંતી, જહા જાયત્તિ પાસિઆ ।
રહણેમી ભગ્ગચિત્તો, પચ્છા દિટ્ઠો અ તીઈવિ ॥૩૪॥
ભીયા ય સા તહિં દટ્ઠું, એગંતે સંજયં તયં ।
બાહાહિં કાઉં સંગોફં, વેવમાણી નિસીયઈ ॥૩૫॥
અહ સો પિ રાયપુત્તો, સમુદ્દવિજયંગઓ ।
ભીયં પવેવિયં દટ્ઠું, ઇમં વક્કમુદાહરે ॥૩૬॥
રહનેમી અહં ભદ્દે, સુરૂવે ચારૂભાસિણી ।
મમં ભયાહિ સુઅણુ, ન તે પીલા ભવિસ્સઈ ॥૩૭॥
એહિ તા ભુંજિમો ભોએ, માણુસ્સં ખુ સુદુલ્લહં ।
ભુત્તભોગા પુણો પચ્છા, જિણમગ્ગં ચરિસ્સિમો ॥૩૮॥

॥ ષડ્ભિઃ કુલકમ્ ।

એક વખત ભગવાન શ્રી નેમિનાથને વંદન કરવા માટે રૈવતાચલ ઉપર જતી સાધ્વી રાજીમતી, વરસાદથી ભિંજાયેલ વસ્ત્રવાળી બનેલી, મેઘ વરસતો હોવાથી પ્રકાશ-રહિત અંધકાર થવાથી અર્ધા રસ્તે ગિરિગુફામાં ગયાં, ત્યાં વસ્ત્રો સુકવતી તે આવરણ વગરની જન્માવસ્થા જેવી થઇ. આવી રીતિએ તે રાજીમતીને જોતાં રથનેમિ સંયમ પ્રતિ ભગ્નચિત્તવાળો બન્યો અર્થાત્ કામાતુર થયો. તે પછી રાજી-મતીએ પણ તે રથનેમિને જોયો. ત્યારબાદ 'બલાત્કારથી આ મારા શીલનો ભંગ ન કરે.'—એમ ધારી, ભયવાળા બની, ત્યાં એકાંતમાં તે સાધુને જોતાં બે હાથથી સ્તન ઉપર મર્કટબંધ કરી, રાજીમતી શીલભંગના ભયથી થરથરતી બેસે છે. હવે સમુદ્રવિજયના પુત્ર રથનેમિ પણ તેવા પ્રકારની રાજીમતીને જોતાં આ પ્રમાણે વાકય કહે છે કે—'હે મનોહરભાષિણી ! સુરૂપે ! ભદ્રે ! હું રથનેમિ છું. તું મારો સ્વીકાર કર તને કોઇ પીડા થશે નહિ. પીડાની શંકાથી તું કેમ ધ્રુજે છે ? વિષયસેવન એ પીડાનો હેતુ નથી, પરન્તુ સુખનો જ હેતુ છે. આવો, આપણે બંને ભોગો ભોગવીએ; કેમ કે મનુષ્યભવ અતિ દુર્લભ છે. ભુક્તભોગી બનીને પછીથી આપણે શ્રી જિનમાર્ગને આચરીશું. ૩૩ થી ૩૮

દટ્ઠુણ રહનેમિં તં, ભગ્ગુડજ્જોઅપરાઇઅં ।
રાઈમઈ અસંભંતા, અપ્પાણં સંવરે તહિં ॥૩૯॥
અહ સા રાયવરકન્ના, સુટ્ઠિઆ નિઅમવ્વએ ।
જાઈં કુલં ચ સીલં ચ, રક્ખમાણી તયં વએ ।૪૦।

જઇસિ રૂવેણ વેસમણો, લલિએણ નલકૂબરો ।
તહાવિ તે ન ઇચ્છામિ, જઈસિ સક્ખં પુરંદરો ।૪૧।
ધિરત્થુ તે જસો કામી, જો તં જીવિયકારણા ।
વંતં ઇચ્છસિ આવેઉં, સેયં તે મરણં ભવે ।૪૨।
અહં ચ ભોગરાયસ્સ, તં ચ સિ અંધગવણ્હિણો ।
મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુઓ ચર ।૪૩।
જઇ તં કાહિસિ ભાવં, જા જા દિચ્છસિ નારિઓ ।
વાયાવિદ્ધુવ્વ હડો, અટ્ઠિઅપ્પા ભવિસ્સસિ ।૪૪।
ગોવાલો ભંડવાલો વા, જહા તદ્દવ્વણિસ્સરો ।
એવં અણિસ્સરો તં પિ, સામણ્ણસ્સ ભવિસ્સસિ ।૪૫।

।। સપ્તભિઃ કુલકમ્ ।

હવે સંયમમાં ઉત્સાહના ભંગવાળા અને સ્ત્રી-પરિષહથી હારેલા તે રથનેમિને જોઇ, બલાત્કારથી આ અકાર્ય કરનાર નથી-એમ માની, નિર્ભય બનેલા રાજીમતી વસ્ત્રોથી પોતાના શરીરને ઢાંકી દે છે. ઇન્દ્રિયસંયમમાં અને દીક્ષામાં અત્યંત સ્થિરતાવાળી, જાતિ-કુલ-શીલની રક્ષા કરતી રાજવર કન્યા રાજીમતી હવે તેને પડકારવા લાગી કે-'ભલે તું રૂપથી વૈશ્રમણ કે સવિલાસ ચેષ્ટાથી નલકુબેર હો કે સાક્ષાત્ ઇન્દ્ર હો ! તો પણ ત્રણેય કાળમાં હું તને ચાહનારી નથી. હે કામિન ! તારા મહાકુલના જન્મથી થયેલ યશને ધિક્કાર હો ! અથવા અપકીર્તિના અભિલાષી તને ધિક્કાર હો ! શું તું અસંયમ જીવન માટે દીક્ષા સ્વીકારી વમેલા ભોગસુખને ભોગવવાની ઇચ્છા કરે

છે ? તેના કરતાં મરણનો સ્વીકાર શ્રેયસ્કર છે, પરન્તુ વમેલાનું પાન કરવું હિતકર નથી. વળી હું ઉગ્રસેનની પુત્રી છું અને તું યદુકુલમાં પેદા થયેલ છે. આપણે બંને ઉચ્ચતમ કુળનાં છીએ, માટે ગંધનકુલના સાપ જેવા આપણે બનીએ નહિ એનો ખ્યાલ કરીને અને સ્થિર બનીને સંયમનું સેવન-આરાધન કરો ! વળી જો તું જે જે નારીઓને જોઇને તેઓના વિષે ભોગની ઈચ્છા રૂપ ભાવ કરીશ, તો પવનથી હલાવાયેલ હડ નામના વૃક્ષની માફક અસ્થિર મનવાળો થઇશ બીજાની ગાયોનું પાલન કરે તે ગોવાળ અને બીજાના ભાંડોનું ભાડું વગેરેથી પાલન કરે તે ભાંડપાલ કહેવાય છે. તેઓ જેમ બીજાની ગાયોના-દ્રવ્યોના ઇશ્વર નથી, તેમ તું પણ વેષ માત્રનો ધારક-શ્રામણ્યનો ઇશ્વર થઈશ નહિ, કેમ કે-ભોગાભિલાષાથી શ્રામણ્યના ફલનો અભાવ છે. ૩૯ થી ૪૫

તીસે સો વયણં સુચ્ચા, સંજઈએ સુભાસિયં ।
અંકુસેણ જહા નાગો, ધમ્મે સંપડિવાઇઓ ।૪૬।
મણગુત્તો વયગુત્તો, કાયગુત્તો જિઈંદિઓ ।
સામણ્ણં નિચ્ચલં ફાસે,
જાવજ્જીવં દઢવ્વઓ ।।૪૭।। યુગ્મમ્ ।

તે રથનેમિ, તે સંયમધારિણી રાજીમતીનું વચન સાંભળી, જેમ અંકુશથી હાથી માર્ગમાં સ્થિર થાય તેમ ચારિત્ર નામના ધર્મમાં સ્થિર થયા, તેમજ મન વચન

કાયાની ગુપ્તિથી ગુપ્ત, જિતેન્દ્રિય અને દૃઢવ્રતી બની યાવ-જ્જીવ સુધી શ્રામણ્યનો નિશ્ચલતાથી સ્પર્શ કરનાર બન્યા. ૪૬-૪૭

ઉગ્ગં તવં ચરિત્તાણં, જાયા દુણ્ણિવિ કેવલી ।
સવ્વં કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં પત્તા અણુત્તરં ।૪૮।

ઉગ્ર તપ આચરીને બંને જણ (રથનેમિ અને રાજી-મતી) કેવલી બન્યા અને સર્વ કર્મોને ખપાવી અનુત્તર સિદ્ધગતિને પામ્યા. ૪૮

એવં કરિંતિ સમ્બુદ્ધા, પંડિઆ પવિઅક્ખણા ।
વિણીઅટ્ટંતિ ભોગેસુ, જહા સે પુરિસોત્તમો ત્તિબેમિ ૪૯

જેમ આ પુરુષોત્તમ રથનેમિ સ્ખલના થવા છતાં વિશેષથી તેને સુધારી ભોગોથી અટકી ગયા, તેમ સંબુદ્ધ પંડિત અને પ્રવિચક્ષણો સ્ખલનાને સુધારી ભોગોથી અટકી જાય છે. એમ હે જંબૂ ! હું કહું છું. ૪૯

બાવીસમું શ્રી રથનેમિયાધ્યયન સંપૂર્ણ.

## શ્રી કેશીગૌતમીયાધ્યયન-૨૩

જિણે પાસિત્તિ નામેણં, અરહા લોગપૂઇએ ।
સંબુદ્ધપ્પા ય સવ્વણ્ણૂ, ધમ્મતિત્થયરે જિણે ।૧।

ત્રણ લોકના લોકથી પૂજિત, સંબુદ્ધાત્મા, સર્વજ્ઞ ધર્મતીર્થંકર, રાગ-દ્વેષ વગેરેના વિજેતા અને સકળ કર્મ વિજેતા શ્રી પાર્શ્વનાથ નામના ત્રેવીશમા તીર્થંકર અરિહંત ભગવાન હતા. ૧.

તસ્સ લોગપઈવસ્સ, આસિ સીસે મહાયસે ।
કેસી કુમારસમણે વિજ્જાચરણપારગે ।૨।
ઓહિનાણસુએ બુદ્ધે, સીસસંઘસમાઉલે ।
ગામાણુગામં રીયંતે, સેડવિ સાવત્થિમાગએ ।૩।
તિંદુયં નામ ઉજ્જાણં, તમ્મિ નગરમંડલે ।
ફાસુએ સિજ્જસંથારે, તત્થ વાસમુવાગએ ।૪।
।। ત્રિભિર્વિશેષકમ્ ।

જ્ઞાન–ચારિત્રમાં પારંગત. શ્રી કેશી નામના કુમાર-શ્રમણ, લોકપ્રદીપ શ્રી પાર્શ્વનાથ પ્રભુના તે મહાયશસ્વી શિષ્ય–સંતાનીય શિષ્ય તરીકે હતા. તે શ્રી કેશીકુમારશ્રમણ મતિ–શ્રુત–અવધિજ્ઞાનથી જ્ઞાની બનેલા, શિષ્યોના સંઘથી પરિવરેલા અને ગ્રામાનુગ્રામ વિહાર કરતા, શ્રાવસ્તીનગરીના સીમાડામાં રહેલ તંદુલ નામના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં તેઓશ્રી સ્વાભાવિક કે આગંતુક જંતુરહિત–શુદ્ધ જગ્યા-શિલાફલક વગેરેવાળા બગીચામાં નિવાસ કરી રહ્યા છે. ૨ થી ૪

અહ તેણેવ કાલેણં, ધમ્મતિત્થયરે જિણે ।
ભયવં વદ્ધમાણુત્તિ, સવ્વલોગંમિ વિસ્સુએ ।૫।
તસ્સ લોગપઈવસ્સ, આસિ સીસે મહાયસે ।
ભયવં ગોયમે નામ, વિજ્જાચરણપારગે ।।૬।।
બારસંગવિઊ બુદ્ધે, સીસસંઘસમાઉલે ।
ગામાણુગામં રીયંતે, સેડવિ સાવિત્થમાગએ ।૭।

કોટ્ઠગં નામ ઉજ્જાણું, તંમિ નગરમણ્ડલે ।
ફાસુએ સિજ્જસંથારે, તત્થ વાસમુવાગએ ।૮।

। ચતુર્ભિઃકલાપકમ્ ।

હવે તે જ કાળમાં રાગ વગેરેના વિજેતા ધર્મ-તીર્થંકર ભગવાન શ્રી વર્ધમાન નામે સર્વ લોકમાં પ્રસિદ્ધ છે. તે લોકપ્રદીપ શ્રી વર્ધમાનસ્વામીના જ્ઞાન–ક્રિયામાં પારંગત અને મહાયશસ્વી શ્રી ગૌતમ નામના શિષ્ય હતા. તે શ્રી ગૌતમસ્વામી પણ બાર અંગના જાણકાર, જ્ઞાની, શિષ્ય–સમુદાયથી પરિવરેલા ગ્રામાનુગ્રામ વિહાર કરતા શ્રાવસ્તીનગરીમાં પધાર્યા. તે નગરીની પર્યંતભૂમિમાં ક્રોષ્ટુક નામનું ઉદ્યાન હતું. શુદ્ધ શય્યા–સંસ્તારકવાળા તે ઉદ્યાનમાં તેઓશ્રી આવી વસ્યા હતા. ૫ થી ૮

કેસી કુમારસમણે, ગોઅમે અ મહાયસે ।
ઉભઓ તત્થવિહરિંસુ, અલ્લીણા સુસમાહિઆ ।૯।

શ્રી કેશીકુમારશ્રમણ અને મહાયશ શ્રી ગૌતમ-સ્વામી ત્યાં બંને ઉદ્યાનમાં મન–વચન-કાયગુપ્તિથી ગુપ્ત અને સારી સમાધિવાળા વિહરણ કરે છે. ૯.

ઉભઓ સિસ્સસંઘાણં, સંજયાણ તવસ્સિણં ।
તત્થ ચિંતા સમુપ્પન્ના, ગુણવંતાણ તાઇણં ।૧૦।

તે બંને સ્વામીઓના ગુણવંત, રક્ષક, તપસ્વી અને સંયત–એવા શિષ્યોને નીચે કહેવાતી ચિન્તા પેદા થઇ. ૧૦

**કેરિસો વા ઇમો ધમ્મો, ઇમો ધમ્મો વ કેરિસો ।**
**આયારધમ્મપ્પણિહી, ઇમા વા સા વ કેરિસી ।૧૧।**

શ્રી ગૌતમસ્વામીના પક્ષમાં મહાવ્રતરૂપ ધર્મ કેવો છે ? અને ધર્મહેતુ હોઈ વેષધારણ વગેરે ક્રિયા-કલાપની વ્યવસ્થા કેવી છે ? એવો શ્રી કેશીપક્ષીય શિષ્યોને વિચાર થાય છે.

જ્યારે શ્રી કુમારશ્રમણ કેશીના પક્ષમાં મહાવ્રત-રૂપ ધર્મ કેવો છે ? અને ધર્મહેતુ હોઈ વેષધારણ વગેરે ક્રિયાકલાપની વ્યવસ્થા કેવી છે ?—એવો શ્રી ગૌતમપક્ષીય શિષ્યોને વિચાર થાય છે. અર્થાત્ બંનેનો ધર્મ શ્રી સર્વજ્ઞ-કથિત છે, તો તેના સાધનોમાં કેમ ભેદ છે ?—આ વસ્તુને અમો જાણવા ઇચ્છીએ છીએ આવી ચિન્તા—વિચાર શ્રાવસ્તી-નગરીમાં રહેલ બંનેના શિષ્યોમાં ઉદ્ભવ્યો. ૧૧

**ચાઉજ્જામોય જો ધમ્મો, જો ઇમો પંચસિક્ખિઓ ।**
**દેસિઓ વદ્ધમાણેણં, પાસેણ ય મહામુણી ।૧૨।**

મહામુનિ શ્રી પાર્શ્વનાથસ્વામીએ ચાર મહાવ્રત-રૂપ ચાતુર્યામ ધર્મ પ્રરૂપ્યો છે, જ્યારે મહામુનિ શ્રી વર્ધમાનસ્વામીએ પાંચ મહાવ્રતરૂપ સાધુધર્મ દર્શાવ્યો છે. અહીં શિષ્યોનો ધર્મવિષયક સંશય વ્યક્ત કરેલ છે. ૧૨

**અચેલગો ય જો ધમ્મો, જો ઇમો સંતરુત્તરો ।**
**એગકજ્જપવન્નાણં, વિસેસે કિં નુ કારણં ।૧૩।**

શ્રી વર્ધમાનસ્વામીએ અચેલકરૂપ આચારધર્મ દર્શાવ્યો છે, જ્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુએ શ્રી વીરસ્વામીની અપેક્ષાએ માન-વર્ણથી વિશેષિતરૂપ સાન્તર અને મહા મૂલ્ય-પણાએ પ્રધાનરૂપ ઉત્તર વસ્ત્રોવાળો આચારધર્મ કહ્યો છે. એક મુક્તિરૂપ કાર્ય–ફલને ઉદ્દેશી પ્રવૃત્ત થયેલ બંને પ્રકારના આચારધર્મમાં ભેદનું શું કારણ છે ?–આવો આચાર–વ્યવસ્થાધર્મનો સંશય વ્યક્ત કર્યો છે–એમ સમજવું. ૧૩

**અહ તે તત્થ સીસાણં, વિન્નાય પવિયક્કિયં ।**
**સમાગમે કયમઈ, ઉભઓ કેસિગોયમા ।૧૪।**

**ગોયમો પડિરુવન્નૂ, સીસસંઘસમાઉલે**
**જિટ્ઠં કુલમવિક્ખંતો, તિંદુયં વણમાગઓ ।૧૫।**

**કેસીકુમારસમણે, ગોયમં દિસ્સમાગયં ।**
**પડિરુવં પડિવત્તિં, સમ્મં સંપડિવજ્જઈ ।૧૬।**

**પલાલં ફાસુયં તત્થ, પંચમં કુસતણાણિ ય ।**
**ગોયમસ્સ નિસિજ્જાએ, ખિપ્પં સંપણામએ ।૧૭।**

**। ચતુર્ભિઃકલાપકમ્ ।**

આ પ્રમાણે પરસ્પર શિષ્યોની ચિન્તા પ્રગટ થતાં શ્રી કેશી અને શ્રી ગૌતમસ્વામીએ શું કર્યું ? તેનું વર્ણન કરે છે કે–શ્રાવસ્તીના ઉદ્યાનમાં રહેલા શિષ્યોનો આ વિચાર જાણી બંને યૂથપતિઓ સમાગમ-મિલનમાં બુદ્ધિવાળા થયા અને ભેગા થવાનો સંકલ્પ કર્યો. યથોચિત વિનયરૂપ

પ્રતિપત્તિના જાણકાર પહેલાં થયેલ હોવાથી, જ્યેષ્ઠ શ્રીપાર્શ્વ-નાથ પ્રભુના સંતાનરૂપ કુલને ગણતા શ્રી ગૌતમસ્વામી શિષ્ય સમુદાયની સાથે પહેલ કરી તિંદુક વનમાં પધાર્યા. હવે શ્રી કેશીકુમારશ્રમણ શ્રી ગૌતમસ્વામીને પધારેલા જોતાં, અભ્યાગત કર્તવ્યરૂપ–યથોચિત પ્રતિપત્તિરૂપ વિનયને સારી રીતિએ કરે છે. શ્રી ગૌતમસ્વામીજીને બેસવા માટે પ્રાસુક પલાલના પાંચમા ભેદરૂપ કુશતૃણોનું સમર્પણ શ્રી કેશીકુમાર શ્રમણ કરે છે. ૧૪ થી ૧૭

કેસીકુમારસમણે, ગોઅમે અ મહાયસે ।
ઉભઓ નિસન્ના સોહન્તિ, ચંદસૂરસમપ્પહા ૧૮।

મહાયશ શ્રી કેશીકુમારશ્રમણ અને મહાયશ શ્રી ગૌતમસ્વામી બંને, પોતપોતાના આસન ઉપર બેઠેલા ચંદ્ર અને સૂર્યની સમાન પ્રભાવાળા શોભી રહ્યા છે. ૧૮

સમાગયા બહૂ તત્થ, પાસંડા કોઉગામિઆ ।
ગિહત્થાણુમણેગાઓ, સાહસ્સાઓ સમાગયા ।૧૯।

દેવદાણવગંધવ્વા, જક્ખરક્ખસકિન્નરા ।
અદિસ્સાણ ય ભૂઆણં, આસિ તત્થ સમાગમો ।૨૦।
। યુગ્મમ્ ।

આ સમયે અજ્ઞ હોઈ મૃગ જેવા જૈનેતર સાધુઓ અને અનેક હજારોની સંખ્યામાં ગૃહસ્થીઓ આવ્યા, તેમજ દેવ–દાનવ–ગાંધર્વો તથા યક્ષ–રાક્ષસ–કિન્નરો દશ્યરૂપે અને કેલીકિલ વ્યંતરો અદૃશ્યરૂપે ભેગા થયા. ૧૯–૨૦

પુચ્છામિ તે મહાભાગ ! કેસી ગોઅમમબ્બવી ।
તઓ કેસીં બુવંતં તુ, ગોઅમો ઇણમબ્બવી ।૨૧।
પુચ્છ ભંતે ! જહિચ્છં તે, કેસી ગોઅમમબ્બવી ।
તઓ કેસી અણુણ્ણાએ, ગોઅમં ઇણમબ્બવી ।૨૨।
। યુગ્મમ્ ।

શ્રી કેશીશ્રમણ શ્રી ગૌતમને કહે છે કે–હે મહાભાગ! અતિશય અચિંત્ય શક્તિશાળી ! હું તમોને પૂછવાની ઈચ્છા રાખું છું. ત્યારે શ્રી ગૌતમે શ્રી કેશીને આ પ્રમાણે કહ્યું કે–હે ભદંત ! ભગવન્ ! આપ મને ઇચ્છા પ્રમાણે પૂછી શકો છો. બાદ અનુજ્ઞાને પામેલા શ્રી કેશી શ્રી ગૌતમને પૂછે છે, ૨૧–૨૨

ચાઉજ્જામો અ જો ધમ્મો જો ઇમો પંચસિક્ખિઓ ।
દેસિઓ વદ્ધમાણેણં, પાસેણ ય મહામુણી ।૨૩।
એગકજ્જપવન્નાણં, વિસેસે કિં નુ કારણં ।
ધમ્મે દુવિહે મેહાવી, કહં વિપ્પચ્ચઓ ન તે ।૨૪।
। યુગ્મમ્ ।

મહામુનિ શ્રી પાર્શ્વનાથસ્વામીએ ચાતુર્યામરૂપ જે ધર્મ બતાવ્યો અને મહામુનિ શ્રી વર્ધમાનસ્વામીએ પંચ-મહાવ્રતરૂપ જે આ ધર્મ પ્રરૂપ્યો, તો એક જ કાર્ય માટે પ્રવૃત્ત થયેલ બંને ધર્મોના ભેદમાં શું કારણ છે? હે મેધાવિન્ ! આ બે પ્રકારના ધર્મોમાં આપને કેમ અવિશ્વાસ નથી થતો ? કેમ કે–જો સર્વજ્ઞપણું સમાન છે તો શા માટે આ મતભેદ કર્યો ? ૨૩–૨૪

તઓ કેસિં બુવન્તં તુ, ગોયમો ઇણમબ્બવી ।
પન્ના સમિક્ખએ ધમ્મં, તત્તં તત્તવિણિચ્છિયં ॥૨૫॥
પુરિમા ઉજ્જુજડા ઉ, વક્કજડા ય પચ્છિમા ।
મજ્ઝિમા ઉજ્જુપણ્ણા ઉ, તેણ ધમ્મે દુહા કએ ॥૨૬॥
પુરિમાણં દુવ્વિસુજ્ઝો ઉ, ચરિમાણં દુરણુપાલઓ
કપ્પો મજ્ઝિમગાણં તુ, સુવિસુજ્ઝો સુપાલઓ ॥૨૭॥
। ત્રિભિર્વિશેષકમ્ ।

ત્યારબાદ શ્રીકેશીને શ્રીગૌતમે કહ્યું કે–બુદ્ધિ જેનાથી જીવાદિ તત્ત્વોનો વિનિશ્ચય છે–એવા ધર્મપરમાર્થને જુએ છે. અર્થાત્ વાક્યના શ્રવણ માત્રથી જ અર્થનો નિર્ણય થતો નથી, પરન્તુ પ્રજ્ઞાવશાથી થાય છે. પહેલા તીર્થંકરના મુનિઓ સરલ અને જડ છે તે હેતુથી, છેલ્લા તીર્થંકરના સાધુઓ વક્ર પ્રકૃતિના કારણે વક્ર અને જડ છે તે હેતુથી અને મધ્યમ તીર્થંકરના સાધુઓ સરલ અને સુબોધતાને કારણે પ્રાજ્ઞ છે તે હેતુથી, એક કાર્યમાં પ્રવૃત્ત હોવા છતાં ધર્મ બે પ્રકારનો છે. પહેલા તીર્થંકરના સાધુઓને સાધુકલ્પ-આચાર દુઃખે કરી શુદ્ધ કરી શકાય એવો છે, કેમ કે–ગુરુ દ્વારા સમજાવવા છતાં પણ જડતાના કારણે ગુરુનું વાક્ય સમ્યક્ જાણી શકવા તેઓ સમર્થ થતા નથી. જ્યારે છેલ્લા તીર્થંકરના સાધુઓને સાધુ–આચાર દુઃખે કરી પાળી શકાય એવા છે. કારણ કે–તેઓ કોઈ પણ રીતિએ જાણતા હોવા છતાં પણ વક્ર–જડતાના કારણે યથાર્થ રીતિએ પાળી શકતા નથી. તેમ જ મધ્યમ તીર્થંકરના સાધુઓને સાધુ–આચાર

સુવિશોધ્ય અને સુપાલક થાય છે, કેમ કે-તેઓ ઋજુ-પ્રાજ્ઞતાના કારણે તે સુખે જાણે છે અને પાળે છે અને તેથી તેઓ ચાતુર્યામના કથનમાં પંચમ યામને જાણવા અને પાળવા માટે સમર્થ છે. કહ્યું છે કે-'અપરિગૃહીત સ્ત્રીનો ભોગ અસંભવિત છે, માટે પરિગ્રહના પચ્ચક્ખાણમાં સ્ત્રીનું પચ્ચક્ખાણ આવી ગયું-એમ બુદ્ધિથી તેઓ જાણે છે.' આવી રીતિએ (તે તે અપેક્ષાએ) શ્રી પાર્શ્વનાથસ્વામીએ ચાતુર્યામ ધર્મ કહ્યો છે. પૂર્વના કે પછીના તેવા નહિ હોવાથી શ્રી ઋષભદેવસ્વામીએ અને શ્રી વર્ધમાનસ્વામીએ પંચમહાવ્રતરૂપ ધર્મ કહ્યો છે. આ પ્રમાણે વિચિત્ર બુદ્ધિ-વાળા શિષ્યોના ઉપકારને માટે ધર્મના બે પ્રકારો છે. તે વાસ્તવિક કે તાત્ત્વિક નથી. ૨૫ થી ૨૭

સાહુ ગોઅમ ! પણ્ણા તે,
વિણ્ણો મે સંસઓ ઇમો ।
અન્નો વિ સંસઓ મજ્ઝં,
તં મે કહસુ ગોઅમા ।૨૮।

અચેલઓ ય જો ધમ્મો, જો ઇમો સંતરુત્તરો ।
દેસિઓ વદ્ધમાણેણ, પાસેણ ય મહામુણી ।૨૯।
એગકજ્જપવન્નાણં, વિસેસે કિં નુ કારણં ।
લિંગે દુવિહે મેહાવી, કહં વિપ્પચ્ચઓ ન તે ।૩૦।
કેસિમેવં બ્રુવાણં તુ, ગોયમો ઇણમબ્બવી ।
વિન્નાણેણ સમાગમ્મ, ધમ્મસાહણમિચ્છિઅં ।૩૧।

પચ્ચયત્થં ચ લોગસ્સ, નાણાવિહવિકપ્પણં ।
જત્તત્થં ગહણત્થં ચ, લોગે લિંગપઓયણં ।૩૨।
અહ ભવે પઇન્ના ઉ, મુક્ખસબ્ભૂયસાહણા ।
નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચેવ નિચ્છએ ।૩૩।
। ષડ્‌ભિઃકુલકમ્ ।

હે ગૌતમ ! તમારૂં જ્ઞાન શ્રેષ્ઠ છે અને તેનાથી તમે અમારા શિષ્યોનો સંશય દૂર કર્યો. વળી જે બીજો સંશય છે તેને પણ તમે દૂર કરો ! તે એ કે-મહા યશસ્વી શ્રી વર્ધમાન-સ્વામીએ અચેલક કલ્પ કહ્યો છે અને મહાયશ શ્રી પાર્શ્વનાથ-સ્વામીએ શ્રી મહાવીર-શિષ્યોની અપેક્ષાએ વિશિષ્ટમાન-વર્ણ તથા બહુ મૂલ્યવંત પ્રધાન વસ્ત્રવાળો કલ્પ કહ્યો છે. એક કાર્ય માટે પ્રવૃત્ત બન્નેના કલ્પના ભેદનું શું કારણ છે ? હે મેધાવિન્ ! બે પ્રકારના લિંગભેદમાં શું અવિશ્વાસ થતો નથી ?

શ્રી કેશીના આ પ્રશ્નનો શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે-કેવલજ્ઞાનરૂપી વિજ્ઞાનથી જે જેને ઉચિત હોય, તે તેને તે રીતિએ જાણીને વર્ષાકલ્પ વગેરે ધર્મોપકરણ-સાધન દર્શાવ્યું છે. પહેલાંના અને છેવટના સાધુઓને જો લાલ વસ્ત્રો આદિની અનુજ્ઞા આપવામાં આવે, તો ઋજુ-વક્ર-જડતાના કારણે વસ્ત્રોને રંગવા વગેરેમાં પણ પ્રવૃત્તિ કરી બેસે ! આથી તેની રજા આપી નથી. શ્રી પાર્શ્વનાથ પ્રભુના શિષ્યો તેવા નહિ હોવાથી તેઓને લાલ વગેરે વસ્ત્રની અનુજ્ઞા કરેલ છે. વળી 'આ જૈન સાધુઓ છે'

–એની પ્રતીતિ માટે નિયત–રજોહરણ વગેરેના નાનાવિધ ઉપકરણની વ્યવસ્થા–રચના કરેલ છે. વળી સંયમનિર્વાહરૂપ યાત્રા માટે મુનિવેષરૂપ લિંગનું પ્રયોજન છે, કેમ કે–વર્ષાકલ્પ–કંબલ વગેરે વિના વૃષ્ટિ વગેરેમાં સંયમની બાધા જ થાય ! વળી 'હું મુનિ છું'–એવા પોતાના જ્ઞાન માટે મુનિવેષરૂપ લિંગનું પ્રયોજન છે, કેમ કે–કોઈ વખત મનની અસ્થિરતાવાળી દશામાં પણ 'હું મુનિ છું' તેનું ભાન રહે છે. વળી જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ રત્નત્રયી જ મોક્ષનાં તાત્ત્વિક કારણો છે.'–એવી પ્રતિજ્ઞા–સ્વીકાર શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરમાં એક જ છે, એમાં ભેદ નથી. જ્ઞાનાદિ રત્નત્રયી જ મુક્તિનું સાધન છે પરન્તુ લિંગ નહિ, એવી નિશ્ચયનયની દૃષ્ટિ છે. વ્યવહારનયની દૃષ્ટિએ મુક્તિનું સાધન રત્નત્રયી અને તેનું સહાયક–રક્ષક–ઉપકારક મુનિવેષ પણ મુક્તિનું સાધન છે. આમ બંને નયો શ્રી જૈનશાસનમાં માન્ય છે. આથી પંડિતોને તેનો ભેદ વિસંવાદ–અવિશ્વાસનો હેતુ બનતો નથી. ૨૮ થી ૩૩

સાહુ ગોઅમ ! પણ્ણા તે,
છિન્નો મે સંસઓ ઇમો ।
અન્નોવિ સંસઓ મજ્ઝં,
તં મે કહસુ ગોઅમા ।૩૪।

અણેગાણ સહસ્સાણં, મજ્ઝે ચિટ્ઠસિ ગોઅમા ।
તે અ તે અભિગચ્છંતિ, કહં તે ણિજ્જિઆ તુમે ? ।૩૫।

એગે જિએ જિઆ પંચ,
પંચ જિએ જિઆ દસ ।
દસહા ઉ જિણિત્તાણં, સવ્વસત્તૂ જિણામહં ।૩૬।
સત્તૂ અ ઇઇ કે ઉત્તે, કેસી ગોઅમબ્બવી ।
તઓ કેસીં બુવન્તં તુ, ગોઅમો ઇણમબ્બવી ।૩૭।
એગપ્પા અજિએ સત્તૂ, કસાયા ઈંદિઆણિ અ ।
તે જિણિત્તુ જહાણાયં, વિહરામિ અહં મુણી ।૩૮।
। પંચભિઃકુલકમ્ ।

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા ઉત્તમ છે અને આથી આ આચારવિષયક સંશય આપે અમારા શિષ્યોનો દૂર કર્યો. હવે જે બીજો સંશય આપની પાસે રજુ થાય છે તેને પણ આપ દૂર કરો ! હે ગૌતમ ! આપ હજારો શત્રુઓની વચ્ચે ઉભા રહ્યા છો. જે શત્રુઓ આપના તરફ દોડી રહ્યા છે, તે શત્રુઓને આપે કેવી રીતિએ હરાવ્યા ?

હવે શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે—એક શત્રુને જીતવાથી પાંચ શત્રુઓ જીતાયા અને પાંચ શત્રુઓને જીતવાથી દશ શત્રુઓ જીતાયા, તેમજ દશ શત્રુઓને જીતીને અનેક હજાર શત્રુઓ-સર્વ શત્રુઓને હું જીતું છું.

હવે શ્રી કેશી શ્રી ગૌતમને પૂછે છે કે—તમે જે શત્રુ કહ્યો તે શત્રુ કોણ છે ?

તેનો શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે—અજિત એટલે નહિ જિતાયેલ એક આત્મા, એટલે જીવ અથવા મન (અભેદ ઉપચારથી) શત્રુ છે, કેમ કે-તે અનેક અનર્થોની

પ્રાપ્તિનો હેતુ છે. વળી નહિ જીતાયેલા કષાયો શત્રુઓ છે, અર્થાત્ આત્માની સાથે મેળવતાં એક જીવ અથવા મન અને ચાર કષાયો એમ પાંચ શત્રુઓ છે. તે ઉપરાન્ત અજિત પાંચ ઇન્દ્રિયો પણ શત્રુઓ છે. એટલે ઉપરના પાંચની સાથે આ પાંચ ઇન્દ્રિયો મેળવતાં દશ શત્રુઓ સમજવા. આ દશ શત્રુઓને જીતતાં હાસ્ય વગેરે નવ નોકષાય આદિ સર્વ શત્રુઓ જીતાયા જ સમજવા. આ રીતિએ શત્રુઓને જીતીને, હે મુનિ! પૂર્વોક્ત ન્યાય પ્રમાણે તેઓના મધ્યમાં રહેવા છતાં પણ અપ્રતિબદ્ધ વિહારિતારૂપે હું વિચરું છું. ૩૪થી ૩૮

સાહુ ગોયમ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઇમો।
અન્નોવિ સંસઓ મજ્ઝં, તં કહસુ ગોઅમા ।૩૯।
દીસંતિ બહવે લોએ, પાસબદ્ધા સરીરિણો ।
મુક્કપાસો લહુબ્ભૂઓ, કહ તં વિહરસી મુણી ।૪૦।
તે પાસે સવ્વસો છિત્તા, નિહંતૂણ ઉવાયઓ ।
મુક્કપાસો લહુબ્ભૂઓ, વિહરામિ અહં મુણી! ।૪૧।
પાસા ય ઇઇ કે વુત્તા ? કેસી ગોયમમબ્બવી ।
કેસિમેવં બુવંતં તુ, ગોયમો ઇણમબ્બવી ।૪૨।
રાગદ્દોસાદઓ તિવ્વા, નેહપાસા ભયંકરા ।
તે છિંદિત્તુ જહાનાયં, વિહરામિ જહક્કમ્મં ।૪૩।
। પંચભિઃકુલકમ્ ।

શ્રી કેશી કહે છે કે–હે ગૌતમ! તમારી બુદ્ધિ ઉત્તમ છે, કે જે બુદ્ધિથી આ સંશય તમે દૂર કર્યો. હવે હું તમોને જે બીજો સંશય પૂછું છું તેને તમે કહો! હે મુનિ! આ

લોકમાં પાશથી બંધાયેલા ઘણા પ્રાણીઓ દેખાય છે. તમો પાશથી મુક્ત બની સઘળે પ્રતિબંધ વગરના હોઈ, વાયુની જેમ લઘુભૂત–હલકા બનેલા કેમ વિચરો છો! શ્રી ગૌતમસ્વામી તેનો જવાબ આપે છે કે–સત્ય ભાવનાના અભ્યાસ રૂપ ઉપાયથી સર્વ પાશોને ફરીથી ન બંધાય તે રીતિએ છેદીને, પાશથી મુક્ત બની લઘુભૂત થયેલો હે મુનિ! હું વિચરું છું. હવે શ્રી કેશી શ્રી ગૌતમને પૂછે છે કે પાશ શબ્દવાચ્ય કયા પાશો કહેલા છે? શ્રી ગૌતમે જણાવ્યું કે–ગાઢ રાગ–દ્વેષ–મોહ વગેરે પરવશતાના હેતુ હોઈ, પાશ સમાન પુત્ર વગેરે સંબંધરૂપ સ્નેહો અનર્થકારી હોઇ ભયંકર પાશો છે. તો યથા ન્યાયે આધ્યાત્મિક સર્વ પાશોને છેદી, યતિવિહિત આચારના અનુસારે હું વિચરું છું. ૩૯થી૪૩

સાહુ ગોયમ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઇમો ।
અન્નોવિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા!૪૪।
અંતોહિઅય સંભૂયા, લયા ચિટ્ઠઇ ગોયમા!।
ફલેઇ વિસભક્ખીણં, સા ઉ ઉદ્ધરિયા કહં ૪૫।
તં લયં સવ્વસો છિત્તા, ઉદ્ધરિત્તુ સમૂલિયં ।
વિહરામિ જહાનાયં, મુક્કોમિ વિસભક્ખણં ૪૬।
લયા ય ઇઇ કા વુત્તા? કેસી ગોયમમબ્બવી ।
કેસિમેવં બુવંતં તુ, ગોયમો ઇણમબ્બવી ૪૭।
ભવતણ્હા લયા વુત્તા, ભીમા ભીમફલોદયા ।
તમુદ્ધિત્તુ જહાનાયં, વિહરામિ મહામુણી! ૪૮।
॥ પંચભિઃકુલકમ્ ॥

શ્રી કેશી કહે છે કે–હે ગૌતમ ! આપની બુદ્ધિ અત્યુત્તમ છે, કે જેથી પૂછાયેલ સંશય દૂર થયો. હવે જે બીજો સંશય થાય છે તેનો તમો જવાબ આપશો. હે ગૌતમ ! મનમાં ઉત્પન્ન થયેલી એક લતા છે, કે જે પરિણામે ભયંકર વિષ જેવા ફલોને આપે છે. એવી લતાનું તમોએ કેવી રીતિએ ઉન્મૂલન કર્યું ? શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે–તે સંપૂર્ણ લતાને છેદીને અને તેનું રાગ–દ્વેષાદિ મૂલ સહિત ઉન્મૂલન કરીને વિષ ફલના આહાર સમાન ક્લિષ્ટ કર્મથી મુક્ત બનેલો હું છું અને પૂર્વોક્ત ન્યાયે હું વિચરું છું. હવે શ્રી કેશી શ્રી ગૌતમને પૂછે છે કે–તમોએ એ લતા કઈ કહેલી છે ? શ્રી ગૌતમ કહે છે કે–સ્વરૂપથી ભય આપનારી દુઃખહેતુ હોઈ ભીમ જેવી અને જેનાથી ક્લિષ્ટ કર્મરૂપ ફલોનો ઉદય–વિપાક છે એવી ભવતૃષ્ણા ( સાંસારિક સુખ–વિષયક લોભ ) એ આધ્યાત્મિક–મનઃસ્થ લતા કહેલ છે. હે મહામુનિ ! તે લતાનું મૂલતઃ ઉન્મૂલન કરી હું ન્યાય પ્રમાણે વિચરું છું. ૪૪ થી ૪૮

સાહુ ગોઅમ ! પણ્ણા તે, છિન્નો મે સંસઓ ઇમો ।
અણ્ણોવિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોઅમા ।૪૯।

સંપજ્જલિઆ ઘોરા, અગ્ગી ચિટ્ઠઇ ગોઅમા ! ।
જે ડહંતિ સરીરત્થા, કહં વિજ્ઝાવિયા તુમે ? ।૫૦।

મહામેહપ્પસૂઆઓ, ગિજ્ઝ વારિ જલોત્તમં ।
સિંચામિ સયયં તે ઉ, સિત્તા નો અ દહંતિ મે ।૫૧।

અગ્ગી અ ઇઇ કે વુત્તે, કેસી ગોઅમમબ્બવી ।
તઓ કેસીં બુવંતં તુ, ગોઅમો ઇણમબ્બવી ।પ૨।
કસાયા અગ્ગિણો વુત્તા, સુઅસીલતઓ જલં ।
સુઅધારામિહયા સંતા, ભિન્ના હુ ન ડહંતિ મે ।પ૩।
। પંચભિઃ કુલકમ્ ।

હે ગૌતમ ! આપની બુદ્ધિ સર્વશ્રેષ્ઠ છે, કે જે બુદ્ધિએ સંશયનો નિરાસ કર્યો. હવે બીજો પ્રશ્ન રજૂ કરવામાં આવે છે–હે ગૌતમ ! શરીરમાં રહેલી ચારેય બાજુએથી ઉત્કૃષ્ટ રીતિએ જ્વલિત અને ઘોર અગ્નિઓ તમે કેવી રીતિએ બુઝાવી ? હવે શ્રી ગૌતમસ્વામી કહે છે કે–'મહા મેઘથી પેદા થયેલ જલપ્રવાહમાંથી તમામ જલ કરતાં ચડીયાતું જલ લઈ તે અગ્નિઓને હું બુઝાવું છું અને તેથી સિંચાયેલ તે અગ્નિઓ મને બાળતી નથી. હવે શ્રી કેશી શ્રી ગૌતમને પૂછે છે કે–તમે કોને અગ્નિ અને મહામેઘ કહો છો ? તેનો શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે, શ્રી જિનેશ્વરોએ 'કષાયો' તપાવનાર–શોષવનાર હોઇ તેને અગ્નિ તરીકે કહ્યા છે. કષાયના ઉપશમહેતુ શ્રુતાન્તર્ગત ઉપદેશ, મહાવ્રતરૂપ શીલ અને તપ એ 'જલ' છે. જગતને આનંદ આપનાર હોઇ તીર્થંકર 'મહામેઘ' ના સ્થાને છે. તેઓશ્રીથી ઉત્પન્ન થયેલ શ્રી જિનાગમરૂપ 'શ્રોત' છે. શ્રુત વગેરે જલથી પરિભાવના આદિરૂપ ધારાઓથી હણાયેલ–સિંચાયેલ પૂર્વોક્ત સ્વરૂપવાળી અગ્નિઓ ભિન્ન ભેદાયેલ અને શાન્ત થયેલી મને બાળી શકતી નથી. ૪૯ થી ૫૩

સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઇમો ।
અન્નોવિ સંસઓ મજ્ઝ, તં મે કહસુ ગોયમા ।૫૪।
અયં સાહસ્સીઓ ભીમો, દુટ્ઠોસ્સો પરિધાવઈ ।
જંસિ ગોયમ ! આરુઢો, કહ તેણ ન હીરસિ ? ।૫૫।
પહાવંતં નિગિણ્હામિ, સુયરસ્સી સમાહિયં ।
ન મે ગચ્છઇ ઉમ્મગ્ગં, મગ્ગં ચ પડિવજ્જઈ ।૫૬।
આસે ય ઇઇ કે વુત્તે ? કેસી ગોયમમબ્બવી ।
તઓ કેસિં બુવંતં તુ, ગોયમો ઇણમબ્બવી ।૫૭।
મણો સાહસ્સીઓ ભીમો, દુટ્ઠસો પરિધાવઇ ।
તં સમ્મં તુ નિગિણ્હામિ, ધમ્મસિક્ખાઇ કંથગં ।૫૮।
। પંચભિઃકુલકમ્ ।

હે ગૌતમ ! આપની બુદ્ધિ સરસ છે, કે જે બુદ્ધિએ આ સંશયનું ખંડન કર્યું. હવે એક બીજો પ્રશ્ન રજૂ થાય છે તેનો આપ ખુલાસો કરો. હે ગૌતમ ! આ સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો દોડી રહ્યો છે, કે જેના ઉપર આપ આરૂઢ થયેલા છો. છતાં તે ઘોડો આપને ઉન્માર્ગમાં કેમ લઈ જતો નથી ? ત્યારે શ્રી ગૌતમ કહે છે કે, ઉન્માર્ગ તરફ દોડતા તે ઘોડાને હું આગમરૂપી રજ્જુથી બંધાયેલો કરૂં છું યાને આગમરૂપી લગામથી હું ઘોડાને કબજે રાખું છું. આ ઘોડો ભલે દુષ્ટ હોય તો પણ તે ઉન્માર્ગે જતો નથી પરન્તુ માર્ગે ચાલે છે. હવે શ્રી કેશીએ શ્રી ગૌતમને કહ્યું કે તમે જે ઘોડો કહ્યો તે કોણ ? ત્યારે શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે,

સાહસિક-ભીમ 'મન' એ દુષ્ટ અશ્વ છે. જે મનરૂપી દુષ્ટ અશ્વ દોડી રહ્યો છે, તેને ધર્મ-અભ્યાસ માટે કંથક-જાતિમાન ઘોડાની માફક સારી રીતિએ હું લગામમાં-કાબુમાં કરૂં છું, અર્થાત્ દુષ્ટ ઘોડો પણ જો નિગ્રહયોગ્ય હોય તો જાતિવાન અશ્વ જેવો જ છે. ૫૪ થી ૫૮

સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઇમો ।
અન્નોવિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ! ।૫૯।
કુપ્પહા બહવો લોએ, જેહિં નાસંતિ જંતુણો ।
અદ્ધાણે કહ વટ્ટંતો, તં ન નસ્સસિ ગોઅમા ? ।૬૦।
જે ય મગ્ગેણ ગચ્છંતિ, જે ય ઉમ્મગ્ગપટ્ઠિયા ।
તે સવ્વે વિઇયા મજ્ઝં, તો ન નસ્સામહં મુણી ! ।૬૧।
મગ્ગે ય ઇઈ કે વુત્તે ! કેસી ગોયમમબ્બવી ।
તઓ કેસિં બુવંતં તુ ગોયમો ઇણમબ્બવી ।૬૨।
કુપ્પવયણપાસંડી, સવ્વે ઉમ્મગ્ગપટ્ઠિયા ।
સમ્મગ્ગં તુ જિણક્ખાયં, એસ મગ્ગે હિ ઉત્તમે ।૬૩।
। પંચભિઃકુલકમ્।

હે ગૌતમ ! આપની બુદ્ધિ શ્રેષ્ઠ છે કે જે બુદ્ધિ આ મારો સંશય તોડી નાખનારી બની. હવે બીજો સંશય જે જણાવવામાં આવે છે તેનો આપ ખુલાસો કરો ! હે ગૌતમ ! લોકમાં ઉન્માર્ગો ઘણા છે કે, જે ઉન્માર્ગોથી જંતુઓ નષ્ટ થાય છે. તો તમે સન્માર્ગમાં કેમ વર્તી રહ્યા છો ? સન્માર્ગથી કેમ પડી જતા નથી ? ત્યારે

શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે–હે મુનિ ! જેઓ માર્ગથી જાય છે અને ઉન્માર્ગે જાય છે, તે તમામ માર્ગો મેં જાણ્યા છે. આ સર્વ માર્ગો માર્ગ અને ઉન્માર્ગના જ્ઞાનથી જણાય છે. આથી માર્ગ અને ઉન્માર્ગના જ્ઞાનથી હું નષ્ટ થતો નથી. હવે શ્રી કેશીએ શ્રી ગૌતમને પૂછ્યું કે–જે તમે માર્ગો અને ઉન્માર્ગો જાણ્યા છે તે કયા છે ? શ્રી ગૌતમ કહે છે કે –કુપ્રવચનપાખંડી–કપિલ વગેરે દર્શનમાં રહેલ ઇતર દર્શનીઓ, કુપ્રવચન એ કુમાર્ગ કહેવાય છે તેથી તે બધા ઉન્માર્ગગામીઓ છે, જ્યારે શ્રી જિનેશ્વરે કહેલ ધર્મ–જૈનશાસન સન્માર્ગ છે. આથી આધ્યાત્મિક જૈનદર્શનરૂપ માર્ગ બીજા દર્શનોરૂપી માર્ગોથી ઉત્તમ–ઉત્કૃષ્ટ છે. ૫૯ થી ૬૩

સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઇમો ।
અન્નોવિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ! ।૬૪।
મહાઉદ્દગવેગેણં, વુજ્ઝમાણાણ પાણિણં ।
સરણં ગઇ પઇટ્ઠાય, દીવં કં મન્નસી મુણી ! ।૬૫।
અત્થિ એગો મહાદીવો, વારિમજ્ઝે મહાલઓ ।
મહાઉદ્દગવેગસ્સ, ગઈ તત્થ ન વિજ્જઇ ।૬૬।
દીવે ય ઇઇ કે વુત્તે ? કેસી ગોયમમબ્બવી ।
તઓ કેસિં બુવંતં તુ, ગોયમો ઇણમબ્બવી ।૬૭।
જરામરણવેગેણં, વુજ્ઝમાણાણ પાણિણં ।
ધમ્મો દીવો પઇટ્ઠા ય, ગઈ સરણમુત્તમં ।૬૮।

। પંચભિઃકુલકમ્ ।

હે ગૌતમ! આપની બુદ્ધિ પરમ શ્રેષ્ઠ છે, કે જે પ્રજ્ઞાએ આ મારો સંશય દૂર કર્યો છે, હવે બીજો પણ સંશય જે રજુ થાય છે તેનો પણ આપ ખુલાસો કરો! હે ગૌતમ મુનિ! મહાસાગરના મહા-જલના વેગથી તણાતા પ્રાણીઓને શરણરૂપ, ગતિરૂપ કે પ્રતિષ્ઠારૂપ કોઇ દ્વીપને આપ જાણો છો? શ્રી ગૌતમ જણાવે છે કે-મહાસાગરના જલ મધ્યે ઊંચો અને વિશાલ હોઈ મહાન સ્થાનરૂપ એક મહાન દ્વીપ છે, કે જેમાં મહા-જલના વેગની ગતિ થતી નથી. શ્રી કેશી પૂછે છે કે, આપ મહાદ્વીપ કયો કહો છો? શ્રી ગૌતમ કહે છે કે, જરા-મરણ રૂપી જલપ્રવાહના વેગથી તણાતાં પ્રાણીઓને ગતિ પ્રતિષ્ઠા શરણરૂપ ઉત્તમ શ્રુતધર્મ વગેરે રૂપ દ્વીપ છે. ભવસાગરમાં રહ્યા છતાં મુક્તિનો હેતુ હોઈ તે સત્ય દ્વીપ છે અને તેથી ત્યાં જરા-મરણરૂપ જલપ્રવાહનો વેગ ગતિ કરી શકતો નથી. ૬૪ થી ૬૮

સાહુ ગોઅમ! પણ્ણા તે, છિણ્ણો મે સંસઓ ઇમો।
અન્નોવિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોઅમા ।૬૯।

અણ્ણવંસિ મહોહંસિ, નાવા વિપ્પરિધાવઈ ।
જંસિ ગોઅમમારુઢો, કહં પારં ગમિસ્સસિ ।૭૦।

જા ઉ અસ્સાવિણી નાવા, ન સા પારસ્સ ગામિણી।
જા નિરસ્સાવિણી નાવા, સા ઉ પારસ્સ ગામિણી।૭૧।

નાવા ય ઇઇ કા વુત્તા ! કેસી ગોયમમબ્બવી ।
તઓ કેસિં બુવંતં તુ, ગોયમો ઇણુમબ્બવી ।૭૨।
સરીરમાહુ નાવત્તિ, જીવો વુચ્ચઇ નાવિઓ ।
સંસારો અણ્ણવો વુત્તો, જં તરંતિ મહેસિણો ।૭૩।
। પંચભિઃકુલકમ્ ।

હે ગૌતમ ! આપની બુદ્ધિ સર્વશ્રેષ્ઠ છે, કે જે બુદ્ધિએ આ મારો સંશય પણ દૂર કર્યો છે. હવે બીજો પણ સંશય મૂકવામાં આવે છે તો તેનું પણ તમે સમાધાન કરો ! હે ગૌતમ ! મહા પ્રવાહવાળા સમુદ્રમાં નાવ વિશેષથી ચારેય બાજુ ચાલી જાય છે, તો તમે જે નાવમાં આરૂઢ થયા છો તેથી કેવી રીતિએ સામે કાંઠે પહોંચશો ? શ્રી ગૌતમ જણાવે છે કે-જે નાવ છિદ્રવાળી–પાણી ગ્રહણ કરનારી છે તે સમુદ્રના કિનારે પહોંચાડનારી નથી. પણ જે નાવ છિદ્ર વગરની–જલના આગમન વગરની છે તે સમુદ્રને પાર કરનારી છે. આથી છિદ્ર વગરની નાવ ઉપર આરૂઢ થયેલો હું પારગામી બનીશ. શ્રી કેશી કહે છે કે–જે નાવ ઉપર આપ ચડયા છો તે નાવ કયા પ્રકારની છે ? શ્રી ગૌતમ જણાવે છે કે–નિરૂદ્ધ આશ્રવદ્વારવાળું શરીર અહીં નાવ કહેવાય છે, કેમ કે–તે રત્નત્રયીની આરાધનાનો હેતુ હોઇ સંસારસાગરથી તારનાર છે. અહીં જીવ નાવિક કહેવાય છે, કેમ કે–તેજ સંસારસાગરને તરી જાય છે. સંસાર સાગર કહેવાય છે અને તે સાગરની માફક અપાર હોઈ તરવાનો છે–તાર્ય છે. ૬૯ થી ૭૩

સાહુ ગોયમ ! પણ્ણા તે, છિન્નો મે સંસઓ ઇમો ।
અન્નોવિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા !।૭૪।
અંધયારે તમોઘોરે, ચિટ્ઠન્તિ પાણિણો બહૂ ।
કો કરિસ્સઇ ઉજ્જોયં, સવ્વલોઅમ્મિ પાણિણં ?।૭૫।
ઉગ્ગઓ વિમલો ભાણૂ, સવ્વલોઅપ્પહ કરો ।
સો કરિસ્સઇ ઉજ્જોયં, સવ્વલોઅંમિ પાણિણં ।૭૬।
ભાણૂ અ ઇઇ કે વુત્તે ? કેસી ગોઅમમબ્બવી ।
તઓ કેસિં બુવંતં તુ, ગોઅમો ઇણમબ્બવી ।૭૭।
ઉગ્ગઓ ખીણસંસારો, સવ્વણ્ણૂ જિણભક્ખરો ।
સો કરિસ્સઇ ઉજ્જોયં, સવ્વલોઅમ્મિ પાણિણં ।૭૮।
। પંચભિઃકુલકમ્ ।

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા પ્રકૃષ્ટ છે, કે જે પ્રજ્ઞાએ મારો સંશય છિન્ન કર્યો છે. હવે બીજો પ્રશ્ન જે કરવામાં આવે છે તેનું આપ સમાધાન કરો ! શ્રી કેશી કહે છે કે–હે ગૌતમ ! આંધળાની જેમ જનને અંધ કરનાર હોઈ અંધકાર–તમસમાં ઘણા પ્રાણીઓ રહે છે, તો સર્વલોકમાં પ્રાણીઓને કોણ પ્રકાશ કરનાર હશે ? શ્રી ગૌતમ કહે છે કે–સર્વલોકમાં–પ્રાણીઓને સર્વલોક–પ્રકાશકર, ઉગેલો અને નિર્મલ ભાનુ પ્રકાશ કરશે. શ્રી કેશી કહે છે કે તમે કહેલ આ ભાનુનો પરમાર્થ શો ? શ્રી ગૌતમ જણાવે છે કે સદા ઉદિત, ક્ષીણકર્મસંબંધરૂપ સંસારવાળા, સર્વજ્ઞ અને શ્રી જિનેશ્વરરૂપી ભાસ્કર, સર્વલોકમાં પ્રાણીઓને મોહરૂપી અંધકારને દૂર કરવા દ્વારા સર્વ વસ્તુ વિષયક પ્રકાશરૂપી ઉદ્યોત આપશે. ૭૪ થી ૭૮

સાહૂ ગોઅમ ! પણ્ણા તે, છિન્નો મે સંસઓ ઇમો ।
અન્નોવિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોઅમા ? ।૭૯।
સારીરમાણુસે દુક્ખે, વજ્ઝમાણાણ પાણિણં ।
ખેમં સિવમણાબાહં, ઠાણં કિં મન્નસી મુણી ? ।૮૦।
અત્થિ એગં ધુવં ઠાણં, લોગગ્ગંમિ દુરારુહં ।
જત્થ નત્થિ જરામચ્ચૂ, વાહિણો વેઅણા તહા ।૮૧।
ઠાણે અ ઇઇ કે વુત્તે, કેસી ગોઅમમબ્બવી ।
કેસીમેવં બુવંતં તુ, ગોઅમો ઇણમબ્બવી ।૮૨।
નિવ્વાણંતિ અબાહન્તિ, સિદ્ધિલોગગ્ગમેવ ય ।
ખેમં સિવં અણાબાહં, જં ચરંતિ મહેસિણો ।૮૩।
તં ઠાણં સાસયં વાસં, લોગગ્ગંમિ દુરારુહં ।
જં સંપત્તા ન સોઅંતિ, ભવોહંતકરા મુણી ।૮૪।
। ષડ્ભિઃકુલકમ્ ।

હે ગૌતમ ! તમારી પ્રતિભા પરમ છે, કે જે પ્રતિભાએ મારા સંશયનું નિરાકરણ કર્યું. હવે હું બીજો પ્રશ્ન મૂકું છું તેનું તમે નિરાકરણ કરો ! શ્રી કેશી કહે છે કે, હે મુનિ ! શરીર અને મનના દુઃખોથી રીબાતા પ્રાણીઓને માટે, વ્યાધિના અભાવથી ક્ષેમરૂપ, સર્વ ઉપદ્રવના અભાવથી શિવરૂપ, સ્વાભાવિક બાધા વગરનું હોઇ અનાબાધરૂપ સ્થાન કયું તમે જાણો છો ? શ્રી ગૌતમ જણાવે છે કે, લોકના અગ્રે દુઃખે ચઢી શકાય એવું એક ધ્રૂવસ્થાન છે, કે જ્યાં જરા અને મરણ નથી એટલે

શિવત્વ છે, તેમજ શરીર અને મનના દુઃખના અનુભવ રૂપ વેદનાઓ નથી અર્થાત્ અનાબાધત્વ છે અને વ્યાધિઓ નથી એટલે ક્ષેમત્વ છે. શ્રી કેશી કહે છે કે એ સ્થાનને શાસ્ત્રમાં કયા કયા શબ્દથી સંબોધેલ છે ? શ્રી ગૌતમ જણાવે છે કે નિર્વાણ, અબાધ, સિદ્ધિ, લોકાગ્ર, ક્ષેમ, શિવ અને અનાબાધ—આવા શબ્દોથી ધ્રુવસ્થાન સંબોધાય છે. તેને મહર્ષિઓ મેળવે છે. વળી નારક વગેરે ભવપ્રવાહના અંત કરનારા મુનિઓ, તે લોકના અગ્ર ઉપર દુઃખે કરી ચડી શકાય એવા તે નિત્ય અવસ્થિતિવાળા—શાશ્વત આવસને પામેલા શોકરહિત બને છે. ૭૯ થી ૮૪

સાહુ ગોયમ ! પણ્ણા તે, છિન્નો મે સંસઓ ઇમો ।
નમો તે સંસયાઈય, સવ્વસુત્તમહોયહી ! ।૮૫।

એવં તુ સંસએ છિન્ને, કેસી ઘોરપરક્કમે ।
અભિવંદિત્તા સિરસા, ગોયમં તુ મહાયસં ।૮૬।

પંચમહવ્વયં ધમ્મં, પડિવજ્જઇ ભાવઓ ।
પુરિમસ્સ પચ્છિમંમિ, મગ્ગે તત્થ સુહાવહે ।૮૭।

। ત્રિભિર્વિશેષકમ્ ।

શ્રી કેશી કહે છે કે—હે ગૌતમ ! આપની બુદ્ધિ ઉત્તમ છે કે, જે બુદ્ધિએ અમારો સંશય દૂર કરી દીધો. માટે હે સંશયથી અતીત—રહિત ! હે સર્વત્રમહાસાગર ! આપને મારો નમસ્કાર હો ! આ પ્રમાણે ઘોર પરાક્રમી શ્રી કેશીકુમારશ્રમણ, મહાયશઃ શ્રી ગૌતમસ્વામીને મસ્તકથી

પ્રણામ કરીને, પ્રથમના જિનને અભિમત અને અંતિમ તીર્થંકર સંબંધી તીર્થંરૂપ કલ્યાણકારી માર્ગમાં પંચમહાવ્રત-રૂપ ધર્મને સ્વીકારે છે. ૮૫ થી ૮૭

કેસી ગોઅમઓ ણિચ્ચં, તંમિ આસિ સમાગમે ।
સુયસીલસમુક્કરિસો, મહત્થત્થવિણિચ્છઓ ।૮૮।

તોસિઆ પરિસા સવ્વા સમ્મગ્ગં સમુવટ્ઠિયા ।
સંથુઆ તે પસીઅન્તુ,
ભયવં કેસીગોઅમ ત્તિબેમિ ।૮૯।
। યુગ્મમ્ ।

તે નગરીમાં કરેલ સ્થિરતા દરમ્યાન થયેલ શ્રી કેશીકુમારશ્રમણ અને શ્રી ગૌતમસ્વામીના મધુર મિલનમાં જ્ઞાન અને ચારિત્રનો ઉત્કર્ષ, તેમજ મુક્તિના સાધક હોઇ મહા પ્રયોજનવાળા શિક્ષા અને વ્રત વગેરેરૂપ અર્થોનો વિશિષ્ટ નિશ્ચય શિષ્યોની અપેક્ષાએ લાભદાયક સમજવો. વળી ખુશખુશાલ થયેલી સઘળી પર્ષદા મોક્ષમાર્ગને આરાધવા ઉજમાળ બની એ સભાગત બીજો લાભ જાણવો. આ પ્રમાણે તે બંનેના ચરિત્રવર્ણન દ્વારા સ્તુતિ કરી પ્રાર્થના કરે છે કે–સારી રીતિએ સ્તુતિ કરાયેલા શ્રી કેશીકુમાર શ્રમણ અને શ્રી ગૌતમસ્વામી–એ બંને ભગવંતો પ્રસન્ન થાઓ !' આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. ૮૮—૮૯

**ત્રેવીસમું શ્રી કેશીગૌતમીયાધ્યયન સંપૂર્ણ.**

# શ્રી પ્રવચન-માતૃ અધ્યયન-૨૪

અટ્ઠકપ્પવણુમાયાઓ, સમિઈ ગુત્તી તહેવ ય ।
પંચેવ ય સમીઇઓ તઓ ગુત્તીઉ આહિઆ ।૧।

ઈરિઆભાસેસણા દાણે, ઉચ્ચારે સમિઇ ઇય ।
મણગુત્તી વયગુત્તી, કાયગુત્તી ઉ અટ્ઠમા ।૨।

એયાઓ અટ્ઠ સમિઈઓ સમાસેણ વિઆહિઆ ।
દુવાલસંગં જિણક્ખાયં માયં જત્થ ઉ પવયણં ।૩।
। ત્રિભિર્વિશેષકમ્ ।

પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ અષ્ટપ્રવચન-માતાઓ કહેવાય છે. હવે તે નામપૂર્વક જણાવે છે કે, ૧ ઇર્યાસમિતિ, ૨ ભાષાસમિતિ, ૩ એષણાસમિતિ, ૪ આદાનનિક્ષેપ સમિતિ, ૫ ઉચ્ચારાદિ પારિષ્ઠાપનિકાસમિતિ; ૬ મનગુપ્તિ, ૭ વચનગુપ્તિ અને ૮ કાયગુપ્તિ. (સમ્ સારી રીતિએ શ્રી જિનવચનાનુસારે, ઇતિ-આત્માની ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ.) અહીં ગુપ્તિઓને સમિતિ શબ્દથી વાચ્ય કરેલ છે, જેથી સમિતિ પ્રવૃત્તિરૂપ અને ગુપ્તિ પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ છે-એમ કથંચિત્ ભેદ જાણવો. આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ સમિતિઓ પ્રવચનમાતાઓ કહેવાય છે. આ પ્રવચનમાતાઓમાં શ્રી જિનકથિત દ્વાદશાંગીરૂપ પ્રવચનનો સમાવેશ થાય છે, જેથી તે જ ચારિત્ર રૂપ છે. વળી જ્ઞાન-દર્શન હોય તો જ ચારિત્ર છે. એટલે

જ્ઞાન-દર્શન-ચારિત્રથી ભિન્ન, અર્થની અપેક્ષાએ બીજી દ્વાદશાંગી નથી. આમ આ આઠ પ્રવચનમાતાઓમાં સમસ્ત જૈન પ્રવચન સમાઈ જાય છે. ૧ થી ૩

આલંબણેણ કાલેણ, મગ્ગેણ જયણાઇ ય ।
ચઉકારણપરિસુદ્ધં, સંજઓ ઇરિયં રિએ ।૪।
તત્થ આલંબણં નાણં, દંસણં ચરણં તહા ।
કાલે ય દિવસે વુત્તે, મગ્ગે ઉપ્પહવજ્જિએ ।૫।
દવ્વઓ ખિત્તઓ ચેવ, કાલઓ ભાવઓ તહા ।
જયણા ચઉવ્વિહા વુત્તા, તં મે કિત્તયઓ સુણ ।૬।
દવ્વઓ ચક્ખુસા પેહે, જુગમિત્તં ચ ખિત્તઓ ।
કાલઓ જાવ રીઇજ્જા, ઉવઉત્તા ય ભાવઓ ।૭।
ઇંદિઅત્થે વિવજ્જિત્તા, સજ્ઝાયં ચેવ પંચહા ।
તમ્મુત્તી તપ્પુરક્કારે, ઉવઉત્તે રિયં રિએ ।૮।
પંચભિઃકુલકમ્ ।

ઈર્યાસમિતિનું સ્વરૂપ :-આલંબનકારણે, કાલ-કારણે, માર્ગકારણથી અને યતનાકારણથી પરિશુદ્ધ ગતિને સાધુ કરે ! જેને આલંબીને ગમનની અનુજ્ઞા કરાય તે આલંબન એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર. જ્ઞાનના આલંબન સિવાય ગમનની અનુજ્ઞા નથી. (૧) ઈર્યાવિષયકાલ 'દિવસ' જિનોએ કહેલ છે. રાતમાં તો આંખ દેખી શકે નહિ, માટે પુષ્ટ આલંબન સિવાય ગમનની અનુજ્ઞા કરેલ નથી. (૨) ઉન્માર્ગને છોડી માર્ગમાં ગમનની અનુજ્ઞા કરી છે.

કેમ કે-ઉન્માર્ગમાં આત્મવિરાધના આદિ દોષો થાય છે. (૩) યતના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ એમ ચાર પ્રકારે છે. દ્રવ્યથી આંખ જીવ વગેરે દ્રવ્યને જુએ અને ક્ષેત્રથી ધુંસરાપ્રમાણ જગ્યાને જુએ, તેમજ કાલથી જેટલા કાલ સુધી જવાનું હોય તેટલો કાલ અને ઉપયોગપૂર્વક સાવધાન થઈને ચાલે તે ભાવયતના જાણવી. (૪) શબ્દાદિ પાંચ વિષયોને છોડી, વાચના વગેરે પાંચ પ્રકારના સ્વાધ્યાયને છોડી (કેમ કે-તે ગતિના ઉપયોગમાં ઘાતક છે.) અને ઈર્યામાં તન્મય બનેલો તેને આગળ કરી, કાય-મનની એકાગ્રતાપૂર્વકસાધુ ઈર્યા-ગમન કરે ! ૪ થી ૮

**કોહે માણે ય માયાએ, લોભે ય ઉવઉત્તયા ।**
**હાસે ભયે મોહરિએ, વિકહાસુ તહેવ ય । ।૯।**
**એયાઇ અટ્ઠ ઠાણાઈ, પરિવજ્જિજત્તુ સંજઓ ।**
**અસાવજ્જં મિયં કાલે, ભાસં ભાસિજ પણ્ણવં ।૧૦।**
**। યુગ્મમ્ ।**

**ભાષાસમિતિ :-** ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, મુખરતા ( વાચાલપણું ) અને વિકથાઓમાં એકાગ્રતાનો અભાવ કરી યાને ક્રોધાદિ સ્થાનોને છોડી, બુદ્ધિમાન સાધુએ નિર્દોષ-પરિમિત-સમયોચિત વાણી બોલવી જોઈએ. ૯ થી ૧૦

**ગવેસણાએ ગહણે ય, પરિભોગેસણા ય જા ।**
**આહારોવહિસિજ્જાએ, એએ તિન્નિ વિસોહએ ।૧૧।**

**ઉગ્ગમુપ્પાયણં પઢમે, બીએ સોહિજ્જ એસણં ।**
**પરિભોગંમિ ચઉક્કં, વિસોહિજ્જ જયં જઈ ।૧૨।**
**। યુગ્મમ્ ।**

**એષણાસમિતિ** :–આહાર, ઉપધિ અને શય્યાના વિષયમાં પ્રથમ ગવેષણા–એષણામાં આધાકર્મ આદિ સોલ દોષો અને ધાત્રી વગેરે ઉત્પાદના દોષોને શુદ્ધ કરે–દૂર કરે! બીજી ગ્રહણ–એષણામાં શંકિત વગેરે દશ એષણા દોષોને શુદ્ધ કરે–દૂર કરે! ત્રીજી પરિભોગ–એષણામાં સંયોજના પ્રમાણ–અંગારધૂમ–કારણરૂપ ચાર દોષોને શોધે–શુદ્ધિ કરે–દૂર કરે! આ પ્રમાણે યતના કરતો મુનિ એષણાસમિતિનું પાલન કરે! ૧૧ થી ૧૨

**ઓહોવહોવગ્ગહિયં, ભંડયં દુવિહં મુણી ।**
**ગિણ્હંતો નિક્ખિવંતો અ, પઉંજિજ્જ ઇમં વિહિં ।૧૩।**
**ચક્ખુસા પડિલેહિત્તા, પમજ્જિજ્જ જયં જઈ ।**
**આઇએ નિક્ખિવેજ્જ વા, દુહઓવિ સમિએ સયા ।૧૪।**
**। યુગ્મમ્ ।**

**આદાનનિક્ષેપસમિતિ** :– ઓઘ ઉપધિરૂપ રજોહરણ વગેરે અને ઔપગ્રહિક ઉપધિરૂપ દંડ વગેરે બે પ્રકારના ઉપકરણને મુનિ લેતાં અને મૂકતાં કહેવાતી વિધિનો ઉપયોગ કરે! બંને પ્રકારની ઉપધિને પહેલાં આંખથી જુએ અને પછી રજોહરણ વગેરેથી પ્રમાર્જે; ત્યારબાદ લે અથવા મૂકે! આ પ્રમાણેની યતનાવાળો યતિ સદા ઉપયોગવાળો બનેલો 'સમિત' કહેવાય છે. ૧૩–૧૪

ઉચ્ચારં પાસવણું ખેલં, સિંઘાણુ જલ્લિએ ।
આહારં ઉવહિં દેહં અન્નં વાવિ તહાવિહં ૧૫।
અણાવાયમસંલોએ, અણાવાએ ચેવ હોઈ સંલોએ।
આવાયમસંલોએ, આવાએ ચેવ સંલોએ ૧૬।
આણાવાયમસંલોએ પરસ્સડણુવઘાઇએ ।
સમે અજ્ઝુસિરે વાવિ, અચિરકાલકયંમિ અ ૧૭।
વિચ્છિન્ને દૂરમોગાઢે, ણાસણ્ણે બિલવજ્જિએ ।
તસપાણુબીઅરહિએ, ઉચ્ચારાઈણિ વોસિરે ૧૮।
। ચતુર્ભિ કલાપકમ્ ।

પરિષ્ઠાપનાસમિતિ :- પુરીષ મૂત્ર, મુખનો શ્લેષ્મ, નાકનો શ્લેષ્મ. મલ, આહાર, ઉપધિ, દેહ અને બીજું કારણુસર ગ્રહણ કરેલ છાણુ વગેરે જે કાંઇ પરિષ્ઠાપન યોગ્ય હોય, તે ચોક્ખી જગ્યામાં વિધિપૂર્વક પરઠવી દેવું જોઈએ. (૧) જ્યાં સ્વ-પર ઉભય પક્ષનું સમીપ આવવારૂપ આપાત નથી તે સ્થાન 'અનાપાત' દૂર એવા પણ સ્વપક્ષ વગેરેના દેખવારૂપ આલોક જ્યાં નથી તે સ્થાન 'અસંલોક' આ અનાપાત-અસંલોક સ્થાન કહેવાય છે. (૨) જ્યાં પૂર્વોક્ત આપાત નથી પણ સંલોક છે, તે અનાપાત-સંલોક સ્થાન કહેવાય છે. (૩) જ્યાં આપાત છે પણ સંલોક નથી, તે આપાત-અસંલોક સ્થાન કહેવાય છે. (૪) જ્યાં આપાત છે અને સંલોક છે, તે સ્થાનનો ચોથો પ્રકાર સમજવો. આ ચાર પ્રકારના સ્થાનોમાંથી પહેલા પ્રકારવાળા સ્થાનમાં ઉચ્ચાર વગેરે પરઠવે ! (અ) સંયમ આત્મા-પ્રવચનના ઉપઘાતરહિત સ્થાનમાં (આ) જે ઉંચું

કે નીચું સ્થાન ન હોય તેવા સ્થાનમાં, (इ) ઘાસ-પાંદડાં આદિ રહિત અશુષિર સ્થાનમાં, (ई) દાહ વગેરે જેમાં થયેલ હોય અને પછી થોડો કાળ ગયો હોય તેવા અચિરકાલકૃત સ્થાનમાં, (કેમ કે–ઘણો કાળ થયા પછી તેમાં પૃથ્વી વગેરે પેદા થાય છે.) (उ) વિસ્તીર્ણ સ્થાન અને જઘન્યથી હાથ પ્રમાણ સ્થાનમાં, (ऊ) દૂર અવગાઢ સ્થાનમાં અને જઘન્યથી નીચે બાર આંગળપ્રમાણ જગ્યા અચિત્ત થયેલી હોય એવા સ્થાનમાં, (ए) ગામ, બગીચા વગેરે દૂર રહેલ સ્થાનમાં, (ऐ) ઉંદર આદિ બીલ વગરની જગ્યામાં, (ओ) બેઇન્દ્રિય વગેરે ત્રસ જીવોથી, શાલિ વગેરે બીજથી અને સકલ એકેન્દ્રિય જીવોથી રહિત સ્થાનમાં : આ પ્રમાણે દશ પ્રકારના સ્થાનમાં ઉચ્ચાર વગેરે પરઠવે ! ૧૫ થી ૧૮

**એઆઓ પંચ સમિઈઓ સમાસેણ વિયાહિઆ ।**
**ઇત્તો ઉ તઓ ગુત્તીઓ, વુચ્છામિ અણુપુવ્વસો ।૧૯।**

આ પાંચ સમિતિ સંક્ષેપમાં કહી. હવે ત્રણ ગુપ્તિઓનું વર્ણન ક્રમશઃ કરવામાં આવે છે. ૧૯

**સચ્ચા તહેવ મોસા ય, સચ્ચમોસા તહેવ ય ।**
**ચઉત્થી અસચ્ચમોસા ય, મણગુત્તી ચઉવ્વિહા ।૨૦।**
**સંરંભસમારંભે, આરમ્ભે ય તહેવ ય ।**
**મણં પવટ્ટમાણં તુ, નિઅત્તિજ્જ જયં જઈ ।૨૧।**
**સચ્ચા તહેવ મોસા ય, સચ્ચા મોસા તહેવ ય ।**
**ચઉત્થી અસચ્ચમોસા ય, વયગુત્તી ચઉવ્વિહા ।।૨૨।**

સંરંભસમારંભે, આરંભે ય તહેવ ય ।
વયં પવત્તમાણું તુ, નિયત્તિજ્જ જય જઈ ।૨૩।
ઠાણે નિસીઅણે ચેવ, તહેવ ય તુઅટ્ટણે ।
ઉલ્લંઘણ પલ્લંઘણ, ઈંદિયાણ ય જુંજણે ।૨૪।
સંરમ્ભસમારમ્ભે, આરમ્ભે ય તહેવ ય ।
કાયં પવત્તમાણું તુ, નિઅત્તિજ્જ જયં જઇ ।૨૫।
। ષડ્ભિઃકુલકમ્ ।

**મનોગુપ્તિ** :– (૧) સત્ પદાર્થ ચિંતનરૂપ મનોયોગ 'સત્ય' કહેવાય છે. તેના વિષયવાળી મનોગુપ્તિ ઉપચારથી 'સત્યા' કહેવાય છે. (૨) મૃષા. (૩) સત્યામૃષા, અને (૪) અસત્યામૃષા–એમ ચાર પ્રકારની મનરૂપ મનોગુપ્તિ કહેવાય છે. આનું સ્વરૂપ બતાવીને ઉપદેશ આપે છે કે, સંરંભ–' હું તેવો વિચાર કરું કે જેથી આ મરી જાય !' –આવા પ્રકારના માનસિક સંકલ્પરૂપ સંરંભમાં, પર પીડાકર ઉચ્ચાટન વગેરે માટેનું જે ધ્યાન તે સમારંભમાં અને પરને મારવામાં સમર્થ અશુભ ધ્યાનરૂપ આરંભમાં પ્રવર્ત્તતા મનને યતનાશીલ યતિ પાછું વાળી દે, અટકાવી દે. અને શુભ સંકલ્પોમાં મન પ્રવર્તાવે ! આ પ્રમાણે અશુભ મનથી નિવૃત્તિ અને શુભ મનની પ્રવૃત્તિરૂપ મનોગુપ્તિ સમજવી.

**વચનગુપ્તિ** :– (૧) 'સત્યા'–યથાર્થ અર્થ પ્રતિપાદન કરનારી, (૨) 'અસત્યા' તેનાથી વિપરીત, (૩) ગાય બળદના સમુદાયમાં 'આ ગાયો જ છે' એમ પ્રતિપાદન

કરનારી 'સત્યામૃષા' અને (૪) 'સ્વાધ્યાયને તું કર' એમ કહેનારી ભાષા 'અસત્યામૃષા' એ રીતિએ ભાષારૂપ વચનગુપ્તિ ચાર પ્રકારની છે. સંરંભમાં પરને મારવામાં સમર્થ મંત્રાદિ પરાવર્તનાના સંકલ્પસૂચક શબ્દરૂપ વાચિક સંરંભ, સમારંભમાં પરપીડાકર મંત્રાદિ પરાવર્તનરૂપ સમારંભ અને આરંભમાં—પરને મારવામાં કારણભુત મંત્ર વગેરેના જાપરૂપ આરંભમાં પ્રવર્તતા વચનને યતનાવાળો સાધુ પાછું વાળે, અટકાવી દે અને શુભ વચનયોગ પ્રવર્તાવે ! અર્થાત્ અશુભ વચનવ્યાપારથી નિવૃત્તિ અને શુભ વચનવ્યાપારમાં પ્રવૃત્તિરૂપ વચનગુપ્તિ સમજવી. **કાયગુપ્તિ :** ઉભા રહેવામાં, બેસવામાં, સૂવામાં, તેવા હેતુથી ખાડા વગેરેના ઉલ્લંઘનમાં, સતત્પણે ગમન કરવામાં ઈન્દ્રિયોને શબ્દાદિમાં જોડવામાં યાને કાયા સંબંધી સમસ્ત વ્યાપારોમાં, અભિઘાત માટે આંખ મુષ્ઠિ આદિ આકારરૂપ સંકલ્પસૂચક સંરંભમાં પરિતાપકર મુષ્ઠિ આદિના અભિઘાતરૂપ સમારંભમાં અને જીવહિંસારૂપ આરંભમાં પ્રવર્તતી કાયાને જયણાશીલ મુનિ પાછી વાળે, અટકાવી દે ! અને શુભ વ્યાપારમાં પ્રવર્તાવે ! અર્થાત્ કાયિક અશુભ વ્યાપારથી નિવૃત્તિ અને શુભ વ્યાપારમાં પ્રવૃત્તિરૂપ કાયગુપ્તિ સમજીવી. ૨૦ થી ૨૫

**એયાઓ પંચ સમિઈઓ, ચરણસ્સ ય પવત્તણે ।**
**ગુત્તી નિત્તયણે વુત્તા અસુભત્થેસુ ય સવ્વસો ॥૨૬॥**

આ પાંચ સમિતિઓ સત્ 'ચેષ્ટા' રૂપ ચારિત્રની પ્રવૃત્તિમાં કહેવાયેલી છે, અર્થાત્ ચારિત્રમાં પ્રવૃત્તિ રૂપ

સમિતિઓ છે. જ્યારે સર્વ અશુભ મનયોગ વગેરેથી નિવૃત્તિમાં પણ એટલે સર્વ શુભ મનોયોગ વગેરેમાં પ્રવૃત્તિરૂપ અને સર્વ શુભ મનોયોગ વગેરેથી નિવૃત્તિ રૂપ ગુપ્તિઓ કહેવાય છે. આ પ્રમાણે સમિતિ અને ગુપ્તિ વચ્ચે ભેદ છે. ૨૬

એયાઓ પવયણમાયાઓ, જે સમ્મં આયરે મુણી ।
સો ખિપ્પં સવ્વસંસારા,
વિપ્પમુચ્ચઇ પંડિએ ત્તિબેમિ ।૨૭।

આ આઠ પ્રવચનમાતાઓનું જે મુનિ સારી રીતિએ આચરણ કરશે; તે પંડિત મુનિ, જલદી જલદી સર્વ સંસારથી મૂકાય છે. આ પ્રમાણે હે જંબૂ! હું કહું છું. ૨૭

**ચોવીશમું શ્રી પ્રવચન-માતૃ અધ્યયન સંપૂર્ણ.**

## શ્રી યજ્ઞીયાધ્યયન-૨૫

માહણકુલસંભૂઓ, આસિ વિપ્પો મહાયસો ।
જાયાઈ જમજન્નંમિ, જયઘોસેત્તિ નામઓ ।૧।

ઈંદિઅગ્ગામનિગ્ગાહી, મગ્ગામી મહામુણી ।
ગામાણુગામં રીઅંતો, પત્તો વાણારસીં પુરિ ।૨।

વાણારસીએ બહિઆ, ઉજ્જાણંમિ મણોરમે ।
ફાસુએ સિજ્જસંથારે, તત્થ વાસમુવાગએ ।૩।

। ત્રિભિર્વિશેષકમ્ ।

જે બ્રાહ્મણકુલમાં જન્મેલા મહાયશ બ્રાહ્મણ હતા, તે જયઘોષ નામના મહામુનિ પંચમહાવ્રત રૂપી યજ્ઞ કરનારા, ઇન્દ્રિયસમુદાયનો નિગ્રહ કરનારા અને મુક્તિમાર્ગગામી એક ગામથી બીજા ગામે વિહાર કરતાં વાણારસી નગરીમાં પધાર્યા. વાણારસી નગરીની બહારના સુંદર ઉદ્યાનમાં પ્રાસુકશય્યાસંથારાવાળી જગ્યામાં તેમણે નિવાસ કર્યો. ૧ થી ૩

અહ તેણેવ કાલેણં, પુરીએ તત્થ માહણે ।
વિજયઘોસેત્તિ નામેણ, જન્નં જયઇ વેઅવી ।૪।
અહ સે તત્થ અણગારે, માસકૂખમણપારણે ।
વિજયઘોસસ્સ જન્નંમિ, ભિકૂખમટ્ઠા ઉવટ્ઠિએ ।૫।
। યુગ્મમ્ ।

હવે તે કાલમાં તે નગરમાં વેદવેત્તા વિજયઘોષ નામના બ્રાહ્મણે યજ્ઞ શરૂ કર્યો છે. તે યજ્ઞમંડપમાં તે જયઘોષ મુનિ માસખમણના પારણા નિમિત્તે ભિક્ષા માટે પધાર્યા. ૪ થી ૫

સમુવટ્ઠિઅં તહિં સન્તં, જાયગો પડિસેહએ ।
ન હુ દાહામિ તે ભિકૂખં, ભિકૂખૂ જાયાહિ અન્નઓ ।૬।
જે અ વેઅવિઊ વિપ્પા, જન્નટ્ઠા ય જે દિઆ ।
જોઇસંગવિઊ જે અ, ધમ્માણ પારગા ।૭।
જે સમત્થા સમુદ્ધત્તું પરં અપ્પાણમેવ ય ।
તેસિં અન્નમિણં દેયં, ભો ભિકૂખૂ સવ્વકામિઅં ।૮।
। ત્રિભિર્વિશેષકમ્ ।

ત્યાં ભિક્ષા માટે આવેલા સાધુને યજ્ઞ કરનારો વિજયઘોષ ભિક્ષાનો નિષેધ કરે છે, અને હે ભિક્ષુ ! હું તમને ભિક્ષા નહિ આપું, માટે તમે અહીંથી બીજે ઠેકાણે યાચના કરો ! કેમ કે–હે ભિક્ષુ ! જેઓ વેદવેત્તાઓ જાતિ-બ્રાહ્મણો છે, જેઓ યજ્ઞપ્રયોજનવાળા યજ્ઞને જ કરે છે, જેઓ સંસ્કારની અપેક્ષાએ બીજા જન્મવાળા–દ્વિજ છે, જેઓ જ્યોતિષશાસ્ત્ર અને શિક્ષાદિ અંગોને જાણે છે, જેઓ ધર્મ-શાસ્ત્ર–સર્વ વિદ્યાઓમાં પારંગત છે અને જેઓ સંસાર-સાગરથી સ્વ–પરનો ઉદ્ધાર કરવા સમર્થ છે, તેઓને જ આ ષટ્રસભરપૂર અન્ન આપવાનું છે પણ બીજાઓને નહિ જ. ૬ થી ૮

સો તત્થ એવં પડિસિદ્ધો જાયગેણ મહામુણી ।
નવિ રુટ્ઠો નવિ તુટ્ઠો, ઉત્તમટ્ઠગવેસઓ ॥૯॥

નન્નટ્ઠં પાણહેઉં વા, નવિ નિવ્વાહણાય વા ।
તેસિં વિમોક્ખણટ્ઠાએ, ઇમં વયણમબ્બવી ॥૧૦॥

નવિ જાણસિ વેઅમુહં, નવિ જણ્ણાણ જં મુહં ।
નક્ખત્તાણ મુહં જં ચ, જં ચ ધમ્માણ વા મુહં ॥૧૧॥

જે સમત્થા સમુદ્ધત્તું, પરં અપ્પાણમેવ ય ।
ન તે તુમં વિઆણાસિ, અહ જાણાસિ તો ભણ ॥૧૨॥
। ચતુર્ભિઃકલાપકમ્ ।

તે યજ્ઞમંડપમાં યજ્ઞ કરાવનાર વિજયઘોષદ્વારા આ પ્રમાણે પ્રતિષેધ કરાયેલ શ્રી જયઘોષમુનિ, રાગ-દ્વેષ વગરના થઇ, મોક્ષાર્થી સમતાભાવે ઉભા રહેલ છે. તેઓ અન્ન માટે નહિ, પાન માટે નહિ, પોતાના વસ્ત્ર વગેરેથી નિર્વાહ માટે નહિ, પરન્તુ તે યાજ્ઞિકોના મોક્ષ માટે આ વચન બોલ્યા કે-તું વેદોના મુખ્ય વેદને જાણતો નથી, વળી યજ્ઞોના ઉપાયને તું જાણતો નથી, નક્ષત્રોના પ્રધાન નક્ષત્રને તું જાણતો નથી, ધર્મોના ઉપાયને તું જાણતો નથી અને જેઓ સ્વ-પરનો ઉદ્ધાર કરવા માટે સમર્થ છે તેઓને તું જાણતો નથી. જો તું સત્ય જાણતો હોય તો બોલ! ૯થી૧૨

તસ્સક્ખેવપમુક્ખં ચ, અચયંતો તહિં દિઓ ।
સપરિસો પંજલી હોઉં, પુચ્છઈ તં મહામુણિં ।૧૩।
વેઆણં ચ મુહં બૂહિ, બૂહિ જણ્ણાણ જં મુહં ।
નક્ખત્તાણ મુહં બૂહિ, બૂહિ ધમ્માણ જં મુહં ।૧૪।
જે સમત્થા સમુદ્ધતું, પરં અપ્પાણમેવ ય ।
એયં મે સંસયં સવ્વં, સાહૂ કહસુ પુચ્છિઓ ।૧૫।
। ત્રિભિર્વિશેષકમ્ ।

આ પ્રમાણે તે મુનિના પ્રશ્નનો જવાબ આપવા અસમર્થ થતો તે બ્રાહ્મણ, યજ્ઞમંડપમાં સભા સહિત બે હાથ જોડીને તે મહામુનિને પૂછે છે કે-આપ કહો કે-વેદોમાં મુખ્ય વેદ કયો છે?, યજ્ઞોનો ઉપાય કયો છે?, નક્ષત્રોમાં પ્રધાન કોણ છે?, ધર્મોનો ઉપાય કયો છે? અને સ્વ-પરનો ઉદ્ધાર કરવા સમર્થ કોણ છે? હે મુનીશ્વર! આ પૂછેલા સઘળા પ્રશ્નોનો આપ જવાબ આપો! ૧૩ થી ૧૫

અગ્ગિહુત્તમુહા વેઆ, જણ્ણટ્ઠી વેઅસાં મુહં ।
નક્ખત્તાણ મુહં ચંદો, ધમ્માણં કાસવો મુહં ।૧૬।
જહા ચન્દં ગહાઈઆ, ચિટ્ઠન્તિ પંજલીઉડા ।
વંદમાણા નમંસંતા, ઉત્તમં મણહારિણો ।૧૭।
અજાણગા જણ્ણવાઈ, વિજ્જામાહણ સંપયા ।
ગૂઢા સજ્ઝાયતવસા, ભાસછન્ના ઇવગ્ગિણો ।૧૮।
। ત્રિભિર્વિશેષકમ્ ।

અગ્નિહોત્ર (કર્મ રૂપ કાષ્ઠને બાળવા માટે દૃઢ સદ્‌ભાવનાનીઆહૂતિવાળો ધર્મધ્યાનરૂપ અગ્નિહોત્ર કહેવાય છે.) રૂપ પ્રધાનવાળા વેદો છે. અર્થાત્ દહીંના માખણની જેમ વેદોના નવનીત સમાન આરણ્યકમાં સત્ય તપ વગેરે દશ પ્રકારનો ધર્મ તે જ અગ્નિહોત્ર પ્રધાન છે. યજ્ઞોના ઉપાય તરીકે સંયમ રૂપ ભાવયજ્ઞનો અર્થી પુરૂષ છે. નક્ષત્રોમાં પ્રધાન ચંદ્ર છે. ધર્મોનું મુખ–મૂલ ઉપાય તરીકે યુગાદિદેવશ્રી ઋષભદેવ ભગવાન છે, કેમ કે–તેઓશ્રી ધર્મના પ્રથમ પ્રરૂપક છે. જેમ ચંદ્રને હાથ જોડી સ્તુતિ–નમસ્કાર કરતા ગ્રહ વગેરે નક્ષત્રો પ્રધાન રીતિએ અતિ વિનયવાળા ચિત્તાકર્ષક દેખાતા ઉભા રહે છે, તેમ શ્રી ઋષભદેવ ભગવાનને પણ દેવેન્દ્ર વગેરે સ્તુતિ-નમસ્કાર આદિ કરે છે અર્થાત્ માહાત્મ્યશાલી શ્રી ઋષભદેવસ્વામી ધર્મના મૂલ રૂપે છે. વિદ્યા રૂપ બ્રાહ્મણ-સંપત્તિવાળાઓ યજ્ઞવાદીઓ જે તારા વડે પાત્રપણાએ માનેલ છે. તેઓ અજ્ઞાની છે, કેમ કે–સાચા બ્રાહ્મણોને નિષ્પરિગ્રહતા હોવાથી વિદ્યાએ જ સંપત્તિ હોય. તેઓ બૃહદ્ આરણ્યક

કથિત દશ પ્રકારના ધર્મને જાણતા હોવા છતાં આ લોકો બાહ્ય યજ્ઞને કરે ? વેદ, અધ્યયન, ઉપવાસ વગેરે બહારથી શાન્ત સંવરવાળા આ અજ્ઞાનીઓ, ભસ્મ નીચે ઢંકાયેલ અગ્નિની માફક ભીતરમાં કષાયની આગથી ભભૂકતા જ છે. તમે માનેલ આ બ્રાહ્મણો કેવી રીતિએ સ્વ-પરનો ઉદ્ધાર કરી શકે ? અર્થાત્ ન જ કરી શકે. ૧૬ થી ૧૮

જો લોએ બંભણો વુત્તો, અગ્ગી વા મહિઓ જહા ।
સયા કુસલસંદિટ્ઠં, તં વયં બૂમ માહણં ।૧૯।
જો ન સજ્જઇ આગંતું, પવ્વયંતો ન સોઅઇ ।
રમએ અજ્જવયણંમિ, તં વયં બૂમ માહણં ।૨૦।
જાયરુવં જહામટ્ઠં, નિદ્ધંતમલપાવગં ।
રાગદ્દોસભયાઇઅં, તં વયં બૂમ માહણં ।૨૧।
તસે પાણે વિઆણિત્તા, સંગહેણ ય થાવરે ।
જો ન હિંસઇ તિવિહેણં, તં વયં બૂમ માહણં ।૨૨।
કોહા વા જઇ વા હાસા, લોહા વા જઇ વા ભયા ।
મુસં ન વયઈ જો ઉ, તં વયં બૂમ માહણં ।૨૩।
ચિત્તમંતમચિત્તં વા, અપ્પં વા જઇ વા બહું ।
ન ગિણ્હઇ અદત્તં જો, તં વયં બૂમ માહણં ।૨૪।
દિવ્વમાણુસતેરિચ્છં, જો ન સેવઇ મેહુણં ।
મણસા કાયવક્કેણં, તં વયં બૂમ માહણં ।૨૫।
જહા પઉમં જલે જાયં નોવલિપ્પઈ વારિણા ।
એવં અલિત્તં કામેહિં, તં વયં બુમ માહણં ।૨૬

અલોલુઅં મુહાજીવી, અણગારં અકિંચણં ।
અસંસત્તં ગિહત્થેસુ, તં વયં બૂમ માહણં ।૨૭।
જહિત્તા પૂવ્વસંજોગં, નાતિસંગે અ બંધવે ।
જો ન સજ્જઇ રએસુ, તં વયં બૂમ માહણં ।૨૮।
। દશભિઃકુલકમ ।

લોકમાં જે બ્રાહ્મણ તરીકે કહેવાય છે અને જે બ્રાહ્મણે જેવી રીતિએ અગ્નિ પૂજેલ છે, તે બ્રાહ્મણ અને અગ્નિનું સત્ય સ્વરૂપ તત્વજ્ઞ કુશલોએ કહેલ છે. તેમાં પહેલાં અમે બ્રાહ્મણનું સ્વરૂપ જણાવીએ છીએ. જે સ્વજન વગેરે સ્નેહ-સંબંધીને મળવા માટે આસક્તિ-રાગ કરતો નથી અને સ્વજનો આવીને મળીને જાય છતાં એમના વગર હું કેવી રીતિએ રહી શકીશ-એમ શોક કરતો નથી, પરન્તુ તીર્થંકર રૂપ આર્યના વચનમાં રમતો રહે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જેમ તેજના ઉત્કર્ષ માટે મનઃશિલ વગેરેથી ઘસેલું સોનું અને અગ્નિમાં નાખેલું સોનું તેજસ્વી અને મલ વગરનું થાય છે, તેમ બાહ્ય-અભ્યંતર ગુણસંપન્ન અને એથી જ રાગ દ્વેષના ભય વગરનો જે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે ત્રસ-સ્થાવર જીવોને સંક્ષેપથી અને વિસ્તારથી જાણીને મન-વચન-કાયાના યોગથી હણતો નથી, તેને-અહિંસકને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે ક્રોધથી, હાસ્યથી લોભથી અને ભયથી મૃષા-અસત્ય બોલતો નથી, તેને-સત્યવાદીને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે દ્વિપદ ચતુષ્પદ વગેરે સચિત્ત અને સોનું આદિ અચિત્તને થોડી કે ઘણી કોઈ પણ ચીજને કોઇના દીધા વગર લેતો નથી, તેને–અચૌર્યવ્રતધારી અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે દેવ–મનુષ્ય–તિર્યંચ સંબંધી મૈથુનને ત્રિવિધે સેવતો નથી. તેને બ્રહ્મચારીને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જેમ પાણીમાં કમલ પેદા થયેલું છે, છતાં પાણીથી લેપાતું નથી, તેમ કામોથી પેદા થયો છતાં જે કામોમાં લેપાતો નથી–જલકમલવત્ અલિપ્ત હોય છે, તેને–નિષ્કામને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે આહાર આદિમાં લંપટતા વગરનો છે, ભેષજ–મંત્ર આદિના ઉપદેશથી આજીવિકા નહિ કરનારો–મુધાજીવી છે, પૂર્વે કે પાછળથી પરિચિત ગૃહસ્થોની સાથે સંબંધ વગરનો છે, અકિંચન છે અને અનગાર છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે માતા આદિના સંબંધ રૂપ પૂર્વસંયોગને, લોક વગેરેના સંબંધ રૂપ જ્ઞાતિસંગોને, બાંધવોને અને ભોગોને છોડીને ફરીથી પણ તેમાં રાગ કરનારો બનતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. ૧૯ થી ૨૮

પસુબંધા સવ્વવેઆ, જટ્ઠં ચ પાવકમ્મુણા ।
ન તં તાયંતિ દુસ્સીલં, કમ્માણિ બલવંતિહ ।૨૯।
નવિ મુંડિએણ સમણો, ન ૐકારેણ બમ્ભણો ।
ન મુણી રણ્ણવાસેણં, કુસચીરેણ ન તાવસો ।૩૦।

સમયાએ સમણો હોઈ, બંભચેરેણ બંભણો ।
નાણેણ ય મુણી હોઇ, તવેણં હોઇ તાવસો ।૩૧।
કમ્મુણા બંભણો હોઇ, કમ્મુણા હોઈ ખત્તિઓ ।
કમ્મુણા વઇસો હોઈ, સુદ્દો હવઇ કમ્મુણા ।૩૨।
એએ પાઉકારે બુદ્ધે, જેહિં હોઇ સિણાયઓ ।
સવ્વસંગવિણિમુક્કં, તં વયં બૂમ માહણં ।૩૩।
એવં ગુણસમાઉત્તા, જે ભવંતિ દિઉત્તમા ।
તે સમત્થા ઉ ઉદ્ધતું, પરં અપ્પાણમેવ ય ।૩૪।
। ષડ્ભિઃકુલકમ્ ।

પશુઓના વિનાશ માટે બંધનના કારણભૂત ઋગ્વેદ વગેરે સર્વ વેદો, પાપના હેતુભૂત પશુના વધ વગેરેના અનુષ્ઠાનથી કરેલ યજ્ઞ, તે દુરાચારી યજ્ઞ કરનારને સંસાર-બંધનથી બચાવી તારી શકતાં નથી; કેમ કે–પશુવધ વગેરેમાં પ્રવર્ત્તક હોઇ તે વેદ અને યજ્ઞ કર્મબલવર્ધક છે.

વળી માથું મુંડાવા માત્રથી 'શ્રમણ' કહેવાતો નથી, ૐકાર માત્રથી 'બ્રાહ્મણ' બનતો નથી, અરણ્યમાં રહેવાથી 'મુનિ' થતો નથી અને વલ્કલ વગેરે કુશના વસ્ત્ર માત્રથી 'તાપસ' થતો નથી.

વળી સમતાથી શ્રમણ થાય છે, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ બને છે, જ્ઞાનથી મુનિ બને છે અને તપથી તાપસ બને છે.

તેમજ જ્ઞાન-ધ્યાન વગેરે ક્રિયા રૂપ કર્મથી બ્રાહ્મણ બને છે, પીડિતના રક્ષણ રૂપ કર્મથી ક્ષત્રિય થાય છે,

વ્યાપાર-પશુ રાખવાં-ખેતી આદિથી વૈશ્ય બને છે અને શોકના હેતુભૂત નોકરી વગેરે કરવા રૂપ કર્મથી શુદ્ર બને છે.

આ પૂર્વોક્ત અહિંસા આદિ અર્થો શ્રી સર્વજ્ઞ ભગવાને પ્રગટ કરેલ છે, કે જે અર્થોથી કેવલી રૂપ સ્નાતક બને છે. આથી આસન્નમુક્તિ હોઈ સર્વકર્મરહિત સિદ્ધ જેવા સ્નાતક-કેવલીને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

આ પ્રમાણે જેઓ અહિંસા આદિ ગુણોથી યુક્ત હોય છે, તેઓ સ્વ-પરનો ઉદ્ધાર કરવા માટે સમર્થ ઉત્તમ બ્રાહ્મણો થઈ શકે છે પણ બીજા નહિ. ૨૯ થી ૩૪

એવં તુ સંસયે છિન્ને, વિજયઘોષે અ માહણે ।
સમુદાય તઓ તં તુ, જયઘોસં મહામુણિં ।૩૫।

તુટ્ઠે અ વિજયઘોસે, ઇણમુદાહુ કયઞ્જલી ।
માહણત્તં જહાભૂઅં, સુટ્ઠુ મે ઉવદંસિઅં ।૩૬।

તુબ્ભે જઇઆ જણ્ણાણં, તુબ્ભે વેઅવિઊ વિઊ।
જોઇસંગવિઉ તુબ્ભે, તુબ્ભે ધમ્માણ પારગા ।૩૭।

તુબ્ભે સમત્થા ઉદ્ધત્તું, પર અપ્પાણમેવ ય ।
તમણુગ્ગહં કરે હમં, ભિક્ખેણં ભિક્ખુઉત્તમા ।૩૮।

। ચતુર્ભિઃકલાપકમ્ ।

આ પ્રમાણે કહીને જ્યારે મુનીશ્વર ઉભા રહ્યા છે, ત્યારે આ પ્રમાણે કહેલ નીતિથી-સંશય છેદાવાથી, 'આ જયઘોષ મહામુનિ મારા ભાઈ છે' એમ ઓળખીને, સંતુષ્ટ થયેલો વિજયઘોષ નામનો બ્રાહ્મણ હાથ જોડીને કહેવા લાગ્યો

કે-આપે મને સારી રીતિએ સાચા બ્રાહ્મણનું સ્વરૂપ બતાવ્યું છે. વળી તેમણે જણાવ્યું કે-હે યથાર્થ તત્ત્વના જાણ ! આપ સાચા યજ્ઞોને કરનારા યાજ્ઞિક છો, આપ સાચા વેદને જાણનાર છો, આપ સાચા જ્યોતિષના અંગના જાણ છો, આપ ધર્મોના પારને પામેલા છો અને આપ સાચે જ સ્વ-પરનો ઉદ્ધાર કરવા માટે સમર્થ છો. હે ઉત્તમ ભિક્ષુક ! કૃપા કરો !, પધારો ! અને અમને ભિક્ષાનો લાભ આપો. આ પ્રમાણે વિજયઘોષ બ્રાહ્મણે મુનીશ્વરને સ્તુતિપૂર્વક ભિક્ષાનું આમંત્રણ આપ્યું. ૩૫ થી ૩૮

**ન કજ્જં મજ્જ ભિક્ખેણં, ખિપ્પં નિક્ખમસૂ દિઆ ।**
**મા ભમિહિસિ ભયાવત્તે, ઘોરે સંસારસાગરે ।૩૯।**
**ઉવલેઓ હોઇ ભોગેસુ, અભોગી નોવલિપ્પઇ ।**
**ભોગી ભમઇ સંસારે, અભોગી વિપ્પમુચ્ચઇ ।૪૦।**
**ઉલ્લો સુક્કો અ દો છૂઢા, ગોલયા મટ્ટિઆમયા ।**
**દોવિ આવડિઆ કુડ્ડે, જો ઉલ્લો સોઽત્થ લગ્ગઇ ।૪૧।**
**એવં લગ્ગંતિ દુમ્મેહા, જે નરા કામલાલસા ।**
**વિરત્તા ઉ ન લગ્ગંતિ, જહા સુક્કે ઉ ગોલએ ।૪૨।**
**। ચતુર્ભિઃકલાપકમ્ ।**

હવે વિજયઘોષ બ્રાહ્મણને મુનીશ્વર કહે છે કે-મારે ભિક્ષાનું કોઈ કાર્ય નથી, પરન્તુ તમે સાચા બ્રાહ્મણ બનો !, શ્રી ભાગવતી દીક્ષા સ્વીકારો ! અને ભયના આવર્ત્તવાળા ઘોર સંસારસાગરમાં ભ્રમણ કરો નહિ. ભોગો ભોગવવાથી

કર્મવૃદ્ધિ રૂપ ઉપલેપ થાય છે. ભોગ વગરનો કર્મસંબંધથી લેપાતો નથી. ભોગી સંસારમાં ભમે છે, જ્યારે અભોગી સંસારથી મુક્ત બને છે. જો ભીનો-લીલો માટીનો એક ગોળો અને બીજો માટીનો સુકો ગોળો ભીંત ઉપર ફેંકાયેલો હોય, તો તેમાં લીલો-ભીનો ગોળો ભીંતમાં લાગે છે-ચોંટે છે. જ્યારે સુકો ગોળો ભીંતમાં લાગતો નથી-ચોંટતો નથી. એ રીતિએ દુષ્ટ બુદ્ધિવાળા-કામભોગોમાં લાલસાવાળા મનુષ્યો કર્મની સાથે લાગે છે, પરન્તુ વૈરાગી મનુષ્યો કર્મની સાથે સુકા ગોળાની માફક લાગતા નથી. ૩૯ થી ૪૨

**એવં સો વિજયઘોસો, જયઘોસસ્સ અંતિએ ।**
**અણગારસ્સ નિક્ખંતો, ધમ્મં, સોચ્ચા અણુત્તર ।૪૩।**

આ પ્રમાણે તે વિજયઘોષ શ્રી જયઘોષ મુનિની પાસે અનુપમ ધર્મ સાંભળીને શ્રી ભાગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર થયા. ૪૩

**ખવિત્તા પૂવ્વકમ્માઈં, સંજમેણ તવેણ ય ।**
**જયઘોસવિજયઘોસા, સિદ્ધિં પત્તા**
**અણુત્તરં ત્તિબેમિ ।૪૪।**

સંયમ અને તપથી પૂર્વકર્મોને ખપાવીને શ્રી જયઘોષ અને શ્રી વિજયઘોષ મુનિ અનુત્તર સિદ્ધિગતિને પામ્યા. આ પ્રમાણે હે જંબૂ! હું તને કહું છું, ૪૪

**પચીશમું શ્રી યજ્ઞીયાધ્યયન સંપૂર્ણ.**

# શ્રી સામાચારી અધ્યયન–૨૬

સામાયારિં પવક્ખામિ, સવ્વદુક્ખવિમોક્ખણિં ।
જં ચરિત્તાણ નિગ્ગંથા, તિણ્ણા સંસારસાગરં ।૧।

જે સામાચારીને આચરી નિર્ગ્રન્થો સંસારસાગરને તરે છે, તરશે અને તરી ગયા, તે સર્વ દુઃખોથી મૂકાવનારી સાધુજનકર્ત્તવ્ય રૂપ સામાચારીને હું કહીશ. ૧

પઢમા આવસ્સિઆ નામ૧, બિઇઆ ય નિસીહિઆ ૨
આપુચ્છણા ય તઇઆ ૩, ચઉત્થી પડિપુચ્છણા ૪।૨।
પંચમા છંદણા નામં ૫, ઇચ્છાકારો અ છટ્ઠઓ ૬ ।
સત્તમો મિચ્છકારો ઉ ૭, તહક્કારો અ અટ્ઠમો ૮ ।૩।
અબ્ભૂટ્ઠાણં નવમં ૯, દસમા ઉવસંપયા
એસા દસંગા સાહૂણં, સામાયારી પવેઇઆ ।૪।
। ત્રિભિર્વિશેષકમ્ ।

પહેલી આવશ્યકી, બીજી નૈષેધિકી, ત્રીજી આપ્રચ્છના, ચોથી પ્રતિપ્રચ્છના, પાંચમી છંદના, છઠ્ઠી ઈચ્છાકાર, સાતમી મિથ્યાકાર, આઠમી તથાકાર, નવમી અભ્યુત્થાન અને દશમી ઉપસંપદા–એમ સાધુઓની આ દશાંગી–દશવિધ સામાચારી ભગવંતોએ કહેલી છે. ૨ થી ૪

ગમણે આવસ્સિઅં કુજ્જા, ઠાણે કુજ્જા ણિસીહિઅં ।
આપુચ્છણા સયં કરણે, પરકરણે પડિપુચ્છણા ।૫।

છંદણા દવ્વજાએણું, ઇચ્છાકારો અ સારણે ।
મિચ્છાકારો અ નિંદાએ, તહક્કારો પડિસ્સુએ ।૬।
અબ્ભૂટ્ઠાણું ગુરુપૂઆ, અચ્છણે ઉવસંપયા ।
એવં દુપંચસંજુત્તા, સામાયારી પવેઇઆ ।૭।
। ત્રિભિર્વિશેષકમ્ ।

હવે વિષય–વિભાગથી આ સામાચારી કહે છે. (૧) તથાવિધ જ્ઞાનાદિ આવશ્યક હેતુ ઉપસ્થિત થવાથી ઉપાશ્રય વગેરે સ્થાનોમાંથી બહાર નીકળતાં 'આવશ્યકી' નામની પહેલી સમાચારી સાચવવી, અર્થાત્ આવસ્સહી બોલીને ગુરૂઆજ્ઞાપૂર્વક બહાર જવું.

(૨) ઉપાશ્રય વગેરે સ્થાનમાં પ્રવેશ કરતાં ગમન આદિના નિષેધ રૂપ "નૈષેધિકી" નામની બીજી સામાચારી સાચવવી યાને પ્રવેશતાં 'નસીહિ' શબ્દ બોલવો.

(૩) 'આ કાર્ય હું કરૂં કે નહિ' ઇત્યાદિ પૂછવા રૂપ અર્થાત્ પોતાના કોઇ પણ કાર્યને સ્વયં કરવામાં ગુરુને પૂછવા રૂપ 'આપ્રચ્છના' નામની ત્રીજી સામાચારી સાચવવી.

(૪) અન્ય કાર્ય કરવામાં પણ ગુરુને પૂછવું. ગુરુએ જોડ્યો હોય છતાં ફરીથી પ્રવૃત્તિના કાળમાં ગુરુને પૂછવા રૂપ 'પ્રતિપ્રચ્છના' નામથી ચોથી સમાચારી જાણવી.

(૫) પૂર્વે ગ્રહણ કરેલા આહારાદિ દ્રવ્ય સમુદાયમાંથી શેષ સાધુઓને 'આ આહારાદિ હું લાવ્યો છું', તો જો કોઈને ઉપયોગી થાય તો ઇચ્છા પ્રમાણે લો.'–

એમ આપવા માટે આમંત્રણ કરવું, તે ‘છંદના’ નામની પાંચમી સામાચારી સમજવી.

(૬) પોતાની ઇચ્છાથી તે તે કાર્ય કરવું તે ‘ઈચ્છાકાર.’ જો કે–‘તમે કરવા માટે ઇચ્છેલું આ કાર્ય છે પણ મારી ઈચ્છા છે.’ ‘હું આ કામ કરૂં’, મારા પાત્રલેપાદિ કાર્યને તમે ઇચ્છાથી કરો.’ આ પ્રમાણે ક્રમશઃ સ્વ–પર સારણમાં ‘ઇચ્છાકાર’ સમાચારી છઠ્ઠી જાણવી.

(૭) જ્યારે કોઈ પણ પ્રવૃત્તિમાં ભૂલ થાય, ત્યારે ભૂલના સ્વીકારપૂર્વક ‘મિથ્યા દુષ્કૃત’ આપે. અર્થાત્ અસત્ય આચરણ થતાં ધિક્કાર છે. મને, કે જે મેં આ અસત્ય કરેલ છે.’–આવા પ્રકારની નિંદામાં ‘મિથ્યાકાર’ નામની સાતમી સામાચારી સમજવી.

(૮) જ્યારે ગુરુમહારાજ વાંચના વગેરેનું દાન કરે, ત્યારે ‘આ આ પ્રમાણે જ છે.’ –એવા સ્વીકાર રૂપ પ્રતિશ્રુતમાં અર્થાત ગુરુ આદિ જે કહે તે સાંભળી તે તરત જ ‘તહત્તિ’ કહી સ્વીકાર રૂપ પ્રતિશ્રુતમાં ‘તથાકાર’ નામની આઠમી સામાચારી છે.

(૯) બહુમાનયોગ્ય આચાર્ય ગ્લાન આદિને યથોચિત આહાર આદિ સંપાદન રૂપ ગુરુપૂજામાં ‘અભ્યુત્થાન’ નિમંત્રણા રૂપ નવમી સામાચારી જાણવી.

(૧૦) બીજા આચાર્યની સમીપમાં ‘આટલા કાળ સુધી આપની પાસે હું રહીશ.’–એવી ‘ઉપસંપદા’ નામની દશમી સામાચારી સમજવી. આ પ્રમાણે દશવિધ સામાચારી કહેલી છે. ૫ થી ૭

પુવ્વિલ્લંમિ ચઉબ્ભાગે, આઇચ્ચંમિ સમુટ્ઠિએ।
ભંડગં પડિલેહિત્તા, વંદિત્તા ય તઓ ગુરું ।૮।
પુચ્છિજ્જા પંજલીઉડો, કિં કાયવ્વં મએ ઈહ ।
ઇચ્છં નિઓઇઉં ભંતે, વેઆવચ્ચે વ સજ્ઝાએ ।૯।
વેઆવચ્ચે નિઉત્તેણં કાયવ્વં અગિલાયઓ ।
સજ્ઝાએ વા નિઉત્તેણં, સવ્વદુક્ખવિમોક્ખણે ।૧૦।
।ત્રિભિર્વિશેષકમ્ ।

બુદ્ધિથી આકાશનો ચાર પ્રકારનો વિભાગ કરાય છે. ત્યાં પૂર્વદિશા સંબંધી કાંઈક ન્યૂન આકાશના ચોથા ભાગમાં જ્યારે સૂર્ય આવે છે, ત્યારે પાદોનપોરિસિમાં (સૂર્યોદય પછી ૨ ક.–૨૪ મિ. થાય ત્યાર પછી) પાત્રા વગેરે ઉપકરણનું પડિલેહણ કરીને અને આચાર્ય આદિ ગુરુને વંદના કરીને ભાલતલ ઉપર બે હાથ જોડીને પૂછે કે- આ સમયમાં હું ઈચ્છું છું કે–હે ભગવન્! આપ વૈયાવચ્ચ કે સ્વાધ્યાયમાં જેમાં મને જોડવા ઇચ્છો, તેમાં હું જોડાવા ઈચ્છું છું. જો ગુરુમહારાજ વૈયાવચ્ચમાં જોડે, તો શરીરના શ્રમનો વિચાર કર્યા સિવાય વૈયાવચ્ચ કરવી. જો ગુરુજી સ્વાધ્યાયમાં નિયુક્ત કરે, તો સર્વ દુઃખોથી મૂકાવનાર સ્વાધ્યાયમાં શરીરશ્રમની ચિન્તા કર્યા સિવાય પ્રયત્ન કરવો જોઇએ. ૮ થી ૧૦

દિવસસ્સ ચઉરો ભાએ, કુજ્જા, ભિક્ખૂ વિઅક્ખણો ।
તઓ ઉત્તરગુણે કુજ્જા, દિણભાગેસુ ચઉસુ વિ ।૧૧।

પઢમં પોરિસિ સજ્ઝાયં, બિઇઅં ઝાણં ઝીઆયઇ ।
તઇ પાએ ભિક્ખાયરિયં, પુણો ચઉત્થિએ સજ્ઝાયં ૧૨
આસાઢે માસે દુપયા, પોસે માસે ચઉપ્પયા ।
ચિત્તાસોએસુ માસેસુ, તિપયા હવઇ પોરિસી ।૧૩।
અંગુલં સત્તરત્તેણં, પક્ખેણં તુ દુઅંગુલં ।
વડ્ઢએ હાયએ આવિ, માસેણં ચઉરંગુલં ।૧૪।
। ચતુર્ભિઃકલાપકમ્ ।

વિચક્ષણ સાધુ દિવસના ચાર ભાગ કરે. દિવસના ચાર ભાગોમાં પણ સ્વાધ્યાય વગેરે ઉત્તર ગુણો કરે ! પહેલી પોરિસીમાં સ્વાધ્યાય–સૂત્રાભ્યાસ, બીજી પોરિસીમાં ધ્યાન–અર્થચિંતન, ત્રીજી પોરિસીમાં ભિક્ષાચર્યા અને ચોથી પોરિસીમાં ફરીથી સ્વાધ્યાય કરે ! અષાઢ પૂર્ણિમા દિને જાનુછાયા બે પદવાળી હોય, ત્યારે પોરિસીનું માપ નીકળે છે. આવી રીતિએ પોષ માસની પૂર્ણિમા દિને જયારે ચાર પદવાળી જાનુછાયા હોય, ત્યારે પોરિસીનું માપ નીકળે છે. ચૈત્ર અને આસો માસની પૂર્ણિમા દિને જયારે ત્રણ પદવાળી જાનુછાયા હોય, ત્યારે પોરિસીનું માપ નીકળે છે. વળી દક્ષિણાયનમાં સાત અહોરાત્રી બાદ પોરિસીના માપમા એક આંગળ વધે છે અને ઉત્તરાયનમાં ઘટે છે. પખવાડીયા બાદ આંગળ પોરિસીના માપમાં દક્ષિણાયનમાં વધે છે અને ઉત્તરાયનમાં ઘટે છે. એ રીતિએ એક મહિના બાદ ચાર આંગળ પોરિસીના માપમાં દક્ષિણાયનમાં વધે છે અને ઉત્તરાયનમાં ઘટે છે. ૧૧ થી ૧૪

આસાઢબહુલપક્ખે, ભદ્દવએ કત્તિએ અ પોસે અ ।
ફગ્ગુણ-વઇસાહેસુ અ, નાયવ્વા ઓમરત્તાઓ ॥૧૫॥
જેટ્ઠામૂલે અસાઢ-સાવણે, છહિ અંગુલેહિં પડિલેહા ।
અટ્ઠહિં વીઅતિઅમ્મિ, તઇએ દસ અટ્ઠહિં ચઉત્થે ॥૧૬॥

। યુગ્મમ્ ।

અષાઢ, ભાદરવો, કાર્ત્તિક, પોષ, ફાગણ અને વૈશાખ માસનો વદ પક્ષ ચૌદ દિવસનો કહેવાય છે. પૂર્વોક્ત પોરિસીના માનમાં અષાઢ અને શ્રાવણમાં ૬ આંગળ, ભાદરવો-આસો કાર્તિકમાં ૮ આંગળ, માગશર-પોષ-માહમાં ૧૦ આંગળ અને ફાગણ-ચૈત્ર-વૈશાખમાં ૮ આંગળ ઉમેરવાથી પાદોનપોરિસી પાત્રાના પડિલેહણનો કાળ સમજવો. ૧૫ થી ૧૬

રત્તિંપિ ચઉરો ભાએ, ભિક્ખૂ કુજ્જા વિઅક્ખણો ।
તઓ ઉત્તરગુણે કુજ્જા, રાઇભાગેસુ ચઉસુ વિ ॥૧૭॥
પઢમં પોરિસિ સજ્ઝાયં, બિઇઅં ઝાણં ઝિઆયઈ ।
તઇઆએ નિદ્દમોક્ખં તુ, ચઉત્થીએ
ભુજ્જોવિ સજ્ઝાયં ॥૧૮॥
જં નેઇ જયા રત્તિં નક્ખત્તં તમ્મિ નહચઉબ્ભાએ ।
સંપત્તે વિરમિજ્જા, સજ્ઝાય પઓસકાલંમિ ॥૧૯॥
તમ્મેવ ય નક્ખત્તે, ગયણચઉબ્ભાગસાવસેસંમિ ।
વેરત્તિઅંપિ કાલં, પડિલેહિત્તા મુણી કુજ્જા ॥૨૦॥

। ચતુર્ભિઃકલાપકમ્ ।

વિચક્ષણ મુનિ રાત્રિના પણ ચાર ભાગ કરે ! ત્યાર પછી રાત્રિના ચાર ભાગોમાં સ્વાધ્યાયાદિ રૂપ ઉત્તર ગુણોનું આરાધન કરે ! પહેલી પોરિસીમાં સ્વાધ્યાય કરે, બીજી પોરિસીમાં અર્થચિંતન રૂપ ધ્યાન કરે, ત્રીજી પોરિસીમાં નિદ્રા બાદ ઉઠે અને ચોથી પોરિસીમાં પુનઃ સ્વાધ્યાય કરે ! પ્રાયઃ સૂર્ય નક્ષત્રથી ચૌદમું નક્ષત્ર આખી રાત્રિ સુધી આકાશમાં રહે છે. જ્યારે તે નક્ષત્ર આથમી જાય છે, ત્યારે રાત્રિની સમાપ્તિ થાય છે. જ્યારે આકાશના ચોથા ભાગમાં તે નક્ષત્ર આવે, ત્યારે પ્રદોષકાળમાં આરંભેલ સ્વાધ્યાયથી મુનિ અટકી જાય ! નક્ષત્રને આકાશનો ચોથો ભાગ ફરવાનો જ્યારે બાકી હોય, ત્યારબાદ ફરવાના ચોથા ભાગમાં નક્ષત્ર ફરે ત્યારે ત્રીજો પહોર પૂરો થયો છે એમ જાણી, જાગીને ફરીથી સ્વાધ્યાયની પ્રવૃત્તિ ચાલુ કરે ! અર્થાત્ જ્યારે આ નક્ષત્ર આકાશના કલ્પેલા પહેલા ભાગમાં ફરી લે ત્યારે પહેલો પ્રહર, બીજો ભાગ ફરી લે ત્યારે બીજો પ્રહર, ત્રીજો ભાગ ફરી લે ત્યારે ત્રીજો પ્રહર અને ચોથો ભાગ ફરી લે ત્યારે ચોથો પ્રહર સમાપ્ત થયો—એમ સમજવું. ૧૭ થી ૨૦

પુવ્વિલ્લંમિ ચઉબ્ભાગે, પડિલેહિત્તાણ ભંડગં ।
ગુરું વંદિત્ત સજ્ઝાયં, કુજ્જા દુક્ખવિમોક્ખણં ।૨૧।
પોરિસીએ ચઉબ્ભાગે, વંદિત્તાણ તઓ ગુરું ।
અપડિક્કમિત્તા કાલસ્સ, ભાયણં પડિલેહએ ।૨૨।
। યુગ્મમ્ ।

દિવસના પ્રથમ ચોથા ભાગમાં-પહેલી પોરિસીમાં સૂર્યોદય સમયે વર્ષાકલ્પ વગેરે ઉપધિનું પડિલેહણ કરી અને ગુરુને વંદના કરી દુઃખથી છોડાવનાર સ્વાધ્યાયને કરે! સૂર્યોદયથી ૨ ક.-૨૪ મિ. રૂપ પાદોનપોરિસીમાં ગુરુજીને વંદના કરી, કાલ પ્રતિક્રમણ પછી થતું હોવાથી કાલના પ્રતિક્રમણ વગર પાત્રા વગેરેનું પડિલેહણ કરે! ૨૧થી૨૨

મુહપોત્તિઅં પડિલેહિત્તા, પડિલેહિજ્જ ગોચ્છગં ।
ગોચ્છગલઇઅંગુલિઓ, વત્થાઇં પડિલેહએ ।૨૩।
ઉડ્ઢં થિરં અતુરિઅં પુવ્વંતા વત્થમેવ પડિલેહે ।
તો બિઇઅં પપ્ફોડે, તઇઅં ચ પુણો પમજ્જિજ્જા ।૨૪।
અણચ્ચાવિઅં અવલિયં,
અણાણુબંધિ અમોસલિં ચેવ ।
છપ્પુરિમા નવ ખોડા, પાણી પાણિવિસોહણં ।૨૫।

। ત્રિભિર્વિશેષકમ્ ।

પહેલાં મુહપત્તિનું પડિલેહણ કરીને પાત્રા ઉપરના ઉપકરણ રૂપ ગોચ્છાનું પડિલેહણ કરે. અંગુલિઓથી ગુચ્છાને પકડનારો મુનિ પટલકરૂપ-પલ્લારૂપ વસ્ત્રોનું પડિલેહણ પ્રમાર્જન કરે. બાદ શરીરની અપેક્ષાએ ઉત્કુટુક બનેલો (એ પગ વાળીને બંને ઘુંટણ ઉંચા રહે તેવી રીતિએ ઉભા પગે ભૂમિથી અદ્ધર બેસવું, તે ઉત્કુટુકાસન કહેવાય છે.) તિર્છી વસ્ત્રોને ફેલાવનારો, વસ્ત્રને મજબૂત પકડી, અને ઉતાવળ કર્યા સિવાય પહેલા પડલ રૂપ વસ્ત્રને પડિલેહે. ( આ સિવાય બીજી વખતે વસ્ત્ર વગેરેની આ

મુજબ પડિલેહણ વિધિ સમજવી.) પણ પપ્ફોડા કરે નહિ, જો તેમાં જંતુઓ દેખાય, તો તેને યતનાથી બીજે ઠેકાણે મૂકી દે. ત્યારબાદ શુદ્ધ વસ્ત્રને પપ્ફોડા કરે. આ બીજું કૃત્ય સમજવું. ત્યાર પછી ફરીથી ત્રીજું કાર્ય કરે કે-જોઇને હાથમાં રહેલા પ્રાણીઓનું પ્રમાર્જન કરે. શરીર કે કપડાં નચાવ્યા સિવાય, કપડાં વાળ્યા સિવાય, જોવાતો ભાગ બરાબર દેખાય તેવી રીતિએ ઉંચું, નીચું કે તીચ્છું" જોયા સિવાય અથવા ભીંત વગેરે પદાર્થોનો વિચાર કર્યા સિવાય, વસ્ત્રને બંને પાસાં બદલીને દૃષ્ટિથી જોયા બાદ, વસ્ત્રને બે હાથથી પકડીને પહેલાં ડાબા હાથે અને પછીથી જમણા હાથે નચાવવા રૂપ ત્રણ-ત્રણ પફ્ખોડા કરવા. અર્થાત્ પૂર્વે કરતા હોઇ તીર્ચ્છા કરેલ વસ્ત્રોના પફ્ખોડા રૂપ ક્રિયાવિશેષોને છ પૂર્વના પ્રસ્ફોટ કહેવાય છે. જમણા હાથની આંગળીમાં વસ્ત્ર ભરાવી, હાથને સ્પર્શે નહિ તેમ ડાબા હાથની હથેલીથી કોણી સુધી વસ્ત્રને લઇ જતાં ત્રણ વાર અફ્ખોડા (નચાવવા રૂપે) કરવા અને તે પછી કોણીથી હથેલી તરફ લઈ જતાં વસ્ત્ર સ્પર્શે તેમ હાથને પ્રમાર્જવો. એમ ત્રણ પ્રમાર્જના કરવી. ત્રણ અફ્ખોડા પછી ત્રણ પ્રમાર્જના, પુનઃ ત્રણ અફ્ખોડા અને પ્રમા-ર્જના અને ત્રીજી વાર અફ્ખોડા અને ત્રણ પ્રમાર્જના કરવી. એમ આંતરે આંતરે નવ અફ્ખોડા અને નવ પ્રમા-ર્જના સમજવી. અર્થાત્ પ્રમાર્જન એટલે હાથમાં કુંથુ આદિ જીવોની વિશુદ્ધિ કરવી અને તેને જયણાપૂર્વક અન્ય સ્થળે મૂકવાં. ૨૩ થી ૨૫

આરભડા સમ્મદ્દા, વજ્જેઅંવા ય મોસલી તઇઆ ।
પપ્ફોડણા ચઉત્થી, વિક્ખિત્તા વેઇઆ છટ્ઠી ।૨૬।
પસિઢિલપલંબલોલા, એગામોસા અણેગરૂવધુણા ।
કુણઇ પમાણિ પમાયં, સંકિએ ગણણોવગં કુજ્જા ।૨૭।

પ્રતિલેખનાના દોષના ત્યાગ કહે છે.

૧. આરભડા-વિપરીત પ્રતિલેખના અથવા ઝપાટા-બંધ બીજા બીજા વસ્ત્રોને ગ્રહણ કરવા રૂપ પ્રતિલેખના.

૨. સંમર્દા-વસ્ત્રના છેડાના ખુણાઓ વાળવા રૂપે કે ઉપધિ ઉપર બેસવા રૂપ સંમર્દા નામક દોષ.

૩. મૌશલી-તિરછો, ઉંચે કે નીચે સંઘટ્ટો કરવો તે મૌશલી દોષ.

૪. પ્રસ્ફોટના-ધૂળવાળા વસ્ત્રની જેમ પ્રકર્ષથી વસ્ત્રો ખંખેરવા તે પ્રસ્ફોટના દોષ.

૫. વિક્ષિપ્તા-પડિલેહણા જેની થયેલી છે-એવા વસ્ત્રોને પડિલેહણ વગરના વસ્ત્રોમાં મૂકવા તે વિક્ષિપ્તા દોષ.

૬. વેદિકા-બંને ઢીંચણ ઉપર બંને હાથ રાખીને પડિલેહણ કરવી તે ઊર્ધ્વ વેદિકા. બંને ઢીચણ નીચે હાથ રાખીને પડિલેહણ કરવી તે અધોવેદિકા, તીરછો હાથ રાખીને પડિલેહણ કરવી તે તિર્યગ્ વેદિકા. બે હાથની અંદર બે ઢીંચણ રાખીને પડિલેહણ કરવી તે ઉભય વેદિકા અને બે હાથની અંદર એક ઢીંચણ રાખીને પડિલેહણ કરવી તે એક વેદિકા. આમ પાંચ પ્રકારની વેદિકા રૂપ દોષ.

૭. પ્રશિથિલ–જે મજબૂત રીતિએ નહિ અને તીચ્છું નહિ તેમ જ લાંબું કરીને વસ્ત્રગ્રહણ રૂપ દોષ.

૮. પ્રલંબ–વિષમ રીતિએ પકડીને પડિલેહણ કરાતા વસ્ત્રોના ખૂણાઓના લટકાવવા રૂપ દોષ.

૯. લોલ–જમીન ઉપર કે હાથમાં પડિલેહણ કરાતા વસ્ત્રોને હલાવવા રૂપ દોષ.

૧૦. અનેકરૂપધૂનાના–એકી સાથે અનેક વસ્ત્રો પકડીને હલાવવા રૂપ દોષ.

૧૧. પ્રમાદ–પ્રસ્ફોટના વગેરેની સંખ્યા રૂપ પ્રમાણમાં ઉપયોગના અભાવ રૂપ દોષ.

૧૨. ગણનોપગ–પ્રમાદથી પ્રમાણ પ્રતિ શંકા થતાં હાથની અંગુલિ–રેખાસ્પર્શન વગેરેથી એક–બે–ત્રણ સંખ્યા રૂપ ગણના કરી પ્રસ્ફોટના વગેરે કરે છે તે પણ દોષ છે. ૨૬થી૨૭

અણૂણાઇરિત્તપડિલેહા, અવિવચ્ચાસા તહેવ ય ।
પઢમં પયં પસત્થં, સેસાણિ ઉ અપ્પસત્થાણિ ।૨૮।

વેળાની અપેક્ષાએ અન્યૂન પ્રસ્ફોટ પ્રમાર્જના અને અનતિરિક્ત–અનધિક પ્રસ્ફોટના પ્રમાર્જના ( ગુરુ આદિ અને રત્નાધિકની ઉપધિની ક્રમસર પ્રતિલેખના કરવી નહિ તે પુરુષવ્યત્યય અને સવારે તથા સાંજે રજોહરણ આદિ કે ઉપધિને પૂર્વોક્ત સ્થાનમાં પ્રતિલેખના નહિ કરવી તે ઉપધિવ્યત્યય. પુરુષ–ઉપધિના વિપર્યાસ વગરની પ્રતિલેખના રૂપ પ્રથમ ભંગ રૂપ પ્રથમ પદ પ્રશસ્ત છે. બાકીના સાત ભાંગા અપ્રશસ્ત છે.

ऽऽऽ–।ऽऽ–ऽ।ऽ–।।ऽ–ऽऽ।–।ऽ।–ऽ।।–।।। આ મુજબ આઠ ભાંગા સમજવા. અહીં અન્યૂન, અનતિરિક્ત અને અવિપર્યાસ એમ ત્રણ વિશેષણ પદોથી આઠ ભાંગા કરવાના છે. ૨૮

પડિલેહણં કુણંતો, મિહો કહં કુણઈ જણવયકહં વા ।
દેઈ વ પચ્ચક્ખાણં વાએઈ સયં પડિચ્છઇ વા ।૨૯।
પુઢવિ આઉક્કાએ, તેઉ વાઊ વણસ્સઈ તસાણં ।
પડિલેહણાપમત્તો, છણ્હંપિ વિરાહઓ હોઇ ।૩૦।
પુઢવિ આઉક્કાએ, તેઉ વાઊ વણસ્સઇતસાણં ।
પડિલેહણા આઉત્તો, છણ્હંપિ આરાહઓ હોઇ ।૩૧।
। ત્રિભિર્વિશેષકમ્ ।

પડિલેહણ કરતાં જો પરસ્પર સ્ત્રીકથા આદિ અથવા વાતચીત કરે, બીજાને પચ્ચક્ખાણ આપે, બીજાને વાચના આપે, પોતે વાચના લે, તો પરસ્પર કથા વગેરેથી પ્રતિલેખનામાં અસાવધ બનેલો, પૃથ્વી–અપ્–તેજસ્–વાયુ–વનસ્પતિ–ત્રસકાય રુપ ષડ્જીવનિકાયનો પણ વિરાધક થાય છે. પ્રતિલેખનામાં સાવધ–અપ્રમાદી બનેલો સાધુ પૃથ્વીકાય વગેરે છ જીવનિકાયનો આરાધક બને છે. ૨૯ થી ૩૧

તઇઆએ પોરિસીએ, ભત્તપાણં ગવેસએ ।
છણ્હમન્નયરાગંમિ, કારણંમિ સમુટ્ઠિએ ।૩૨।

વેઅણુ વેઆવચ્ચે, ઇરિઅટ્ઠાએ અ સંજમટ્ઠાણએ ।
તહ પાણવત્તિઆએ, છટ્ઠં પુણ ધમ્મચિંતાએ ।૩૩।

। યુગ્મમ્ ।

ત્રીજી પોરિસીમાં ભાતપાણીની ગવેષણા કરવી. આ ઔત્સર્ગિક વચન સમજવું, કારણ કે–સ્થવિરકલ્પિકોને કાલ પ્રમાણે ભોજન વગેરેનું ગવેષણ કહેલું છે. યાને છ કારણોમાંથી કોઇ એક કારણ ઉપસ્થિત હોય ત્યારે ભાત પાણી લેવા જાય; પણ કારણ વગર લેવા ન જાય. હવે છ કારણો બતાવે છે. ૧. ભૂખ–તરસ વગેરેની વેદના છેદવા માટે વહોરવા જાય. ૨. ભૂખ વગેરે બાધિત હોવાથી વૈયાવચ્ચ કરવા અસમર્થ થાય માટે. ૩. ભૂખ વગેરેથી આકુલ બનેલો હોઇ બે આંખોથી જોઇ શકતો નહિ હોવાથી ઇર્યાસમિતિ માટે (૪) આહાર આદિ સિવાય કચ્છ–મહાકચ્છ વગેરેની માફક સંયમ દુઃસાધ્ય થાય માટે સંયમપાલનાર્થે. (૫) પ્રાણોની રક્ષા ખાતર. (૬) ભૂખ–તરસથી કૃશ બનેલો ધર્મચિંતન કયાંથી કરી શકે તેથી ધર્મધ્યાનને માટે. આ કારણોસર ભિક્ષા લેવા જાય. ૩૨–૩૩

નિગ્ગંથો ધિઇમંતો, નિગ્ગંથી
વિ ન કરિજ્જ છહિં ચેવ ।
ઠાણેહિં તુ ઇમેહિં, અણુતિક્કમણા ય સે હોઇ ।૩૪।
આયંકે ઉવસગ્ગે, તિતિક્ખયા બંભચેરગુત્તીસુ ।
પાણિદયા તવહેઉં, સરીરવોચ્છેઅણટ્ઠાએ ।૩૫।

। યુગ્મમ્ ।

જે કારણોથી ભાતપાણી લેવા ન જાય, તેની વિગત કહે છે કે-ધર્મપાલન પ્રતિ સ્થિરતાવાળો ધીર સાધુ અને સાધ્વી પણ કહેવાતા છ સ્થાનોથી ભિક્ષાની ગવેષણા ન કરે, કેમ-કે-સંયમયોગોનું ઉલ્લંઘન થતું નથી; નહિતર સંયમ-યોગોનું અતિક્રમણ થઈ જાય. હવે છ સ્થાનો જણાવે છે. (૧) જ્વર વગેરે રોગમાં, તેના નિવારણાર્થે. (૨) દિવ્ય આદિ અથવા વ્રતથી છોડાવવા સ્વજનો વગેરેએ કરેલ ઉપસર્ગમાં, તેના નિવારણાર્થે. (૩) બ્રહ્મચર્યની ગુપ્તિ વિષયમાં, સહન-શીલતા હોવાથી, કારણ કે-તે ગુપ્તિઓ મનના મહા તોફાનની ઉત્પત્તિમાં બીજા પ્રકારે અસહ્ય બને છે. (૪) વરસાદ વગેરેમાં અપ્કાય જીવોની રક્ષા માટે. (૫) એક ઉપવાસ આદિ તપના હેતુથી. (૬) ઉચિત કાલમાં અનશન કરનારને શરીરનો વ્યવચ્છેદ હેતુ હોવાથી. આ કારણોએ ભિક્ષાની ગવેષણા કરવી નહિ. ૩૪-૩૫

અવસેસં ભંડગં ગિજ્ઝા ચક્ખુસા પડિલેહએ ।
પરમદ્ધજોઅણાઓ, વિહારં વિહરએ મુણી ॥૩૬॥

સમગ્ર ઉપકરણને લઈ ને આંખથી જોયા બાદ પડિ-લેહણ કરે. ત્યાર બાદ ઉપગરણને લઈને ઉત્કૃષ્ટ અર્ધ યોજન સુધી, કેમ કે-અર્ધ યોજન ઉપરાન્ત ગયેલ અશન આદિ માર્ગાતીત થાય, માટે તેટલા ક્ષેત્રમાં ગોચરી માટે મુનિ પર્યટન કરે. ૩૬

ચઉત્થીએ પોરિસીએ, નિક્ખિવિત્તાણ ભાયણં ।
સજ્ઝાયં ચ તઓ કુજ્જા, સવ્વભાવવિભાવણં ॥૩૭॥

પોરિસીએ ચઉબ્ભાએ, વંદિત્તાણ તઓ ગુરું ।
પડિક્કમિત્તા કાલસ્સ, સિજ્જં તં પડિલેહએ ।૩૮।
પાસવણુચ્ચારભૂમિં ચ, પડિલેહિજ્જ જયં જઈ ।
કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ।૩૯।

। ત્રિભિર્વિશેષકમ્ ।

હવે ચોથી પોરિસીમાં પડિલેહણા પૂર્વક પાત્રાને બાંધી અને ઉપધિની પડિલેહણા કરી જીવ વગેરે સર્વ-ભાવપ્રકાશક સ્વાધ્યાયને કરે. જ્યારે ચોથી પોરિસીનો ચોથો ભાગ બાકી રહે, ત્યારે ગુરુને વંદના કરી અને કાલનું પ્રતિક્રમણ કરી વસતિ રૂપ શય્યાનું પડિલેહણ કરે. પ્રશ્રવણ-ભૂમિ, ઉચ્ચારભૂમિ તથા કાલભૂમિને નિરારંભપૂર્વક યતિ પડિલેહે. બાદ સર્વ દુઃખોથી છોડાવનાર કાઉસ્સગ્ગને કરે. ૩૭ થી ૩૯

દેવસિઅં ચ અઇઆરં, ચિંતિજ્જ અણુપુવ્વસો ।
નાણે અ દંસણે ચેવ, ચરિત્તંમિ તહેવ ય ।૪૦।
પારિઅકાઉસ્સગ્ગો, વંદિત્તાણ તઓ ગુરું ।
દેવસિઅં તુ અઇઆરં, આલોઇજ્જ જહક્કમં ।૪૧।
પડિક્કમિત્તુ નિસ્સલ્લો, વંદિત્તાણ તઓ ગુરું ।
કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ।૪૨।
પારિયકાઉસ્સગ્ગો, વંદિત્તાણ તઓ ગુરું ।
થુઇમંગલં ચ કાઊણં, કાલં સંપડિલેહએ ।૪૩।

પઢમં પોરિસિ સજ્ઝાયં, બિઇઅં ઝાણં ઝિઆયઇ ।
તઇઆએ નિદ્દમોક્ખં તુ, સજ્ઝાયં તુ ચઉત્થીએ ।૪૪।

। પંચભિઃકુલકમ્ ।

કાઉસ્સગ્ગમાં રહેલો જે કરે તે કહે છે કે–સવારના પ્રતિક્રમણમાં પહેલી મુહપત્તિના પડિલેહણથી માંડી કાયોત્સર્ગ સુધી દિવસ સંબંધી અતિચારનું ચિંતન કરે, અર્થાત્ જ્ઞાન–દર્શન–ચારિત્રમાં લાગેલ અતિચારનું ચિંતન કરે. કાઉસ્સગ્ગ પાર્યા બાદ ગુરુજીને વંદન કરી, ગુરુની સમક્ષ યથાક્રમ દિવસ સંબંધી અતિચારનો પ્રકાશ કરે. અપરાધસ્થાનોનું પ્રતિક્રમણ કરી, માયાશલ્ય વગેરે શલ્ય વગરનો બની વંદનાપૂર્વક ખમાવી, ગુરુવંદનથી ગુરુને વંદના કરી, પછી ચારિત્ર–દર્શન–જ્ઞાનની શુદ્ધિ નિમિત્તે સર્વ દુઃખોથી મૂકાવનાર કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગ પારી, ગુરુને વંદના કરી અને સિદ્ધિસ્તવ રૂપ સ્તુતિત્રય રૂપ સ્તુતિમંગલ કરી પ્રાદોષિક કાલમાં જાગે–કાલગ્રહણ લે. અર્થાત્ પહેલી પોરિસીમાં સ્વાધ્યાય, બીજી પોરિસીમાં અર્થચિંતન રૂપ ધ્યાન, ત્રીજી પોરિસીમાં નિદ્રાથી મુક્તિ અને ચોથી પોરિસીમાં ફરીથી સ્વાધ્યાયને કરે. ૪૦ થી ૪૪

પોરિસીએ ચઉત્થીએ, કાલં તુ પડિલેહિઆ ।
સજ્ઝાયં તુ તઓ કુજ્જા, અબોહંતો અસંજએ ।૪૫।

પોરિસીએ ચઉબ્ભાએ, વન્દિત્તાણ તઓ ગુરું ।
પડિક્કમિત્તા કાલસ્સ, કાલં તુ પડિલેહએ ।૪૬।

આગએ કાયવુસ્સગ્ગે, સવ્વદુક્ખવિમોક્ખણે ।
કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ।૪૭।
રાઇઅં ચ અઇઆરં ચિંતિજ્જ અણુપુવ્વસો ।
નાણમ્મિ દંસણમ્મિ, ચરિત્તમ્મિ તવંમિ ય ।૪૮।
પારિઅકાઉસ્સગ્ગો, વંદિત્તાણ તઓ ગુરું ।
રાઇઅં તુ અઇઆરં આલોએજ્જ જહક્કમં ।૪૯।
પડિક્કમિત્તુ ણિસ્સલ્લો, વંદિત્તાણં તઓ ગુરું ।
કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ।૫૦।
કિં તવં પડિવજ્જામિ, એવં તત્થ વિચિંતએ ।
કાઉસ્સગ્ગં તુ પારિત્તા, વંદઈ ઉ તઓ ગુરું ।૫૧।
પારિઅકાઉસ્સગ્ગો, વંદિત્તાણ તઓ ગુરું ।
તવ સંપડિવજ્જિત્તા, કુજ્જા સિદ્ધાણ સંથવં ।૫૨।
। અષ્ટભિઃકુલકમ્ ।

ચોથી પોરિસીમાં–વૈરાત્રિક કાલમાં જાગીને કાલગ્રહણ કરી, અસંયતોને નહિ જગાડતો સ્વાધ્યાયને કરે. જ્યારે ચોથી પોરિસીનો ચોથો ભાગ બાકી રહે, ત્યારે ગુરુવંદના કર્યા બાદ વૈરાત્રિક કાલનું પ્રતિક્રમણ કરી પ્રાભાતિક કાલને જુએ અને ગ્રહણ કરે. વળી જ્યારે સર્વ દુઃખોથી છોડાવનાર કાઉસ્સગ્ગનો સમય આવે ત્યારે કાયોત્સર્ગ કરે. અહીં કાઉસ્સગ્ગના ગ્રહણથી દર્શન–જ્ઞાન–ચારિત્રની શુદ્ધિ માટે ત્રણ કાઉસ્સગ્ગનું ગ્રહણ કરે. ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિ સંબંધી અતિચારનું ચિંતન કરાય છે, યાને ક્રમસર રાત્રિ

સંબંધી જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યમાં જે અતિચાર લાગ્યો હોય તેનું ચિંતન કરે. બાકીના કાઉસ્સગ્ગમાં ચતુર્વિંશતિસ્તવ જે (લોગસ્સ) પ્રસિદ્ધ છે તે સમજવું. ત્યાર બાદ કાઉસ્સગ્ગ પારી, વાંદણા દઇ, ગુરુને ખમાવી-વંદન કરી, ગુરુ સમક્ષ યથાક્રમ રાત્રિના અતિચારનો પ્રકાશ કરે. પ્રતિક્રમણ કરી, નિઃશલ્ય થઈ, ગુરુને વંદના કરી સર્વ દુઃખથી છોડાવનાર કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગમાં રહેલો નવકારશી વગેરે કયો તપ હું સ્વીકારૂં ? યાને શ્રી વીર ભગવાન છ માસ સુધી નિરશન બની વિચર્યા તો હું પણ શું ? એટલા કાલ સુધી નિરશન બની રહેવા સમર્થ છું કે નહિ ?—આ પ્રમાણે પાંચ માસથી લઇને નવકારશી પર્યંત વિચાર કરે. આ પ્રમાણે તપચિંતવણી કાઉસ્સગ્ગ પૂરો કરી-પારી ગુરુને વાંદણા દે, અર્થાત્ ગુરુવંદન કરી, યથાશક્તિ ધારેલો તપ સ્વીકારી, ત્રણ સ્તુતિ રૂપ સિદ્ધોના સ્તવને કરે. બાદ જ્યાં શ્રી જિનમંદિરો છે ત્યાં શ્રી જિનપ્રતિમાઓને વંદના-ચૈત્યવંદન કરે. ૪૫ થી ૫૨

**એસા સામાયારી, સમાસેણ વિયાહિયા ।**
**જં ચરિત્તા બહુ જીવા,**
**તિણ્ણા સંસારસાગરંત્તિબેમિ ।૫૩।**

આ સાધુસામાચારી સંક્ષેપથી કહેલી છે અને તેને આચરીને ઘણા જીવો સંસારસાગરને તરી ગયા છે. આ પ્રમાણે હે જંબુ ! હું કહું છું. ૫૩

**છવ્વીશમું શ્રી સામાચારી અધ્યયન સંપૂર્ણ.**

# શ્રી ખલુંકીયાધ્યયન-૨૭

થેરે ગણહરે ગગ્ગે, મુણી આસિ વિસારએ ।
આઇણ્ણે ગણિભાવંમિ, સમાહિં પડિસંધએ ॥૧॥

ધર્મમાં અસ્થિરોને સ્થિર કરનાર-સ્થવિર, ગુણ-સમુદાય રૂપ ગણને ધારણ કરનાર-ગણધર, સર્વ સાવદ્ય વિરતિની પ્રતિજ્ઞા કરનાર-મુનિ તેમજ સર્વ શાસ્ત્રોમાં કુશલ-વિશારદ, આચાર્યપણા રૂપ ગણિભાવમાં સ્થિત અને આચાર્ય-ગુણોથી વ્યાપ્ત ગર્ગ નામના આચાર્ય ભગવાન, ચિત્તસમાધાન રૂપ સમાધિમાં કુશિષ્યોએ તોડેલી આત્માની સમાધિનું સંધાન કરે છે. ૧

વહણે વહમાણસ્સ, કંતારં અઇવત્તઇ ।
જોએ વહમાણસ્સ, સંસારં અઇવત્તઇ ॥૨॥
ખલુંકે જો ઉ જોએઇ, વિહમ્માણો કિલિસ્સઇ ।
અસમાહિં ચ વેએઇ, તોત્તઓ સે ય ભજ્જઇ ॥૩॥
એગં ડસઇ પુચ્છંમિ, એગં વિંધઇડભિક્ખણં ।
એગો ભંજઇ સમિલં, એગો ઉપ્પહપટ્ઠિઓ ॥૪॥
એગો પડઇ પાસેણં, નિવેસઇ નિવજ્જઇ ।
ઉક્કુદ્દઇ ઉપ્ફિડઇ, સઢે બાલગવી વએ ॥૫॥
માઇ મુદ્ધેણ પડઇ, કુદ્ધે ગચ્છઇ પડિપહં ।
મયલક્ખેણ ચિટ્ઠઇ, વેગેણ ય પહાવઇ ॥૬॥

છિણ્ણાલે છિણ્ણાઈ સલ્લિ, દુદ્દંતે ભંજઈ જુગં ।
સેવિ અ સુસ્સુઆઇત્તા, ઉજ્જહિત્તા પલાયએ ।૭।

। ષડ્ભિઃકુલકમ્ ।

હવે તે આચાર્ય સમાધિનું સંધાન કરતાં જે વિચારે છે તે કહે છે કે-ગાડા વગેરેમાં વિનીત બળદ આદિને જોડી, ગાડું વગેરે ચલાવનાર પુરૂષ જેમ સુખપૂર્વક અરણ્યનું ઉલ્લંઘન કરે છે, તેમ સંયમવ્યાપાર રૂપ યોગમાં સુશિષ્યોને પ્રવર્તાવનાર આચાર્ય આદિ પ્રવર્તકો સુખપૂર્વક સંસારનું ઉલ્લંઘન કરી જાય છે. આ પ્રમાણે આત્માની સમાધિના સંધાન માટે વિનીતનું સ્વરૂપ વિચારી, જેવું અવિનીતનું સ્વરૂપ છે તે વિચારે છે કે-શક્તિ હોવા છતાં ધુરાને વહન નહિ કરનાર દુષ્ટ બળદો-ગળીઆ બળદોને ગાડા વગેરે વાહનમાં જે જોડે છે, તે તાડન કરતો ક્લેશ પામે છે. એથી જ અસમાધિને અનુભવે છે. એટલું જ નહિ પરન્તુ ગળીયા બળદને જોડનારનો બળદ વગેરે હાંકવાનો પરોણો-ચાબુક આદિ રૂપ તોત્રક પણ ત્રુટી જાય છે. ત્યારબાદ રુષ્ટ થયેલો ગાડાવાળો જે કરે તે કહે છે-એકને વારંવાર દાંતોથી પૂંછડે દબાવે છે કરડેછે. અને એકને વારંવાર આરથી વિંધે છે. ત્યાર બાદ પૂંછડે કરડાયેલ કે આરથી વિંધાયેલ બળદો જે કરે તે કહે છે-એક બળદ ધૂંસરીની ખીલી તોડી નાખે છે, એક ઉન્માર્ગમાં ચાલ્યો જાય છે, એક પડખેથી પડે છે-બેસી જાય છે-સૂઇ જાય છે-ઉંચે કૂદે છે અને દેડકાની માફક ઠેકડા મારે છે. એક કપટી બળદ, વૃદ્ધ નહિ એવી

ગાય તરફ દોડે છે, બીજો માયાવી બળદ માથેથી પડે છે અને નિઃસત્ત્વ જેવો પોતાને બતાવતો અને ક્રોધી થતો પાછો વળે છે. કોઈ મરેલા જેવો રહેલો, કોઇ રીતિએ સાજો થયેલો વેગથી અત્યંત દોડી જાય છે યાને બીજો બળદ ચાલવા શક્તિમાન ન થાય તેવી રીતિએ જાય છે. તથાવિધ દુષ્ટ જાતિવાળો બળદ નાથને ( દોરડાને ) તોડે છે, કોઇક દુર્દાંત ધોંસરાને તોડે છે, વળી તે પણ ધૂંસરી તોડી, સૂત્કારો કરી અને સ્વામીને દોડાવી બીજી બાજુએ પલાયન થઇ જાય છે. ૨ થી ૭

ખલુંકાજારિસા જોજ્જા, દુસ્સીસાવિ હુ તારિસા ।
જોઇઆ ધમ્મજાણમ્મિ, ભજ્જંતિ ધિઇદુબ્બલા ।૮।

જેવા ખલુંકો—ધૂંસરી ખેંચનાર બળદો—ગળીયા બળદો, તેવા જ દુષ્ટ શિષ્યો જ અહીં સમજવા. કેમકે—ધર્મરૂપી વાહનમાં જોડાયેલા અને ધર્મના અનુષ્ઠાનમાં કમજોર—અલ્પ સ્થિરતાવાળા દુષ્ટ શિષ્યો ધર્મયાનમાં સારી રીતિએ પ્રવર્તતા નથી. હવે ધૈર્યની દુર્બલતાને સ્પષ્ટ કરે છે. ૮

ઇડ્ઢી ગારવિએ એગે, એગેત્થ રસગારવે ।
સાયગારવિએ એગે, એગે સુચિરકોહણે ।૯।
ભિક્ખાલસીએ એગે, એગે ઓમાણભીરુએ થદ્ધે ।
એગં ચ અણુસાસમ્મિ, હેઊહિં કારણેહિ અ ।૧૦।
સો વિ અંતરભાસિલ્લો, દોસમેવ પકુવ્વઇ ।
આયરિઆણં તં વયણં, પડિકૂલેઇ અભિક્ખણં ।૧૧।

ન સા મમં વિઆણાઇ, નવિ સા મજ્ઝ દાહિઇ ।
નિગ્ગઇ હોહિઇ મન્ને, સાહૂ અન્નોત્થ વજ્જઉ ॥૧૨॥
પેસિઆ પલિઉંચંતિ, તે પરિયંતિ સમંતઓ ।
રાયવિટ્ઠિં વ મન્નંતા, કરિંતિ ભિઉડિ મુહે ॥૧૩॥
વાઇઆ સંગહિઆ ચેવ, ભત્તપાણેણ પોસિઆ ।
જાયપક્ખા જહા હંસા, પક્કમંતિ દિસોદિસિં ॥૧૪॥
। ષડ્ભિઃકુલકમ્ ।

કોઈ એક કુશિષ્ય ઋદ્ધિવાળા શ્રાવકો માટે વશ્ય-આધીન છે અને ઇષ્ટ ઉપકરણ આદિ મેળવે છે, જેથી એવો આત્મપ્રશંસા રૂપ ઋદ્ધિવાળો-ઋદ્ધિગૌરવિક અમારા નિયોગમાં પ્રવર્ત્તતો નથી. એક કુશિષ્ય મધુર વગેરે રસોમાં ઉન્મત્ત બનેલો ગ્લાન વગેરેને આહાર આપવામાં અને તપમાં પ્રવર્ત્તતો નથી. કોઇ એક કુશિષ્ય સુખશીલીયો બનેલો અપ્રતિબદ્ધ વિહાર વગેરેમાં પ્રવૃત્તિ કરતો નથી. વળી ભિક્ષા માટે આળસુ બનેલો કુશિષ્ય ગોચરી વહોરવા જતો નથી. કોઇક તો અપમાનથી ડરનારો ભિક્ષા લેવા જાય છે પણ ગમે તેના ઘરે પેસવા ઇચ્છતો નથી. કોઇક તો અભિમાની પોતાના પકડેલા કદાગ્રહથી નમાવી શકાય એવો નથી. વળી એક દુષ્ટ શિષ્યને પૂર્વોક્ત કારણોથી શિખામણ આપું છું, પણ જેને શિખામણ અપાય છે તે કુશિષ્ય ગુરુ-વાક્યની વચ્ચે જ પોતાનો અભિમત બોલનારો અપરાધને જ કરે છે, પરન્તુ શિક્ષા અપાઈ છતાં પણ અપરાધનો વિચ્છેદ કરતો નથી. વળી શિક્ષા આપનાર અમ આચાર્યોના શિક્ષા-

વચનને તે કુયુક્તિઓથી વાર'વાર વિપરીત કરી નાખે છે. 'અમુક શ્રાવિકાના ઘરેથી બીમાર આદિ માટે પથ્ય વગેરે તુ લઇ આવ !'–એમ અમારાથી કહેવાયેલ છતાં આ દુષ્ટ શિષ્ય જવાબ આપે છે કે–'તે શ્રાવિકા મને પિછાનતી નથી, જેથી તે મને પથ્ય આદિ આપશે નહિ અથવા હું માનુ' છુ' કે–કદાચ ઘરમાંથી તે નીકળીને બીજે ઠેકાણે ગઈ હશે, માટે આ કામમાં બીજાને મોકલો ! શું હું જ એકલો સાધુ છુ' ?' વગેરે બોલે છે. કોઈ કાર્ય માટે મોકલેલ હોય અને 'તે કાર્ય કેમ નથી કર્યું' ?'–એમ પૂછવામાં આવે, તો તેઓ અપલાપ કરતાં બોલે છે કે–'ક્યારે અમને કહ્યું હતું ? અથવા અમે તો તે શ્રાવિકાને ત્યાં ગયા પણ તેને જોઈજ નહિ.' તે કુશિષ્યો ચારેય બાજુ બધે ભટકયા કરે છે અને અમારી પાસે રહેતા નથી. 'જો રહીશું તો કદાચ આમનુ' કામ કરવું પડશે.'–એમ માની તેઓ કામ નહિ કરવા ખાતર ફર્યા કરે છે. કોઇ કરવા માટે જો પ્રવર્તાવ્યા, તો રાજાની વેઠની માફક માની મ્હોં ઉપર ભવાં ચઢાવે છે. વળી અમારી પાસેથી સૂત્રના પાઠ અને અર્થ પામેલા પાસે રાખ્યા. દીક્ષિત બનાવ્યા અને ભક્તપાનથી પોષ્યા તો પણ તે કુશિષ્યો પાંખ જેઓને ઉત્તમ થઇ છે એવા હ'સો જેમ દરેક દિશામાં ઉડી જાય છે, તેમ સ્વચ્છ'દવિહારીઓ બની યથેષ્ટ રીતિએ બધે ફરે છે. ૯થી૧૪

**અહ સારહી વિચિ'તેઈ, ખલુ'કેહિ' સમાગઓ ।**
**કિ' મજ્ઝ દુટ્ઠસીસેહિ', અપ્પા મે અવસીઅઇ ।૧૫।**

જારિસા મમ સીસા ઉ, તારિસા ગલિગદ્દહા ।
ગલિગદ્દહે ચઇત્તાણં દઢં પગિણ્હઈ તવં ।૧૬।
। યુગ્મમ્ ।

હવે પૂર્વોક્ત ચિંતન બાદ અસમાધિ અને ખેદ પામેલા ધર્મધ્યાનના સારથી ગર્ગાચાર્ય વિશિષ્ટ ચિંતન કરે છે કે–' આ કુશિષ્યોની સાથે સંબંધવાળો છું અને તેમનાથી કોઈ મારું કાર્ય સિદ્ધ થતું નથી, ઉલટો મારો આત્મા પ્રેરિત કરાયેલા કુશિષ્યોથી અસમાધિ–ખેદને પામે છે. જેવા ગળીયા બળદ કે ગધેડા છે તેવા આ કુશિષ્યો છે. આ લોકોની અત્યંત પ્રેરણામાં કાળ પૂરો થાય છે, લાભ થતો નથી, ઉલટો તોટો થાય છે. આથી ગલિગદર્ભ સરખા દુષ્ટ શિષ્યોનો ત્યાગ કરી ગર્ગાચાર્ય દઢ અનશન વગેરે તપ ઉત્કૃષ્ટ રીતિએ ગ્રહણ કરે છે. ૧૫–૧૬

મિઉ મદ્દવસંપન્ને, ગંભીરે સુસમાહિએ ।
વિહરઇ મહિં મહપ્પા,
સીઇભૂએણ અપ્પણા ત્તિ બેમિ ।૧૭।

બહારથી વિનીત અને મનથી પણ મૃદુતાસંપન્ન–વિનીત, ગંભીર, શ્રેષ્ઠ સમાધિવાળા, ચારિત્રભૂત કે સ્વભાવ રૂપ આત્માથી યુક્ત મહાત્મા ગર્ગાચાર્ય પૃથ્વીતલ ઉપર વિહાર કરી રહ્યા છે, એમ હે જંબુ ! હું કહું છું. ૧૭

સત્તાવીશમું શ્રી ખલુંકીયાધ્યયન સંપૂર્ણ.

## શ્રી મોક્ષમાર્ગગતિ અધ્યયન–૨૮

મોક્ખમગ્ગગઇં તચ્ચં, સુણેહ જિણભાસિઅં ।
ચઉકારણસંજુત્તં, નાણદંસણલક્ખણં ॥૧॥

સકલ કર્મના ક્ષય રૂપ મોક્ષના જ્ઞાનાદિ રૂપ માર્ગથી સિદ્ધિગમન રૂપ કહેવાતી સત્ય–શ્રી જિનેશ્વર ભગવાને કહેલી ગતિને સાંભળો ! તેમજ કહેવાતા જ્ઞાનાદિ ચાર કારણોથી સંયુક્ત જેના જ્ઞાન અને દર્શન લક્ષણ છે–એવી મોક્ષમાર્ગગતિને સાંભળો ! ૧

નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।
એસ મગ્ગુત્તિ પણ્ણત્તો જિણેહિં વરદંસિહિં ॥૨॥

જ્ઞાનાવરણીય કર્મ ક્ષય–ક્ષયોપશમથી પ્રગટ થયેલ મતિ વગેરે ભેદવાળું સમ્યગ્જ્ઞાન, દર્શનમોહનીયના ક્ષય–ક્ષયોપશમ–ઉપશમથી પ્રગટ થયેલ શ્રી તીર્થંકર ભગવાને કહેલ જીવાદિ તત્ત્વરૂચિ રૂપ ક્ષાયિક વગેરે ભેદવાળું દર્શન, ચારિત્રમોહના ક્ષય વગેરેથી ઉત્પન્ન સામાયિક વગેરે ભેદવાળું સત્પ્રવૃત્તિ–અસત્ નિવૃત્તિ રૂપ ચારિત્ર, જિનોક્ત બાહ્ય–અભ્યંતર ભેદવાળો તપ. અર્થાત્ સમુદિત જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ રૂપ આ મોક્ષમાર્ગ વરદર્શી શ્રી જિનેશ્વરોએ દર્શાવેલ છે. ૨

નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।
એઅં મગ્ગમણુપત્તા, જીવા ગચ્છંતિ સોગ્ગઈં ॥૩॥

આ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ રૂપ માર્ગનો આશ્રય કરનારા જીવો મુક્તિ રૂપ સુગતિને પામે છે. ૩

**તત્થ પંચવિહં નાણં સૂઅં આભિનિબોહિઅં ।**
**ઓહિનાણં ચ તઇઅં, મણનાણં ચ કેવલં ।૪।**

તે જ્ઞાનાદિમાં પાંચ પ્રકારનું જ્ઞાન છે. તે આ પ્રમાણે-(૧) શ્રુતજ્ઞાન, (૨) મતિજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવલજ્ઞાન. જો કે શ્રી નંદીસૂત્ર વગેરેમાં મતિ પછી શ્રુત કહેલું છે, તો પણ અહીં શેષ જ્ઞાનોનું પણ સ્વરૂપ પ્રાયઃ શ્રુતને આધીન છે. એથી શ્રુતની પ્રધાનતા દર્શાવવા માટે શ્રુતને પ્રથમ લીધેલું છે. ૪

**એઅં પંચવિહં નાણં, દવ્વાણ ય ગુણાણ ય ।**
**પજ્જવાણં ચ સવ્વેસિં, નાણં નાણીહિં દેસિઅં ।૫।**

આ પાંચ પ્રકારનું જ્ઞાન, જીવ વગેરે દ્રવ્યોને, સહજ રૂપાદિ ગુણોને અને ક્રમજન્ય નવત્વ-પુરાણત્વાદિ પર્યાયોને દ્રવ્ય-ગુણ-અવસ્થા વિશેષ રૂપ સર્વને (કેવલ-જ્ઞાનની અપેક્ષાએ અહીં સર્વ શબ્દ સમજવો, કેમ કે-શેષ જ્ઞાનો પ્રતિનિયત પર્યાયગ્રાહક છે.) અર્થાત્ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણનારૂં જ્ઞાન છે-એમ કેવલી ભગવંતોએ કહેલ છે. ૫

**ગુણાણમાસઓ દવ્વં, એગદવ્વસ્સિઆ ગુણા ।**
**લક્ખણં પજ્જવાણં તુ, ઉભઓ અસ્સિઆ ભવે ।૬।**

જે ગુણોનો આધાર તે 'દ્રવ્ય' કહેવાય છે. આ કથનથી 'રૂપ વગેરે જ વસ્તુ છે', રૂપ વગેરે સિવાય વસ્તુ નથી,-આવા બૌદ્ધમતનું ખંડન થાય છે. જે એક દ્રવ્ય

રૂપ આધારમાં રહેલા હોય, તે 'ગુણ' કહેવાય છે. આ કથન દ્વારા જેઓ માત્ર દ્રવ્યને જ માને છે. તેના સિવાય રૂપ વગેરેને નથી માનતા, તેઓના મતનું ખંડન થાય છે. જે દ્રવ્ય અને ગુણમાં-બંનેમાં રહેલા હોય, તે 'પર્યાય' કહેવાય છે. ૬

**ધમ્મો અહમ્મો આગાસં, કાલો પોગ્ગલ જંતવો ।**
**એસ લોગુત્તિ પણ્ણત્તો, જિણેહિં વરદંસિહિં ।૭।**

(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) સમયાદિ આત્મક અદ્ધા-કાલ, (૫) પુદ્ગલાસ્તિકાય, અને (૬) જીવાસ્તિકાય-એમ છ દ્રવ્યો જાણવાં. પૂર્વોક્ત દ્રવ્યસમુદાય રૂપ લોક, વરદર્શી શ્રી જિનેશ્વરોએ બતલાવેલ છે. ૭

**ધમ્મો અહમ્મો આગાસં, દવ્વં ઇક્કિક્કમાહિઅં ।**
**અણંતાણિ અ દવ્વાણિ, કાલો પુગ્ગલજન્તવો ।૮।**

(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય-આ ત્રણ દ્રવ્યો એકેક છે-એકત્વ વિશિષ્ટ સંખ્યાવાળાં છે, તેમજ (૧) પુદ્ગલાસ્તિકાય, (૨) જીવાસ્તિકાય (૩) કાલ-આ ત્રણ દ્રવ્યો અનંતાનંત છે, અનંતત્વ વિશિષ્ટ સંખ્યાવાળાં છે-એમ શ્રીજિનેશ્વરોએ કહ્યું છે. કાલની અનંતતા અતીત-ભવિષ્યની અપેક્ષાએ સમજવી. ૮

**ગઇલક્ખણો ઉ ધમ્મો, અહમ્મો ઠાણલક્ખણો ।**
**ભાયણં સવ્વદવ્વાણં, નહં ઓગાહલક્ખણં ।૯।**

પોતે જ ગમનના તરફ પ્રવૃત્તિવાળા બનેલા જીવો અને પુદ્ગલોની દેશાન્તર પ્રાપ્તિ રૂપ ગતિમાં સહાય કરનાર 'ધર્માસ્તિકાય' દ્રવ્ય છે, સ્થિતિમાં પરિણત જીવ અને પુદ્ગલોની સ્થિતિ ક્રિયામાં ઉપકારી દ્રવ્ય 'અધર્માસ્તિ-કાય' દ્રવ્ય છે અને સર્વ દ્રવ્યોના આધાર રૂપ આકાશ અવકાશ લક્ષણવાળું છે યાને અવગાહવા પ્રવૃત્તિવાળા બનેલ જીવાદિને જગ્યા–અવકાશ આપનાર 'આકાશાસ્તિકાય' દ્રવ્ય છે. ૯

**વત્તણાલક્ખણો કાલો, જીવો ઉવઓગલક્ખણો ।**
**નાણેણ દંસણેણ ચ, સુહેણ ય દુહેણ ય ।૧૦।**

તે તે રૂપે વર્તે–થાય તે ભાવો કહેવાય છે. તે ભાવોના પ્રતિ પ્રયોજકત્વ રૂપ વર્તના લક્ષણવાળો 'કાલ' કહેવાય છે. વૃક્ષ વગેરેના પુષ્પોના ઉદ્ભેદ આદિના નિયમમાં હેતુ 'કાલ' છે. મતિજ્ઞાન વગેરે રૂપ ઉપયોગ રૂપી લક્ષણ-વાળો 'જીવ' કહેવાય છે. અર્થાત્ વિશેષગ્રાહી જ્ઞાન વડે, સામાન્ય વિષયવાળા દર્શન વડે, સુખ વડે અને દુઃખ વડે 'જીવ' લક્ષિત થાય છે–ઓળખાય છે. ૧૦

**નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।**
**વીરિઅં ઉવઓગો અ, એઅં જીવસ્સ લક્ખણં ।૧૧।**

વળી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય ઉપયોગ–આ લક્ષણો જીવ સિવાય બીજામાં રહેતાં નથી અર્થાત્ જીવ માત્રમાં રહે છે, માટે આ લક્ષણોથી જીવનો નિશ્ચય થાય છે. ૧૧

**સદ્દંધયાર ઉજ્જોઓ, પહા છાયાઽઽતવેઇ વા ।**
**વણ્ણરસગંધફાસા, પુગ્ગલાણં તુ લક્ખણં ।૧૨।**

ધ્વનિ (શબ્દ), અંધકાર, રત્ન વગેરેના પ્રકાશ રૂપ ઉદ્યોત, ચંદ્ર વગેરેની કાન્તિ રૂપ પ્રભા, શીતલતા ગુણવાળી છાયા, સૂર્યબિંબજન્ય ઉષ્ણ પ્રકાશ રૂપ આતપ (તડકો), કૃષ્ણ વગેરે વર્ણ, તીખો વગેરે રસ, સુગંધ વગેરે ગંધ અને શીત વગેરે સ્પર્શ–આ બધા સ્કંધાદિ પુદ્ગલોનું લક્ષણ (અસાધારણ ધર્મ) છે. ૧૨

**એગત્તં ચ પુહત્તં ચ, સંખા સંઠાણમેવ ય ।**
**સંજોગા ય વિભાગા ય, પજ્જવાણં તુ લક્ખણં ।૧૩।**

એકત્વ=ભિન્ન હોવા છતાં પણ પરમાણુ વગેરેમાં 'જે આ એક ઘટ આદિ છે'–આવી પ્રતીતિમાં કારણભૂત તે 'એકત્વ' કહેવાય છે. પૃથક્ત્વ=' આ આનાથી પૃથક્–ભિન્ન છે'–આ પ્રતીતિમાં નિમિત્ત તે 'પૃથક્ત્વ' કહેવાય છે. સંખ્યા=એક–બે–ત્રણ આદિ રૂપ પ્રતીતિમાં કારણ તે 'સંખ્યા' કહેવાય છે. સંસ્થાન=આ પરિમંડલ (ગોળ આકૃતિવાળો) છે. ઈત્યાદિ બુદ્ધિના કારણભૂત 'સંસ્થાન' કહેવાય છે. સંયોગ=' આ બે આંગળીનો સંયોગ' ઈત્યાદિ વ્યવહારના હેતુભૂત તે 'સંયોગ' કહેવાય છે. વિભાગ='આ આનાથી વિભક્ત છે'–આવી મતિના હેતુભૂત 'વિભાગ' કહેવાય છે. તથા નવ–પુરાણત્વ વગેરે પર્યાયોના લક્ષણો સમજવા. ૧૩

**જીવાઽજીવા ય બંધો અ, પુણ્ણં પાવાસવો તહા ।**
**સંવરો નિજ્જરા મોક્ખો, સંતેએ તહિઆ નવ ॥૧૪॥**

જીવ, ધર્માસ્તિકાયાદિ અજીવ, જીવ–કર્મના સંશ્લેષ રૂપ બંધ, શુભ પ્રકૃતિ રૂપ શાતા વગેરે રૂપ પુણ્ય, અશુભ પ્રકૃતિ રૂપ મિથ્યાત્વાદિ રૂપ, પાપ કર્મના ગ્રહણમાં હેતુ રૂપ હિંસાદિ રૂપ આશ્રવ, મહાવ્રત આદિથી આશ્રવનિરોધ રૂપ સંવર, વિપાકથી કે તપથી કર્મના નાશ રૂપ નિર્જરા, સકલ કર્મક્ષય રૂપ મોક્ષ–એમ આ નવ ભાવો સત્ય–તત્ત્વ રૂપ છે. અર્થાત્ આ નવ તત્ત્વો કહેવાય છે. ૧૪

**તહિઆણં તુ ભાવાણં, સબ્ભાવે ઉવએસણં**
**ભાવેણ સદ્દહંતસ્સ, સંમત્તં તિ વિઆહિઅં ॥૧૫॥**

આ જીવાદિ નવ તત્ત્વોને સત્ય રૂપે સત્ છે–એમ કહેનાર, ગુરૂ વગેરેના ઉપદેશને અંતઃકરણથી તહત્તિ કરી સ્વીકારનાર પ્રાણીને સમ્યક્ત્વમોહનીય ક્ષય વગેરેથી જન્ય આત્મપરિણામ રૂપ સમકિત અર્થાત્ જીવાદિ પદાર્થની શ્રદ્ધા રૂપ સમકિત હોય છે, એમ શ્રી જિનેશ્વરોએ કહ્યું છે. ૧૫

**નિસ્સગ્ગુવએસરુઈ, આણારુઇ સુત્ત–બીઅરુઇમેવ ।**
**અભિગમવિત્થારરુઇ, કિરિઆસંખેવધમ્મરુઇ ॥૧૬॥**

નિસર્ગરૂચિ=સ્વભાવથી તત્ત્વાભિલાષ રૂપ રૂચિવાળું સમ્યક્ત્વ, ઉપદેશરૂચિ=ગુરૂ વગેરેના કથન રૂપ ઉપદેશ-જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, આજ્ઞારૂચિ=સર્વવચન રૂપ આજ્ઞાથી જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, સૂત્રરૂચિ=આગમ

રૂપ સૂત્રથી જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, **બીજરૂચિ**=એક પણ વચન અનેક અર્થના પ્રબોધોત્પાદક વચન રૂપ બીજથી જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, **અભિગમરૂચિ**=વિજ્ઞાન રૂપ અભિગમથી જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, **વિસ્તારરૂચિ**=વિસ્તારથી જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, **ક્રિયારૂચિ**=અનુષ્ઠાન રૂપ ક્રિયામાં રૂચિવાળું સમ્યક્ત્વ, **સંક્ષેપરૂચિ**=સંગ્રહ રૂપ સંક્ષેપમાં રૂચિવાળું સમ્યક્ત્વ તથા **ધર્મરૂચિ**=શ્રુત-ધર્માદિ રૂપ ધર્મમાં રૂચિવાળું સમ્યક્ત્વ ૧૬

**ભૂઅત્થેણાહિગયા, જીવાઽજીવા ય પુણ્ણ પાવં ચ ।**
**સહસંમુઇઆસવસંવરો ય, રોએઇ ઉ નિસગ્ગો ।૧૭।**

નિસર્ગરૂચિ=જીવ, અજીવ, પુણ્ય પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ રૂપ નવ તત્ત્વોને અર્થાત્ પરોપદેશનિરપેક્ષ-જાતિસ્મરણ વગેરે રૂપ બુદ્ધિથી 'આ પદાર્થો સત્ય છે'-આવા નિર્ણયથી જાણેલા નવ તત્ત્વોને જે સદ્દહે છે, તે નિસર્ગરૂચિ રૂપ સમ્યક્ત્વવાળો કહેવાય છે. ૧૭

**જો જિણદિટ્ઠે ભાવે, ચઉવ્વિહે સદ્દહાઇ સયમેવ ।**
**એમેવ નન્નહત્તિ અ, નિસગ્ગરુઇત્તિ નાયવ્વો ।૧૮।**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ રૂપ ભેદોથી અથવા નામ વગેરે ભેદોથી ચાર પ્રકારના શ્રી જિનેશ્વરોએ જોયેલા પદાર્થોને સ્વયમેવ-બીજાના ઉપદેશ વગર જે 'જે પ્રકારે શ્રી જિનેશ્વરોએ જોયેલ જીવાદિ છે, તે એમજ છે-અન્યથા નહિ,'-આવી રીતિએ શ્રદ્ધા કરે છે, તે આત્મા 'નિસર્ગરૂચિ' કહેવાય છે. ૧૮

**એએ ચેવ ઉ ભાવે, ઉવઇટ્ઠે જો પરેણ સદ્દહાઈ ।**
**છઉમત્થેણ જિણેણ વ, ઉવએસરુઇત્તિ નાયવ્વો ।૧૯।**

ઉપદેશરૂચિ=છદ્મસ્થ કે જિન રૂપ પરથી ઉપદેશેલ પૂર્વોક્ત જીવાદિ પદાર્થોની જે શ્રદ્ધા કરે છે, તે 'ઉપદેશરૂચિ' જાણવો. ૧૯

**રાગો દોસો મોહો, અણ્ણાણં જસ્સ અવગયં હોઇ ।**
**આણાએ રોઅંતો, સો ખલુ આણારુઇ નામ ।૨૦।**

આજ્ઞારૂચિ=જેના રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન સર્વથા નષ્ટ થયા છે, એવા સર્વજ્ઞના વચન રૂપ આજ્ઞા (અથવા અંશતઃ રાગાદિ દોષ વગરના આચાર્ય વગેરેની આજ્ઞા) થી જ ક્યાંય કદાગ્રહ નહિં હોવાથી, માષતુષ મુનિ વગેરેની માફક 'જીવાદિ તત્ત્વો સત્ય છે'–આવી રૂચિવાળો આત્મા 'આજ્ઞારૂચિ' કહેવાય છે. ૨૦

**જો સુત્તમહિજ્જંતો, સુએણ ઓગાહઈ ઉ સમ્મત્તં ।**
**અંગેણ બાહિરેણ વ, સો સુત્તરુઇત્તિ નાયવ્વો ।૨૧।**

સૂત્રરૂચિ=જે સૂત્રને ભણતો, ભણાતા આચારાંગ આદિ અંગથી કે અનંગ પ્રવિષ્ટ રૂપ બાહ્ય ઉત્તરાધ્યયન વગેરે શ્રુત–શાસ્ત્રથી ગોવિંદવાચકની માફક સમ્યક્ત્વ પામે છે, તે સૂત્રરૂચિ' જાણવો. ૨૧

**એગેણ અણેગાઈં, પયાઈં જો પસરઈ ઉ સમ્મત્તં ।**
**ઉદયવ્વ તિલ્લબિંદુ, સો બીઅરુઇત્તિ નાયવ્વો ।૨૨।**

બીજરૂચિ=એક જીવાદિ પદથી અનેક અજીવાદિ પદોમાં જે શ્રદ્ધાને ફેલાવે છે; અર્થાત્ જેમ તેલનું બિંદુ પાણીના એક ભાગમાં રહેલું હોવા છતાં સકલ પાણીમાં વ્યાપ્ત થાય છે, તેમ એક દેશમાં ઉત્પન્ન રૂચિવાળો જીવ તથાવિધ ક્ષયોપશમથી સકલ તત્ત્વોમાં રૂચિવાળો થાય છે. આવા પ્રકારનો તે જીવ 'બીજરૂચિ' જાણવો. ૨૨

**સો હોઈ અભિગમરુઈ, સુઅનાણં જેણ અત્થઓ દિટ્ઠં ।**
**એક્કારસ અંગાઇં, પઇણ્ણગં દિટ્ઠિવાઓ અ ॥૨૩॥**

અભિગમરૂચિ=જે અર્થની અપેક્ષાએ અગિયાર અંગ રૂપ, ઉત્તરાધ્યયન વગેરે પ્રકીર્ણક રૂપ, દૃષ્ટિવાદ નામના બારમા અંગ રૂપ અને ઉપપાતિક આદિ ઉપાંગ રૂપ શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરે છે, તે આત્મા 'અભિગમરૂચિ' જાણવો. ૨૩

**દવ્વાણં સવ્વભાવા, સવ્વપમાણેહિં જસ્સ ઉવલદ્ધા ।**
**સવ્વાહિં નયવિહીહિં અ, વિત્થારરુઈત્તિ નાયવ્વો ॥૨૪॥**

વિસ્તારરૂચિ=જેણે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોના એકત્વ-પૃથક્ત્વ આદિ સકલ પર્યાય રૂપ સર્વ ભાવો, પ્રત્યક્ષ વગેરે સર્વ પ્રમાણોથી અને નૈગમ વગેરે નયભેદ રૂપ સર્વ નયવિધિઓથી જાણ્યા છે, તે આત્મા 'વિસ્તારરૂચિ' જાણવો.૨૪

**દંસણનાણચરિત્તે, તવવિણએ સચ્ચસમિઈગુત્તીસુ ।**
**જો કિરિઆ ભાવરુઈ, સો ખલુ કિરિયારુઈ નામ ॥૨૫॥**

ક્રિયારૂચિ=જે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં, તપ અને વિનયમાં તથા સત્ય એવી સમિતિઓ અને ગુપ્તિઓમાં

ક્રિયાભાવ રૂચિવાળો અર્થાત્ દર્શનાદિ આચાર અનુષ્ઠાનમાં જે આત્માની ભાવથી રૂચિ છે, તે આત્મા 'ક્રિયારૂચિ' જાણુવો. ૨૫

**અણુભિગ્ગહિઅકુદિટ્ઠિ સંખેવરુઇત્તિ હોઇ નાયવ્વો ।**
**અવિસારઓ પવઅણે, અણુભિગ્ગહિઓ અ સેસેસુ ।૨૬**

સંક્ષેપરૂચિ=જેણે સૌગત વગેરે મત રૂપ કુદષ્ટિનો સ્વીકાર કર્યો નથી, તે 'સંક્ષેપરૂચિ' જાણુવો. અર્થાત્ શ્રી જિનમતપ્રવચનમાં અકુશલ, કપિલ વગેરે રચિત પ્રવચનોમાં સનભિજ્ઞ, ચિલાતીપુત્રની માફક જે ત્રણ પદમાંથી તત્ત્વની શ્રદ્ધા કરે છે, તે 'સંક્ષેપરૂચિ' કહેવાય છે. ૨૬

**જો અત્થિકાયધમ્મં, સુઅધમ્મં ખલુ ચરિત્તધમ્મં ચ ।**
**સદ્દહઈ જિણાભિહિઅં, સો ધમ્મરુઈ તિ નાયવ્વો ।૨૭।**

ધર્મરૂચિ=જે ધર્માસ્તિકાય આદિ અસ્તિકાયોનો, ગતિ સહાય વગેરે ધર્મને, આગમ રૂપ શ્રુતધર્મને તથા સામાયિક વગેરે ભેદવાળા ચારિત્રધર્મને સદ્દહે છે અર્થાત્ પૂર્વોક્ત ધર્મની શ્રદ્ધા કરે છે, તે 'ધર્મરૂચિ' જાણુવો. ૨૭

**પરમત્થસંથવો વા સુદિટ્ઠપરમત્થસેવણા વાવિ ।**
**વાવણ્ણકુદંસણવજ્જણા ય, સમ્મત્તસદ્દહણા ।૨૮।**

તાત્ત્વિક જીવાદિ પદાર્થોના સ્વરૂપના વારંવાર ચિંતનથી કરેલ પરિચય રૂપ પરમાર્થ સંસ્તવ, પરમાર્થ જ્ઞાતા આચાર્ય આદિની યથાશક્તિ વૈયાવચ્ચ કરવા રૂપ

સુદૃષ્ટ પરમાર્થસેવા, વિનષ્ટ દર્શનવાળા નિહ્નવોનો અને કુદર્શની–બૌદ્ધ વગેરેનો ત્યાગ, જેના દ્વારા સમ્યક્ત્વનો નિશ્ચય થાય છે, તે ચાર સમ્યક્ત્વશ્રદ્ધાન રૂપ લિંગો છે. ૨૮

**નત્થિ ચરિત્તં સમ્મત્ત–વિહૂણં, દંસણે ઉ ભઇઅવ્વં ।**
**સમ્મત્તચરિત્તાઈં, જુગવં પુવ્વં વ સમ્મત્તં ।૨૯।**
**નાદંસણિસ્સ નાણં, નાણેણ વિણા**
**ન હોન્તિ ચરણગુણા ।**
**અગુણિસ્સ નત્થિ મોક્ખો,**
**નત્થિ અમોક્ખસ્સ નિવ્વાણં ।૩૦।**
**। યુગ્મમ્ ।**

જ્યાં સુધી સમ્યક્ત્વપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ભાવ-ચારિત્ર નથી, પરંતુ સમ્યક્ત્વ હોય તો ભાવચારિત્રની ભજના(વિકલ્પ) જાણવી. સમ્યક્ત્વ અને ચારિત્ર બંને એકી સાથે પેદા થાય છે. અથવા ચારિત્રની ઉત્પત્તિ પહેલાં સમ્યક્ત્વ પેદા થાય છે. જ્યારે એકી સાથે બંનેની ઉત્પત્તિ થાય, ત્યારે સમ્યક્ત્વ અને ચારિત્રનો સહભાવ સમજવો. જ્યારે પહેલાં સમ્યક્ત્વ થાય ત્યારે ત્યાં ચારિ-ત્રની ભજના સમજવી. વળી સમ્યક્ત્વરહિતને સમ્યગ્જ્ઞાન નથી. જ્ઞાન વગરના ચારિત્રગુણો નથી હોતા, (અહીં ચરણ એટલે વ્રત વગેરે અને ગુણો એટલે પિંડવિશુદ્ધિ વગેરે સમજવું.) પૂર્વોક્ત ચરણગુણરહિતને સકલ કર્મક્ષય રૂપ મોક્ષ નથી. જે કર્મથી મુક્ત નથી, તેને નિર્વાણપદની પ્રાપ્તિ નથી. ૨૯ થી ૩૦

નિસ્સંકિય નિક્કંખિય,

નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠિ અ ।

ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લ-પભાવણે અટ્ઠ ।૩૧।

દેશ અને સર્વશંકા રૂપ શંકિતનો અભાવ તે નિઃશંકિત આચાર, બીજા બીજા ધર્મોની અભિલાષા રૂપ કાંક્ષિતનો અભાવ તે નિષ્કાંક્ષિત આચાર, ફલ પ્રતિ સંદેહ રૂપ વિચિકિત્સાનો અથવા જ્ઞાનવંત સાધુઓની નિંદા રૂપ જુગુપ્સાનો અભાવ તે નિર્વિજુગુપ્સ આચાર, ઋદ્ધિમાન કુતીર્થિકોના દર્શનમાં પણ અમારું દર્શન નિંદ્ય છે–આવા મોહથી શુન્ય એવી જે બુદ્ધિ રૂપ દૃષ્ટિ તે અમૂઢદૃષ્ટિ આચાર, દર્શન વગેરે ગુણવંતોની પ્રશંસાથી તે તે ગુણોના પરિવર્ધન રૂપ ઉપબૃંહા આચાર, સ્વીકારેલા ધર્મના અનુષ્ઠાન પ્રતિ સીદાતા જનોની સ્થિરતાના સંપાદન રૂપ સ્થિરીકરણાચાર, ધાર્મિક જનની ઉચિત સેવા કરવા રૂપ વાત્સલ્યાચાર અને સ્વતીર્થની ઉન્નતિની ક્રિયાઓમાં પ્રવૃત્તિ તે પ્રભાવના, આ આઠ દર્શનાચારો હોય છે. ૩૧

સામાઇઅત્થ પઢમં, છેઓવટ્ઠાવણં ભવે બીઅં ।

પરિહારવિસુદ્ધીઅં, સુહુમં તહ સંપરાયં ચ ।૩૨।

એકસાથ-અહક્ખાયં, છઉમત્થસ્સ જિણસ્સ વા ।

એઅં ચયરિત્તકરં ચારિત્તં હોઈ અહિઅં ।૩૩।

। યુગ્મમ્ ।

સર્વ સાવદ્ય યોગના પરિહાર રૂપ સામાયિક નામક પ્રથમ ચારિત્ર, છેદોપસ્થાપના (વડી દીક્ષા) નામક બીજું ચારિત્ર પરિહારવિશુદ્ધિ નામક ત્રીજું ચારિત્ર, સુક્ષ્મસંપરાય નામક ચોથું ચારિત્ર અને કષાયના ઉદય વગરનું ક્ષમિત-ઉપશમિત કષાયની અવસ્થામાં થનારું યથાખ્યાત નામક પાંચમું ચારિત્ર, ઉપશાન્તમોહ-ક્ષીણમોહ ગુણસ્થાન દ્વયવર્તી છદ્મસ્થને અથવા સયોગી-અયોગી ગુણસ્થાન દ્વયસ્થાયી કેવલી-જિનને હોય છે. આ પૂર્વોક્ત પાંચ ભેદોવાળું ચારિત્ર એટલે ચય-કર્મરાશિ, રિક્ત-અભાવ અર્થાત્ કર્મરાશિના અભાવના હેતુભૂત ચારિત્ર, શ્રી જિન આદિ મહાપુરુષપુંગવોએ કહેલ છે. ૩૨ થી ૩૩

**તવો અ દુવિહો વુત્તો, બાહિરબ્ભિતરો તહા ।**
**બાહિરો છવ્વિહો વુત્તો, એવમબ્ભિતરો તવો ।૩૪।**

તપ, બાહ્ય-અભ્યંતર રૂપે બે પ્રકારનો કહેલો છે. બાહ્ય તપ છ પ્રકારનો અને અભ્યંતર તપ છ પ્રકારનો કહેલો છે. ૩૪

**નાણેણ જાણઈ ભાવે, દંસણેણ સદ્દહે ।**
**ચરિત્તેણ ન (ચ) ગિણ્હાઇ, તવેણ પરિસુજ્ઝઈ ।૩૫।**

શ્રુત વગેરે જ્ઞાનથી આત્મા, જીવ વગેરે ભાવોને જાણે છે અને દર્શનથી તેજ ભાવોની શ્રદ્ધા (નિર્ણય) કરે છે, તેમજ આશ્રવદ્વારનિરોધ રૂપ ચારિત્રથી કર્મને ગ્રહણ કરતો નથી, તથા તપથી પૂર્વે ભેગા કરેલ કર્મોનો ક્ષય કરી શુદ્ધ થાય છે. ૩૫

ખવિત્તા પુવ્વકમ્માઈં, સંજમેણ તવેણ ય ।
સવ્વદુક્ખપહીણટ્ઠા, પક્કમંતિ
મહેસિણો ત્તિબેમિ ।૩૬।

સંયમ અને તપથી પૂર્વકર્મોને ખપાવી, સર્વ દુઃખોથી શૂન્ય એવા મોક્ષની યાચનાવાળા અથવા સર્વ દુઃખો અને કાર્યો જેઓના અત્યંત ક્ષીણ-સમાપ્ત થયા છે, એવા મહર્ષિઓ મુક્તિને વરે છે-પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે હે જંબૂ! હું કહું છું. ૩૬

**અટ્ઠાવીશમું શ્રી મોક્ષમાર્ગગતિ અધ્યયન પૂર્ણ.**

# છપાયેલ પુસ્તકોની યાદી

## કાવ્ય વિભાગ

૧ કલ્યાણક સ્તવન ટોડર
ચૈત્યવંદનથયથુઇ સજઝાયમાળા
૮/૪૮/૪૯/૭૮/૧૧૧/૨૦
૧૧૦/૫૩/૬૧/૯૫/૧૭૫
વિવિધ પૂજાસંગ્રહ અર્થ સાથે
૯૧ થી ૯૪/૧૧૭
૧૦ સમકિતના સડસઠ બોલની
સજ્ઝાય અર્થ સાથે
૧૩ ભક્તામર અર્થ કથા સહિત
૧૬ પ્રકરણ ભાષ્યસાર
૧૪/૧૮/૫૦ છ કર્મગ્રંથસાર
૫૭/૧૮૦ બૃહદસંગ્રહણી સાર્થ
૭૩ નવસ્મરણ મૂળ
૭૫ લઘુક્ષેત્ર સમાસ અર્થ
૧૬૪ સામાયિક સ્વરૂપ
૧૦૦ દેવચંદ્રજી ચોવીશી સાર્થ
૯૮ પ્રશમરતિસાર્થ
૧૦૩ જ્ઞાનસાર સાર્થ
૧૦૫ વીતરાગસ્તોત્ર સાર્થ
૧૦૨ શાન્ત સુધારસ સાર્થ
૧૧૪ દશવૈકાલિક સૂત્રાર્થ
૧૧૫ સ્વાધ્યાય સંગ્રહ
૧૧૬ ભક્તામર કલ્યાણ મંદિરસાર્થ
૧૮૧ યોગશાસ્ત્ર
૧૭૦/૧૭૧ સ્તવન ચોવીશી સાર્થ
ભાગ૧-૨
૧૩૬ સંબોધસિત્તરી

## દ્રવ્યાનુયોગ તત્ત્વજ્ઞાન વગેરે

૨૧ ભોગોપભોગ વિરમણ વ્રત
૨૪/૫૪ ભૂર્ભુવઃસ્વ. ભા. ૧/૨
૫૧ જૈન દર્શનને શ્રાવકદિન કૃત્ય
જૈન ધર્મ પ્રવેશક ભા. ૧ થી ૭
૫૮/૬૯/૮૨/૧૪૮/૧૪૯/૧૭૩/૧૭૪
૬૨ ઉપદેશ સીતરી
૬૩ સહસ્રકૂટ નામાવલી
૭૪/૧૬૩ નવપદ મહાત્મ્ય
૯૭ આગમ સાર
૧૦૧ પારસમણિ
૮૧ નવકારના જાપની નોંધ
૧૧૮ ષદ્દ્રવ્યાત્મક જગત
૧૩૯ શ્રાવક ધર્મ
૧૪૦ ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
૮૪/૮૫/૮૬ જૈન પ્રશ્નોત્તરી ભા.૧/૨/૩
૭૭/૧૬૭ સાધુ સાધ્વી આવશ્યક
સૂત્રાર્થ
૮૭ બે પ્રતિક્રમણ અને પ્રકીર્ણ સંગ્રહ
૮૨ તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૩૩ ભક્તિ મુક્તિ પર્યુષણ પર્વમાળા
૩૯ નેમિ વિવાહલો
૧૪૩ પ્રશાંતરસ ઝરણાં
૧૪૬ પંચસૂત્રાદિ સંગ્રહ
ઉત્તરાધ્યયન સૂત્રાર્થ ભાગ૧થી ૪
૧૬૬/૧૮૨/૧૮૩/૧૮૪
૧૭૭ હરીઆળી

# અભિપ્રાયો

અકલંક ગ્રંથમાળા તરફથી પ્રગટ થતા કથા સાહિત્યનાં પુસ્તકો ઉપરાંત અન્ય વિષયનાં પુસ્તકો સામાન્ય માણસને પણ ઉપયોગી થઈ શકે તેમ છે આવાં પુસ્તકોના પ્રકાશનની જરૂરીઆત છે મને આપની જ્ઞાનની પ્રવૃતિથી આનંદ થાય છે.

લિ. પૂ. આ. શ્રી અભયદેવસૂરિ તા. ૧-૭-૬૨

અમારા પરમશ્રુત શાસનપ્રેમી અને ધરખમ પ્રચારક તપસ્વી મુનિ અકલંક વિજયજીએ પુસ્તક પ્રકાશનનો ભારે યજ્ઞ માંડયો છે. હું એમના પ્રચંડ પુરૂષાર્થને જોઈને આનંદ અનુભવું છું.

લિ. પૂ. આ. શ્રી યશોદેવ સૂરિ પાલીતાણા, તા. ૫-૮-૬૨

તમારી શ્રુતિભક્તિ અવર્ણનીય છે. તપસ્યાની સાથે સમ્યગ્જ્ઞાનની લગની અને લાગણી અપૂર્વ છે. આપના પુસ્તકો ઘણાં ઉપયોગી છે.

લિ. પૂ. આ. શ્રી ધનેશ્વરસૂરિ અહમદનગર તા. ૩૧-૭-૬૨

જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના ભવ્ય વારસા સામગ્રીરૂપ અકલંક ગ્રંથમાળા તરફથી પ્રગટ થતાં પુસ્તકો આબાલગોપાળને શ્રુતજ્ઞાનની આત્મોન્નતી તરફને અનન્ય પ્રેરક માહિતિ ઉપલબ્ધ થાય છે સામાન્ય વાચકથી આરંભીને વિદ્વાન વર્ગને પણ એમનાં પુસ્તકો દ્વારા જ્ઞાન સંપાદન કરવાની અમૂલ્ય તક મળી રહે છે આ પુસ્તકો પોકેટ બુકની ગરજ સારે તેવાં હોવાથી સત્સંગ અને સ્વાધ્યાયનો અનેરો આનંદ આપે તેવા છે.

લિ. ડૉ. કવિન શાહ બીલીમોરા તા. ૧૦-૧૦-૬૨

આપશ્રી સરળ ભાષામાં સાહિત્યનું સર્જન કરીને જ્ઞાનનો લાભ આપી રહ્યા છો તેની જૈન સમાજને ખરેખર આવશ્યકતા છે. આપશ્રીનું પ્રકાશન કાર્ય જ્ઞાન જ્યોતને જલતી રાખી ભવ્યાત્માઓના આત્મકલ્યાણમાં ઉપકારક નીવડે એવી અભિલાષા છે.

પ્રો. કુમુદચંદ્ર ગોકળચંદ શાહ તા. ૧૨-૩-૬૩